

ભાગ-૩

# સંસ્કૃતિની રસધાર

પૂ.આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૬૧

# સંસ્કૃતિની રસધાર

## ભાગ-૩

માનવતાનું મહિમાગાન કરતા ૧૫ પ્રસંગો

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨



લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



| | | |
|---|---|---|
| નામ | : | **સંસ્કૃતિની રસધાર**<br>**ભાગ-3**<br>**Sanskruti's Rasdhar**<br>**Part-3** |
| પ્રકાશન | : | વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| સાહિત્યસેવા | : | ૪૦-૦૦ |
| પૃષ્ઠ | : | ૮ + ૧૨૦ |
| પ્રતિ | : | ૨૦૦૦ |

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત.(મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન: 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ

## સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુર્ષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**


**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઇ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઇ
- મનુભાઇ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઇ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઇ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઇ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઇ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઇ
- ભાઇ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઇ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઇ ગાંધી - મુંબઇ
- અ.સૌ. ઇન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઇ જે. શેઠ તથા મનોજભાઇ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઇ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઇ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઇન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઇ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રુપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સંસ્કૃતિ-નિષ્ઠ સંન્યાસી પણ કેવો સાત્ત્વિક હોય ? | ૧ |
| ૨ | વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે | ૧૩ |
| ૩ | કાં દિલગીરી, કાં દંડ | ૧૭ |
| ૪ | રાજા અને નેતા વચ્ચે આભ-ગાભ જેવું અંતર | ૨૨ |
| ૫ | સત્ અને સાધનાની સમર્થતા | ૨૭ |
| ૬ | કેવું વિરલ પ્રજા-વાત્સલ્ય | ૩૫ |
| ૭ | શરણાગત સસલાની રક્ષા કાજે | ૪૪ |
| ૮ | કોહિનૂર : પ્રકાશનો પર્વત કે અંધારનો ઓથાર ? | ૪૯ |
| ૯ | નહિ નમવાની નેકટેક સમક્ષ નમતું તોળતા નવાબ | ૫૫ |
| ૧૦ | નવાબનો આશ્ચર્યકારી દિલ-પલટો | ૬૨ |
| ૧૧ | વણિક કેવો વીર અને કેવો વફાદાર ? | ૭૩ |
| ૧૨ | અનોખી અડગતા | ૯૫ |
| ૧૩ | અખાના ચાબખાનું પ્રેરક બળ | ૧૦૦ |
| ૧૪ | દરિયાવ-દિલ દરબાર | ૧૦૬ |
| ૧૫ | કલ્યાણકારી કમાણી | ૧૧૪ |

## સંસ્કૃતિ-નિષ્ઠ સંન્યાસી પણ કેવો સાત્ત્વિક હોય ?

### ૧

'राजा-राणी मिले या न मिले उसमें आनंदघन कुं क्या ?' આવી નીડરતા-નિઃસ્પૃહતા ધરાવનારા ઘણા ઘણા અવધૂત આનંદઘનો જૈન શાસનના ઇતિહાસમાં આલેખાઇને અમર બની ગયેલા જોવા મળે છે. જૈન-સાધુત્વ માટે તો આવી ખુમારી, નીડરતા અને નિઃસ્પૃહતા સાવ સહજ ગણાય, પરંતુ આર્ય તરીકે પણ આવકારાતી સંસ્કૃતિ અને સંસ્કારોના વારસામાં ઉછરેલા કેટલાક સંન્યાસીઓની નીડરતા-નિઃસ્પૃહતાના પ્રસંગો જ્યારે વાંચવા મળે, ત્યારે આર્ય અને ભારતીય તરીકે પ્રતિષ્ઠિત સંસ્કૃતિના સંસ્કારોથી સુવાસિત એ સંન્યાસીઓનાં જીવનમાં પણ ખળભળતી ખુમારીનાં થતાં દર્શનથી અંતર અહોભાવિત બન્યા વિના નથી રહેતું.

આજથી સો સવાસો વર્ષો પૂર્વે જામનગર આસપાસના પ્રદેશમાં 'મહાત્મા ગોદડ બાપુ' તરીકે પ્રસિદ્ધ એક વ્યક્તિત્વને જો થોડાઘણા અંશે ઓળખવાનો પ્રયાસ કરીશું, તો જામ વિભાજી જેવા જામનગર-નરેશ તથા કર્નલ લેક જેવા અંગ્રેજ અફસરનેય મોઢામોઢ સાચું સુણાવી દેવાની એમની સત્યનિષ્ઠા તેમજ સિંહ સમી સાત્ત્વિકતા પર હૈયું ઓળઘોળ બનીને ઓવારી ઊઠ્યા વિના નહિ જ રહે. આવા થોડા પ્રસંગોમાં ડોકિયું કરતાં પૂર્વે 'ગોદડિયા બાપુ' તરીકેની પણ રૂઢ થયેલી એમની ઓળખાણનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું, તો એમની

નિઃસ્પૃહતાનું નખશિખ ચિત્ર આંખ સમક્ષ હૂબહૂ ઊપસી આવ્યા વિના નહિ જ રહે.

મૂળ યૂ.પી. પ્રદેશના વતની 'ગોદડિયા બાપુ'નું ઘણુંખરું જીવન જામનગર આસપાસના પ્રદેશમાં જ વીત્યું હતું. સન્ ૧૮૫૭ માં ભારતમાં અંગ્રેજોની સામે થયેલ બળવામાં એઓ સક્રિયતા પૂર્વક જોડાયા હતા. અંગ્રેજો સામે ઘણી ઘણી લડત વીરતાપૂર્વક લડનારી એમની કર્મઠ યુવાકાયા પર અનેક ઘાનાં નિશાન જોવા મળતાં હતાં રૂઝાઈ ગયા હોવા છતાં એ ઘા મૂકપણે દેશ દાઝના ગીત ગાવાપૂર્વક અંગ્રેજોની બેવફાઈના મરશિયા પણ ગાયા વિના ન રહેતા, જેથી એક આંખમાં લાગણીના આંસુ છલકાઈ ઉઠતા, તો બીજી આંખમાંથી લોહીની આંસુધાર ધડધડ કરતી વહી નીકળ્યા વિના ન રહેતી. એ બળવો સફળ થયો હોત, તો ભારતનો ઈતિહાસ કોઈ જુદો જ વાંચવા મળત, પણ રાજવીઓની આપસી લડાઈ, અંગ્રેજોની ગોઝારી કૂટનીતિ અને એમને મળેલા માલેતુજારોના સક્રિય સાથના કારણે એ બળવો નિષ્ફળ નીવડતાં દેશદાઝથી થનગનતા અનેક નવલોહિયાઓને ફાંસીને માંચડે ચડવું પડ્યું, તેમજ કેટલાય યુવકોને તોપના ગોળે ઉડાડી દેવાયા. એથી કારમો આઘાત અનુભવીને યૂ.પી.ના એ દેશસેવકના જીવનની સંપૂર્ણ દિશા એક જ ઝાટકે પલટાઈ ગઈ. અંગ્રેજોની સામે કતરાતી રહેતી એમની વૃત્તિ-પ્રવૃત્તિ આ પછી આંતરશત્રુઓ સામે કતરાવા માંડી. એની સતત પ્રતીતિ જાતને તથા જગતને થયા કરે, એ માટે એમણે ભગવા વાઘા ધારણ કર્યા અને સંન્યાસી તરીકેનું જીવન જીવવા માંડ્યું. હિમાલય આસપાસના પ્રદેશમાં દસકા સુધી પરિભ્રમણ કરીને દ્વારકાની યાત્રા કર્યા બાદ તેઓ જામનગર આસપાસના પ્રદેશમાં આવ્યા.

જાંબુડા-ખીજડિયા નામના એક ગામડાનું વાતાવરણ યૂ.પી.ના એ સંન્યાસીના મનને ભાવી ગયું. વળી થોડા જ દિવસના સત્સંગથી ભાવિત બનેલા ગ્રામવાસીઓ તરફથી પણ સામેથી જ આગ્રહ થતા જાંબુડામાં

જ નાનકડો આશ્રમ સ્થાપીને સ્થિર રહેવાનો એમણે નિર્ણય કર્યો. થોડા જ સમયમાં આશ્રમ તૈયાર થઇ જતા એમની નિઃસ્પૃહ તરીકેની કીર્તિની સાથે સાથે ભક્તવર્ગની પણ વૃદ્ધિ થવા માંડી. વસ્ત્રમાં તેઓ માત્ર એક કંથા જ રાખતા, એ ગોદડી જેવી હોવાથી ધીમે ધીમે તેઓ 'ગોદડિયા બાપુ' તરીકેના હુલામણા નામે ઓળખાવા માંડ્યા. થોડાંક જ વર્ષોમાં એમની નામના કામના આસપાસના પ્રદેશમાં ફેલાતી છેક જામનગરના રાજમહેલમાં પણ ફેલાવો પામતી ગઈ.

'ગોદડિયા બાપુ'નો જીવ અસલમાં રાજકારણનો રસિયો અને અનુભવી હતો. એથી જામનગર નરેશ જામ વિભાની જેમ અંગ્રેજ અફસર કર્નલ-લેકના ગુણ-અવગુણથી સુપરિચિત બની જતા એમને વાર ન લાગી. એથી એમના મનમાં ઊંડે ઊંડે એવી ઝંખના રહ્યા કરતી કે, જામ વિભા કે કર્નલ લેકનો ક્યારેક ભેટો થઈ જાય, તો સાચેસાચું સંભળાવી દીધા વિના ન રહેવું.

જામ વિભા આમ તો ગુણોના ભંડાર સમા હતા. પણ એમને શેર માટીની ખોટ સાલ્યા કરતી હતી, એથી પુત્રની પ્રાપ્તિ માટે એમણે એક મુસ્લિમ બાનુ સાથે લગ્ન કર્યા હતા અને અંતઃપુરને અભડાવ્યું હતું. એમનો આ એક દોષ એવો જોરદાર હતો કે, એમના બીજા બીજા ગુણોની ધવલતા પર એ દોષના કારણે કારમી કાલિમા છવાઇ જવા પામી હતી. વાંઝિયામેણું ટાળવા જામ વિભાએ કરેલા અનેકાનેક પ્રયત્નો જ્યારે સફળ ન જ નીવડ્યા, ત્યારે એક દહાડો એમના મનમાં મનોરથ જાગ્યો કે, ગોદડિયા બાપુ પ્રભાવશાળી છે, એમની કૃપા વરસી જાય, તો કદાચ શેર માટીની ખોટની પૂર્તિ થઈ જાય !

એક વાર જામ વિભા ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં જાંબુડા તરફ આગળ નીકળી ગયેલા એમના કાને 'ગોદડિયા બાપુ'નું નામ અથડાતા જ એમણે વજીરને કહ્યું કે, ચાલો, આટલા સુધી આવ્યા છીએ, તો આ આંટાને સફળ બનાવવા બાપુને મળતા આવીએ.

વજીરને પણ વિચાર આવ્યો કે, બાપુની કૃપા ઊતરી જાય, તો કદાચ જામ વિભાનું વાંઝિયામેણું ટળી જાય, એથી વજીરે જામ વિભાની વાત સ્વીકારી લીધી. સૌ બાપુની સમક્ષ ઉપસ્થિત થઈ ગયા. બાપુ જામ વિભાને ઓળખી ગયા. સાચું સંભળાવી દેવાની તકને ઝડપી લેવાની ભૂમિકા રચતા એમણે કહ્યું : આ પ્રદેશમાં વિચરતાં તમારું નામ તો ઘણી ઘણીવાર સાંભળવા મળતું રહ્યું હોવાથી રૂબરૂ મળવાનો મનોરથ જાગ્યો હતો. અણધારી થતી મનોરથ પૂર્તિનો આનંદ તો કોઈ ઓર જ હોય છે.

જામ વિભા જે વાત કરવા આવ્યા હતા, એની ભૂમિકા રચતા એમણે પણ જવાબ વાળ્યો : બાપુ ! આપની ગુણસુવાસ ચોતરફ ફેલાયેલી છે, એથી સત્સંગ કરવાનો મનોરથ દિવસોથી દિલની દુનિયામાં દોડાદોડ મચાવી રહ્યો હતો, એ મનોરથની પૂર્તિ આટલી જલદી થવા પામશે, એની તો કલ્પના જ નહોતી. આપના પ્રગટ પ્રભાવની ઘણી ઘણી વાતો સાંભળવા મળી છે. અનુજ્ઞા હોય તો હું મારી એક સમસ્યા રજૂ કરવા માંગું છું. દુનિયા મને ભરતીથી ભર્યો ભર્યો માને છે. પણ મને એક ખોટ એવી સાલી રહી છે કે, એ ભરતીનો ભોગવટો હું કરી શકતો નથી.

લોકમાનસના ઊંડા અભ્યાસી ગોદડિયા બાપુને એ સમજી જતાં વાર ન લાગી કે, શેર માટીની ખોટ જ ઓટ રૂપે સાલતી હોવી જોઈએ. એમણે કહ્યું કે, 'વસુધૈવ કુટુમ્બકં'ના સંસ્કૃતિ-સંદેશ પર જેને શ્રદ્ધા હોય, એને કોઈ એકાદ વાનાની ખોટ તો સાલે જ નહિ ને ?

બાપુનો એ સંકેત જામ વિભા સમજી જ ગયા કે, પ્રજાને જ પુત્રવત્ નિહાળવાથી શેર માટીની ખોટ સાલશે નહિ. આમ છતાં સંકેત ન સમજાયો હોય, એવો દેખાવ-ભાવ વ્યક્ત કરતા એમણે ચોખવટ કરી: 'બાપુ ! સંસારીને મન શેર માટીની ખોટ એવી ઓટ ગણાતી હોય છે કે, જે તમામ ભરતીઓને ઓટમાં ફેરવી નાખ્યા વિના ન રહે.

બાપુએ બોધના એ બોલને આગળ વધારતાં જણાવ્યું કે, માણસ માત્ર મનોરથના રથ દોડાવવાનો જ અધિકારી ગણાય. એ મનોરથની સફળતા કોઇ ગેબી શક્તિની કૃપાને જ આધીન હોય છે. માટે આવા વિષયમાં માનવે સુખી રહેવું હોય, તો પુત્રને જ પરિવાર ન માનતા પ્રજા-પરિવારનું પુત્રની જેમ પાલન-પોષણ કરવું જોઈએ.

બોધના આ બોલને શિરોધાર્ય કરતા વજીરે જણાવ્યું કે, બાપુ ! આપની વાત સો ટચના સોના જેવી હોવાથી સ્વીકાર્ય છે. પણ પ્રજાનો અંતર્નાદ એવો છે કે, યુવરાજનું મોઢું જોવા મળે, તો ભાવિ રાજવી બદલ સંતોષનો શ્વાસ લઇ શકાય. પ્રજાના આવા અંતર્નાદને નજર સમક્ષ રાખીને જ રાજવી આપની કૃપા ઇચ્છી રહ્યા છે. આપની પર એમને પૂરેપૂરી શ્રદ્ધા-આસ્થા છે કે, આપ ઇચ્છશો, તો રાજવીના મહેલે જરૂર પારણું બંધાઈ જશે.

સાચું સંભળાવી દેવાની તક સામેથી આવતા હવે બાપુ કંઇ ઝાલ્યા રહે ખરા ? એમણે વ્યંગમાં કહ્યું કે, મારા જેવા સાધુસંતો પર કેટલો વિશ્વાસ છે, એ તો તમારા રાજવીએ શેર માટીની ખોટ પૂરી કરવા મુસલમાન જેવા કુળની બાનુને અંતઃપુરમાં ઘાલીને અને મહારાણી જેવા પદે બેસાડી દઇને જ પુરવાર કરી આપ્યું છે. આવા અશ્રદ્ધાળુ પર સંતો-સંન્યાસીઓ કદી કૃપા કરે જ નહિ અને કદાચ કોઇની કૃપા વરસી જાય, તો એ ફળે તો નહિ જ ! આટલું કાળજે કોતરી રાખજો. પુત્રની ઘેલછા પાછળ પાગલ બનીને તમારા રાજવીએ જે રીતે અંતઃપુરને અભડાવ્યું છે, અને પોતાના પૂર્વજોની કીર્તિનેય કલંકિત કરી દીધી છે, એ કીર્તિને હવે કોઇ જ પ્રક્ષાલિત કરી શકે એમ નથી. હા, તમારા રાજવી હજી સાનમાં સમજી જાય અને આટલેથી જ અટકી જાય, તો એ કીર્તિ પર કાળા કૂચડાના વધુ થર ચડતા જરૂર અટકી શકે. અંગ્રેજોએ ઢંઢેરામાં દત્તક દીકરો લેવાની જે છૂટ આપી છે, એ રીતે થોડાક દોકડા વેરી દઇને દત્તક દીકરો લઇ લીધો હોત, તોય કીર્તિ ઓછી કલંકિત

થાત. વજીરજી ! આટલામાં તમે બધું સમજી જઇ શકો છો.

સણસણતા બાણ સમી અને ધનુષ્યના ટંકાર સમી આ સાચી વાત સાંભળીને જામ-વિભા અને વજીર સન્ન જ રહી ગયા. એમનો સ્વાર્થ ઘવાતો હતો, એથી આ સાચી વાત એમને ગમી તો નહિ, પણ આવી સત્યનિષ્ઠા સાચવવા બદલ ગોદડિયા બાપુનું સ્થાનમાન એમના હૈયામાં તો પ્રતિષ્ઠિત થઇ જ ચૂક્યું.

જામનગરમાં જામ વિભાનાં સત્તાસૂત્રો ચાલતાં, ત્યારે રાજકોટમાં અંગ્રેજ અફસર તરીકે કર્નલ લેકની હાકધાક વરતાતી હતી. બંને વચ્ચે ખૂબ જ સારા અંગત સંબંધો હતા. બંને જ્યારે જ્યારે મળતા, ત્યારે ગોદડિયા-બાપુ અંગેની વાતો થયા વિના ન જ રહેતી. કેમ કે જામ વિભા બાપુને એક જ વાર મળ્યા હોવા છતાં પોતાની જરાય શેહશરમમાં તણાયા વિના એ બાપુએ વનરાજની અદાથી સાવ સાચી જે વાતો જે રીતે સંભળાવી દીધી હતી, એના પડઘા અવારનવાર ગુંજ્યા જ કરતા હતા, એથી બાપુની નિઃસ્પૃહતા, સાત્વિકતા વગેરે અનેક ગુણોથી પ્રભાવિત કર્નલ લેકના મનમાં 'ગોદડિયા બાપુ'ની મુલાકાત લેવાની ભાવના ઘૂંટાયા જ કરતી હતી, એક વાર એમને એવો વિચાર આવ્યો કે, ફુરસદ મળતાં મુલાકાત ગોઠવવા કરતા ફુરસદ મેળવીને મુલાકાત ગોઠવીશ, તો જ બાપુને મળવાનો મનોરથ ફળીભૂત બનશે. એથી એક દિ' ખાસ આ માટે જ એઓ રાજકોટથી જામનગર આવ્યા.

ગોદડિયા બાપુની મુલાકાત લેવાનો મનોરથ જ્યારે કર્નલ લેકે જામ વિભા સમક્ષ વ્યક્ત કર્યો, ત્યારે જામ વિભાને એક વાર તો એવો વિચાર આવી ગયો કે, બાપુનું નિર્ભીક અને નૈષ્ઠિક વ્યક્તિત્વ કર્નલ લેકથી ખમી શકાશે ખરું ? એમણે આડીઅવળી વાતો કરીને મુલાકાતનો મનોરથ મૂરઝાઇ જાય, એ માટેનો પ્રયત્ન કરી જોયો, પણ કર્નલ લેક મુલાકાત માટે મન મક્કમ કરીને આવ્યા હોવાથી અંતે જામ વિભાને એ પ્રસ્તાવ વધાવી જ લેવો પડ્યો. વજીરને વચમાં રાખીને બાપુ સાથેની

મુલાકાત નક્કી થઇ. બાપુનો અંગ્રેજી ભાષા પરનો કાબૂ સારામાં સારો હતો, એથી દુભાષિયો રાખ્યા વિના જ મળવાનું નક્કી થયું. સૌ જાંબુડા પહોંચી ગયા. કર્નલ લેકે મનમાં એવી ધારણા કરી રાખી હતી કે, બાપુનો આશ્રમ આલીશાન હશે અને નોકરચાકરનો ઠાઠ ઠઠારો પણ જોરદાર હશે ? પરંતુ ધાર્યા કરતા કર્નલ લેકને જુદું જ જોવા મળ્યું. બાપુ જમીન પર બેઠા હતા. એથી જામ વિભા, કર્નલ લેક અને વજીરને પણ જમીન પર જ બેસી જવું પડ્યું. વાતચીતનો દોર શરૂ થતા બાપુના આંતર-બાહ્ય બંને સ્વરૂપો કર્નલ લેકના દિલદિમાગ પર છવાઇ ગયા. અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વે અને વાતચીતના વિષયે તો કર્નલ લેકને એવો વિચાર કરતા કરી મૂક્યા કે, બહારથી બાવા જેવા જણાતા આ બાપુના અંતરમાં કાવાદાવાનો અઠંગ ખેલાડી અને રાજકારણનો રસિયો જીવ જરૂર છુપાયો લાગે છે. આમની નજર સમક્ષ જ સન્ ૧૮૫૭નો બળવો ખેલાયો હોવો જોઈએ.

કર્નલ લેકની વિચાર શૂન્ય અને અન્ય મનસ્ક મુખમુદ્રા જોતા જ બાપુને ચોક્કસ એવી પ્રતીતિ થવા માંડી કે, આ કર્નલ મને અત્યારે જ ગુપ્ત સૈનિકો દ્વારા પકડાવી ન પાડે, તો સારું. દગા અને પ્રપંચમાં જ રચ્યા પચ્યા રહેનારને આવા જ વિચાર આવે, એમાં આશ્ચર્ય શું ? નિર્નિમિત્તક આવી ગભરામણ દૂર કરવા માટે સત્યનું પ્રકાશન કરવું જ જોઇએ. સાચું સંભળાવવા બદલ આ અંગ્રેજ કરી કરીને શું કરી શકવાનો હતો કે, મારે એની ચાપલૂસી કરવી પડે. કર્નલની જીભ પરથી જે વાત નીકળી ન હતી, પરંતુ એના કાળજામાં તો જે ઘૂંટાઈ રહ્યું હતું, એ વિષયની જ ચોખવટ કરતા બાપુએ હિંમતભેર કહ્યું.

'કાવાદાવા અને માયામાં જ રાચનારને સાધુ-સંન્યાસીઓ પણ માયાવી અને કપટી ભાસ્યા વિના ન જ રહે. પણ કાળજે એટલું કોતરી રાખજો કે, ભારતીય-પ્રજા તો અતિથિઓને દેવ જેવા માનવાના સંસ્કારોનું ધાવણ પીને જ પાલન-પોષણ પામી હોવાથી અમારા તરફથી

જરાય ગભરાટ રાખવાની જરૂર નથી. વિશ્વાસઘાતીપણું અને કાવાદાવા તો તમારા જેવા અંગ્રેજને જ મુબારક હો.'

પોતાના કાળજામાં જે વાતો ઘૂંટાતી હતી, એ જ વાતોનો કહ્યા વિના પણ અણસાર પામી જનારા બાપુની યોગશક્તિ પર કર્નલને જેમ મનોમન અહોભાવ જાગી ઉઠ્યો, એમ અંગ્રેજ-જાત પરની બદનામી બદલ કર્નલના કાળજે ધૂંધવાટ પણ ભભૂકી ઊઠ્યો અને ગુસ્સાવાટે એ પ્રગટ્યો : બાપુ, ભારતીય તરીકેનું ગૌરવગાન ગાવાનો તમારો અબાધિત અધિકાર અમને માન્ય છે, પણ એનો અર્થ એવો તો ન જ થવો જોઈએ કે, અંગ્રેજ પ્રજાને તમે બદનામ કરો અને એ અમે સાંભળી લઈએ. રાજકારણના તમે રસિયા હો, એવી તમારા શબ્દો ચાડી ખાય છે.

ગોદડિયા બાપુ કંઈ આવા શબ્દો સાંભળી લે ખરા ? એમણે ખુમારીભેર જવાબ વાળ્યો : કોઈ ઝૂંપડીમાં રહેનાર પર રાજકારણના રસિયા હોવાનો વહેમ તો તમારા જેવા બુદ્ધિમાનને જ આવી શકે. બાકી અંગ્રેજોનો ઈતિહાસ કેવો અને કેટલો ઉજળો છે, એનાં કિરણોમાંથી કાળો ડિબાંગ કેવો અંધકાર ઓકાઈ રહ્યો છે, એ તો જગજાહેર જ છે. અયોધ્યા પર અત્યાચાર ગુજારનારા અંગ્રેજોએ જ કાશી રાજ્યને ખાલસા નહોતું કરાવ્યું શું ? ઝાંસીને ઝૂંટવી લેનારા અંગ્રેજો નહોતા તો કોણ હતું ? ૧૮૫૭ના બળવામાં અંગ્રેજોની પડખે રહેનારી શીખ-પ્રજાની તમે કેવી વલે કરી નાખી હતી, એ ક્યાં કોઈથી અજાણ્યું છે ? મહારાણી ઝીંદાને દેશવટો દેનાર કોણ હતું ? દિલીપસિંહજીને વિલાયત લઈ જઈને એમની પાસેથી કોહિનૂર પડાવી લેવાપૂર્વક એમને ખ્રિસ્તી તરીકે વટલાવનાર, તમે અંગ્રેજો જ હતા ને ?

કર્નલ લેક બકરી બનીને આ સિંહનાદ સાંભળી જ રહ્યો. સૂર્ય જેવા ઝગારા મારતા આ પુરાવા હતા, એથી બાપુની સામે બચાવમાં એકાદ બોલ પણ ઉચ્ચારવાની તાકાત ગુમાવી બેઠેલા કર્નલને થઈ ગયું કે, ૧૮૫૭ના બળવા સાથે સંકળાયેલી આ વ્યક્તિ બાવાના લેબાશમાં કાં

તો નાના ફડનવીસ હોવી જોઈએ, કાં કુંવરસિંહ કે કાં તાત્યા હોવી જોઈએ. એથી અંગ્રેજોના હિતમાં આ બાવાની ધરપકડ થઇ જ જવી જોઇએ.

કર્નલનાં મનમાં ઘૂંટાતી આ વાત અનુમાન દ્વારા જાણી લઇને કર્નલના પ્રતિભાવની પ્રતીક્ષા કર્યા વિના જ બાપુએ બીજો ધડાકો કર્યો કે, કર્નલ ! કલ્પનાના ઘોડા દોડાવવામાં તમે થાપ ખાઇ રહ્યા છો, નાના ફડનવીસ તો જ્યાં છે, ત્યાં સહીસલામત છે. તાત્યા તમારા પાપે મરાઇ ગયા છે. કુંવરસિંહની ક્રૂર કતલ તો તમારા લશ્કરે જ કરી નાખી છે. બળવો લડનારો યૂ.પી.નો એ એક સૈનિક આજે સંન્યાસી તરીકે તમારી સામે જ ખડો છે. પરંતુ તમે મારો એકાદ વાળ પણ વાંકો વાળી શકો એમ છો ખરા ?

ભારતીય યોગીઓ-સંન્યાસીઓ અંગેની ઘણી વાતો કર્નલે સાંભળી-વાંચી હતી અને ત્યારે એને હંબગ માનીને હસી કાઢેલી. એ તમામ વાતો જાણે સચ્ચાઇનો સાક્ષાત્કાર કરાવતી કર્નલના કાળજે ભોંકાય એવો સણસણતો સવાલ કરી રહી હતી કે, એ બધું જો હંબગ હતું, તો આ હકીકત અંગે તમારો શો જવાબ છે ? બોલો કર્નલ સાહેબ !

જામ વિભા, કર્નલ લેક અને વજીર આ ત્રણેની સમક્ષ ગોદડિયા બાપુ આજે જાણે સાચા સ્વરૂપમાં પ્રગટ થયા હતા. એ સત્ય-સ્વરૂપની સામે અક્ષર પણ ઉચ્ચારવાની હિંમત ખોઇ બેસનારા એ ત્રણે તરફથી કોઇ જવાબ મેળવવાની અપેક્ષા જ બાપુએ ક્યાં રાખી હતી ! એમની નિરુત્તર મુખમુદ્રા ભૂલી જઇને બાપુ પોતાની પ્રવૃત્તિમાં પાછા ખોવાઇ ગયા.

આ ઘટના બન્યા બાદ ખૂબ ખૂબ પ્રભાવિત બનેલા જામ વિભાએ જાંબુડા ખાતેના એ આશ્રમને વિકસાવવા માટે રાજ્ય તરફથી ઘણો ખર્ચ કર્યો હતો, એનો ગોદડિયા બાપુને ખ્યાલ હતો, છતાં જામ વિભાની

અમુક વૃત્તિ-પ્રવૃત્તિમાં કોઈ સુધારો નહોતો થવા પામ્યો, એ પણ બાપુના ધ્યાન બહાર નહોતું જ. વળી મુસ્લિમ બાનુની કૂખેથી પેદા થયેલો કુંવર કાળુભાના નામે 'પુત્રનાં લક્ષણ પારણે' આ કહેવતને સાર્થક કરતો જે રીતે મોટો થઈ રહ્યો હતો, એથી તો બાપુને જરાય સંતોષ ન હતો. કુદરતી રીતે એનું 'કાળુભા' નામ પસંદ કરાયું હતું, છતાં આની પાછળ ભાવિનો કોઈ સંકેત માનવો પડે એમ હતો. કારણ કે એનાં કામ નામ પ્રમાણે કાળાં જ હતાં. બહેન-બેટીઓને એ સતાવતો, સજ્જનોને એ સંતાપતો, અરે, પિતા જામ વિભાની આમન્યાનો પણ એ છડેચોક ભંગ કરતો. આ બધું જોયા-જાણ્યા બાદ બાપુનું મન જામ વિભા પરથી જ નહિ, જામનગર આસપાસના પ્રદેશ ઉપરાંત જાંબુડા પરથી પણ ઉઠી ગયું હતું.

કાળુભાનાં કાળાં કામો સામે મૂક વિરોધ પ્રદર્શિત કરવા ગોદડિયા બાપુએ એક દહાડો અણધાર્યો જ જામનગર-જાંબુડાના પ્રદેશનો ત્યાગ કરીને જૂનાગઢ તરફ જવાનો નિર્ણય જાહેર કર્યો. આ નિર્ણયને પડતો મૂકવાની વિનંતી કરવા એક દહાડો ખુદ જામ વિભા પણ બાપુ સમક્ષ ઉપસ્થિત થઈને અરજ ગુજારી રહ્યા કે, બાપુ ! અમારા કયા અપરાધની સજા રૂપે આપ આ પ્રદેશનો ત્યાગ કરવાના નિર્ણય પર આવ્યા છો ?

ગોદડિયા બાપુનો જવાબ કોઈની કલ્પનામાં આવે એવો ન હતો. એમણે નિર્ણય પાછળનું નક્કર કારણ દર્શાવતા કહ્યું કે, કાળુભા નામથી જ કાળુભા હોત, તો મારે આવો કોઈ નિર્ણય લેવો ન પડત. પણ કાળુભા તો કામથી પણ કાળો છે. કારણ કે એની મા મ્લેચ્છ છે. હજી પણ બાજી હાથમાં છે. કાળુભાને જો દેશવટો દઈ દેવામાં આવે, તો રહી-સહી તમારી કીર્તિ વધુ કલંકિત થતા ઉગરી જાય. પણ મને નથી લાગતું કે, બગડતી બાજીને તમે સુધારી શકો ! આવા પ્રદેશમાં રહીને કાળુભાનાં કાળાં કામ સાંભળવા અને કાળજાને કકળાવવું, એનાં કરતાં તો જૂનાગઢ જઈને ભગવાનનાં ભજનિયાં મસ્તીથી ગાતાં ગાતાં

જીવનયાત્રા આગળ વધારવી, એ હજાર દરજ્જે સારું ન ગણાય શું ? માટે કાલે જ હું જૂનાગઢ તરફ ચોક્કસ પ્રયાણ કરવાનો છું. મને જે લાગે છે, એ છેલ્લે જણાવી દીધા વિના રહી શકતો નથી. કાન ખુલ્લા રાખીને સાંભળી લો કે, ગોઝારો એક દહાડો એવો આવી લાગશે કે, જાન પર જોખમ તોળાતા અંગ્રેજોની મદદ લઈને પણ કાળુભાને દેશવટો આપ્યા વિના જામનગરનો અને તમારો છુટકારો નહિ જ થાય.

જામ વિભાએ આ કાળબોલ માત્ર સાંભળી જ લીધા. ગંભીરતાથી વિચાર કરવાની એમની તૈયારી ન હોવાથી બાપુ જૂનાગઢ તરફ પ્રયાણ કરી જ ગયા. જેમ જેમ દિવસો પસાર થતા ગયા, એમ એમ બાપુએ ભાખેલા કાળબોલ ઢોલના નાદે સાચા સાબિત થવા ઝાંવા નાંખી રહ્યા. કાળુભાથી ધીરે-ધીરે પ્રજા ત્રાસી ઊઠી. એક દહાડો અંજામ એવો આવ્યો કે, કાળોતરો નાગ બનીને કાળુભા જામ વિભાની સામે જ ફૂંફાડો મારવાની હદ સુધીનો વિશ્વાસઘાત વહોરી લેવા તૈયાર થઈ ગયો, એની ગંધ આવી જતા જ જામ વિભા ચોંકી ઊઠ્યા અને એમણે અંગ્રેજોની મદદ લઈને કાળુભાને કેદ કર્યા, આટલાથી પ્રજાને સંતોષ ન હતો. પ્રજાના પોકાર મુજબ કાળુભાને અંગ્રેજોની મદદથી દેશવટો અપાયો, ત્યારે જ લોકોનો જુવાળ શમ્યો.

જામ વિભાના પશ્ચાત્તાપનો પાર ન હતો. પણ 'અબ પછતાયે હોત ક્યાં જબ ચીડિયા ચુન ગઈ ખેત' જેવો ઘાટ ઘડાયો હતો. એથી પ્રજા પાસેથી વધુ સહાનુભૂતિ પામવા જામ વિભાએ વજીરને જૂનાગઢ રવાના કર્યા અને રાજવતી ગોદડિયા બાપુના પગ પકડીને વિનંતી રજૂ કરી કે, બાપુ ! બનનાર બની ગયું છે, બગડેલી બાજુ સુધારવા ગઈ ગુજરી ભૂલીને હવે આપ જૂનાગઢથી પાછા જામનગર તરફ પધારવાની કૃપા કરો.

વિનંતીની સામે વત્સલ બની જવાનો સંત સ્વભાવ હોવાથી વજીરની કાકલૂદીભરી વિનંતી સાંભળીને બાપુનું અંતર પીગળી ગયું. જાંબુડાના

આશ્રમમાં આવવા અંગે બાપુનો હકાર સાંભળીને જામનગરમાં હર્ષનું તો જૂનાગઢમાં શોકનું મોજું ફરી વળ્યું, ગોદડિયા બાપુ જ્યારે જાંબુડામાં પ્રવેશ્યા, ત્યારે હર્ષનું એ મોજું પૂનમની ભરતીમાં પલટાઈ ગયું.

ઈતિહાસ નોંધે છે કે, થોડાં વર્ષો બાદ ગોદડિયા બાપુએ જીવતેજીવ સમાધિ લેવાનો નિર્ણય કરીને આ સમાચાર જામ વિભાને પણ પહોંચાડ્યા, પણ રાજકાજમાં ગળાડૂબ જામ વિભાને સૂચિત સમયે આવવામાં મોડું થતાં એમની રાહ જોયા વિના જ બાપુએ હજારો ભક્તોની હાજરી વચ્ચે સમાધિ લઇ લીધી. એમ કહેવાય-સંભળાય છે કે, જાંબુડામાં આજેય ગોદડ બાપુનું સમાધિમંદિર હયાત છે અને સાધુ-સંત-સંન્યાસીનાં જીવનમાં કેવી સાત્વિકતા-સચ્ચાઇ અને પવિત્રતા હોવી જોઈએ, એનો સંદેશ એ મંદિરના શિખરે રણકતી ઘૂઘરીઓ અહોનિશ સંભળાવતી જ રહે છે.

## વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે

## ૨

સંસ્કૃતનું એક સુભાષિત સત્તા-સામ્રાજ્ય કરતા સરસ્વતી-વિદ્વત્તાને વધુ ગૌરવવંતી ગણીને એનું એવું એક સબળ કારણ દર્શાવે છે કે, સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે. રાજા બહુ બહુ તો પોતાના દેશમાં જ પૂજાય છે, જ્યારે વિદ્વાન્ તો સ્વદેશ-પરદેશ-સર્વત્ર પૂજાતો હોય છે. માટે સત્તા અને સરસ્વતીને ક્યારેય એક સમાન સન્માનને પાત્ર ન ગણી શકાય. રાજા કરતાં પણ સર્વત્ર પૂજાતાં સરસ્વતીપુત્રને જ વધુ સન્માનનો અધિકારી ગણવો જોઈએ.

આજે તો એવા રાજાઓ રહ્યા નથી કે એવા સરસ્વતીપુત્રોનું અસ્તિત્વ પણ મોટી માત્રામાં જોવા મળતું નથી. એથી સુભાષિતની સચ્ચાઈની વધુ પ્રતીતિ પામવી હોય, તો હજી થોડા દાયકા પૂર્વે થઈ ગયેલા રાજવીઓ અને વિદ્વાનોના ઈતિહાસમાં જ ડોકિયું કરવું રહ્યું. કોઈ જમાનામાં જેમનાં નામકામ ગગનના ગુંબજને ગજાવી રહ્યાં હતાં, એવા રાજવીઓનાં નામકામ આજે એટલી હદે નામશેષ બની ચૂક્યાં છે કે, ઘણું ઘણું મથવા છતાંય એમની યાદ તાજી થવા પામતી નથી. આવા રાજવીઓની નામાવલિમાં ગોંડલના રાજવી સર ભગવતસિંહજીનાં નામકાજ તો એકદમ અલગ જ ઊપસી આવે છે.

ભગવતસિંહજીનાં નામકામને આજેય જનમાનસમાં જ્વલંત ને જીવંત રાખનારું તત્ત્વ જો કોઈ હોય, તો 'સરસ્વતી-પુત્ર' તરીકેની

એમને વરેલી વિખ્યાતિ હતી. સત્તા તો એમને વરેલી જ હતી, સાથે સાથે સરસ્વતીનો સંગમ પણ એમના જીવન-તટે સધાયેલો હતો, આના કારણે જ એમને એવી સુપ્રસિદ્ધિ વરી હતી કે, સ્થળ-કાળના કેટલાય જળ-પ્રવાહ વહી જવા છતાં એ સુપ્રસિદ્ધિને ઝાંખી પાડી શક્યા નથી, ઉપરથી સમય જેમ જેમ પસાર થતો જાય છે, એમ એમ એનો ચળકાટ વધતો જ જતો જણાય છે.

ગોંડલ સ્ટેટના માત્ર રાજવી તરીકે ભગવતસિંહજીનું જીવન વ્યતીત થયું હોત, તો એવો સંભવ છે કે, બીજાં રાજવીઓની જેમ જ એમનાં પણ નામકામ નામશેષ બની ચૂક્યાં હોત. પરંતુ રાજકાજ કરતા પણ વધુ લક્ષ કેન્દ્રિત કરીને 'ભગવદ્ ગોમંડલ' જેવા વિરાટ-વિશાળ શબ્દકોશનું એઓશ્રી સર્જન કરી ગયા, એથી 'સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે'ની સુભાષિત-દર્શિત સચ્ચાઈના સંદેશવાહક તરીકે આજેય દુનિયા એમનું સાભાર સ્મરણ કરી રહી છે.

સામ્રાજ્યની સાથે સાથે સાહિત્યમાં પણ રચ્યાપચ્યા રહેનારા રાજવી તરીકે ભગવતસિંહજી જેવા ઓછા રાજવીઓ થયા હશે. જ્યાં સુધી 'ભગવદ્-ગોમંડલ'નું અસ્તિત્વ ટકી શકશે, ત્યાં સુધી તો આ રાજવીની સ્મૃતિને તો કોઈ જ નહિ ભૂંસી શકે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય. એમના સત્તાકાળ દરમિયાન ગોંડલ સ્ટેટની પ્રજા પર કોઈ જાતનો 'કરભાર' લાદવામાં આવ્યો ન હતો. રેલવે દ્વારા રાજ્યને જે આવક થતી, એની ઉપર જ રાજ્યનો તમામ વહીવટ સુપેરે ચાલતો. એથી અનુમાન થઈ શકે કે, ત્યારે વહીવટ કેવી કરકસરપૂર્વક થતો હશે કે પ્રજા પર કોઈ કરભાર નાખ્યા વિના જ માત્ર રેલવેની આવક પણ વહીવટ માટે પૂરતી થઈ રહેતી ! આનો અર્થ એવો તો ન જ તારવી શકાય કે, ત્યારની પ્રજા આજની જેમ અમર્યાદ રેલવે પ્રવાસ કરતી હશે ! ત્યારે રેલવે પ્રવાસ તો ખૂબ જ મર્યાદિત રીતે થતો હતો, પણ વહીવટ-પદ્ધતિ કરકસરપૂર્વકની અને ઓછી ખર્ચાળ હતી, એવું જ

આની પરથી ફલિત થઈ શકે.

ત્યારે બ્રિટિશ-શાસનનો પાયો બદ્ધમૂલ બની રહ્યો હતો. એની નીતિ તો ભારતીય-પ્રજા પાસેથી સંપત્તિ ચૂસવાની જ રહી હતી. એમાં પણ સંસ્કૃતિની લૂંટ કરવાની નેમ તો બ્રિટિશ-શાસનની કોઈ પણ વૃત્તિ-પ્રવૃત્તિની પાછળ છુપાયેલી જ રહેતી. રેડિયોનું માધ્યમ ત્યારે ધીમે ધીમે વ્યાપક બની રહ્યું હતું. રેડિયોના માધ્યમે એવું એક વિષવૃક્ષ વવાયું હતું કે, એ જેમ જેમ ફુલતું-ફાલતું જાય, એમ પ્રજા પાસેનું સંસ્કૃતિ-ધન મોટા પાયે અદૃશ્ય રીતે લૂંટી શકાય તેમજ દૃશ્ય રીતે સંપત્તિની લૂંટનો પણ આશય હોય, આની પ્રતીતિ એ દહાડે પ્રજાને પણ થવા પામી કે, બ્રિટિશ અમલદારો તરફથી ગોંડલ-સ્ટેટ પર એક દિ એવું ફરમાન આવ્યું કે, હવેથી રેડિયો સાંભળનાર મફતમાં નહિ સાંભળી શકે, જેના ઘરમાં રેડિયો હોય, એને માટે અમુક કર ચૂકવવો ફરજિયાત ગણાશે.

રાજકોટથી આવેલ આ ફરમાન વાંચીને ભગવતસિંહજીનું ખળભળી ઊઠેલું ખમીર છાનું ન રહી શક્યું. જેઓ પ્રજા પાસેથી એકાદ પૈસો કર રૂપે પણ રાજ્યના વહીવટ માટે લેવા નહોતા માંગતા, તેઓ આ રીતે બ્રિટિશ-રાજ્યને પ્રજાનો પૈસો પડાવી લેવાની કઈ છૂટ આપી દે ખરા?

ભગવતસિંહજીએ આ ફરમાન સામે વિરોધનો વાવટો ફરકાવતા ચોખ્ખેચોખ્ખું લખી નાંખ્યું કે, ગોંડલને આ ફરમાન કોઈ પણ રીતે માન્ય થઈ શકે એમ નથી. રાજ્યના વહીવટ માટે પણ પ્રજા પાસેથી કર લેવાની જ્યાં મારી મનોવૃત્તિ નથી, ત્યાં આ ફરમાન હું કઈ રીતે સ્વીકારી શકું ? મારી પ્રજા રેડિયો વિના ચલાવી લેશે, પણ રેડિયો-ટેક્સ ભરવાની લાચારીને તો એ વશ નહિ જ થાય. તમે થાય એ કરી શકો છો. બાકી રેડિયો-ટેક્સને તો અમે કોઈ કાળે મંજૂરી નહિ જ આપી શકીએ. રેડિયાને ગાતો અને બોલતો રાખનારા વિદ્યુત-તરંગોને રાજકોટથી આગળ ગોંડલ સ્ટેટ તરફ વધતા રોકી શકવા તમે શક્તિમાન હો, તો તમને રોકવાની છૂટ છે. બાકી રેડિયો ટેક્સને તો ગોંડલ સ્ટેટ

ક્યારેય શિરોમાન્ય નહિ જ કરે, એટલું લખી રાખજો.

ગોંડલ-સ્ટેટનો આ જવાબ એવો સજ્જડ હતો કે, બ્રિટિશ શાસનને નમતું તોળવું પડે. રાજવીએ જે છૂટ આપી હતી, એ મુજબ વિદ્યુત-તરંગોની અટકાયત તો કોઈ કાળે શક્ય બને એમ જ નહોતી. એથી ટેક્સની સામે અડગ રહેનારી ગોંડલની પ્રજાનો વિજય થયો.

ભગવતસિંહજીની પ્રજાપ્રિયતા સૂચવતા આ પ્રસંગમાંથી રેલાતા રંગમાંથી ઊઠતો એક તરંગ એવો પણ વ્યંગ કરી જાય છે કે, આજની તારાજ-સ્થિતિ જોતા એ ગઈકાલને કેમ સમૃદ્ધ અને વધુ સારી ન ગણવી?

સંસ્કૃતના સુભાષિત મુજબ સત્તા ઉપરાંત સરસ્વતીની પણ સંગમભૂમિ સમા હોવાથી ભગવતસિંહજીનાં નામકામ આજેય ભૂલ્યાં ભૂલાય નહિ, એમાં શી નવાઈ ?

## કાં દિલગીરી, કાં દંડ

### 3

સૂર્ય કરતાં રાખ વધુ દઝાડે, ચા કરતાં કીટલી વધુ ગરમ રહે, આ અને આને મળતી જૂની-નવી કહેવતોનો ભાવાર્થ એવો નીકળતો હોય છે કે, નેતા કરતા એના નોકરોનો રોફ અસહ્ય હોઈ શકે છે. સત્તા અને અધિકારને રાજાઓ હજી પચાવી શક્યા, કારણ કે એમનામાં પાત્રતા હતી, જ્યારે આને ઉછીના મેળવ્યા હોવા છતાં અપાત્ર હોવાના કારણે એમના ચાકરો તરફથી બતાવાતો રોફ અસહ્ય બનતો હોય છે. માટે તો અધિકારનો દુરુપયોગ કરનારને માટે કહેવાય છે કે, આવા અધિકારી પાસેથી અ એટલે અધિકાર ઝૂંટવાઈ જતા પછી એને ઠેરઠેર ધિક્કાર વેઠવાના જ દહાડા આવતા હોય છે.

પૂર્વે રાજાઓ ફરવા નીકળતા, ત્યારે રાજમાર્ગ એમના માટે ખુલ્લો રાખવામાં આવતો, પ્રજાની અવરજવર એટલા સમય પૂરતી અટકાવી દેવામાં આવતી. આવા અવસરે રાજસેવકો રોફ બતાવીને પણ રાજમાર્ગ પરથી અવરજવર ઉપર પ્રતિબંધ લાદી દેતા. આજના પ્રધાનો માટે પણ આવો જ કાયદો છે. નેતા-પ્રધાનોની ગાડી પસાર થવાની હોય, તો આજે પણ પ્રજાની ગાડીઓને થંભાવી દેવામાં આવે છે. આવા કાયદાનો કોઈ ભંગ કરે, તો પોલીસ-સત્તા એની પર બેરહમીથી દંડ ફટકારતી હોય છે. આ સંદર્ભમાં આજથી સો સવાસો વર્ષ પૂર્વે જૂનાગઢમાં બનેલી એક ઘટના જાણવા જેવી છે.

જૂનાગઢના નવાબ રાજમાર્ગ પરથી પસાર થવાના હોય, ત્યારે રાજમાર્ગ પર ચકલું પણ ન ફરકી શકે, એવી સંચાર-બંધી લાદવામાં આવતી. પોલીસ-વિભાગમાં ત્યારે દયારામ કાશીરામ ભટ્ટ નામના એક બ્રાહ્મણ ઊંચા હોદ્દા પર ફરજ બજાવી રહ્યા હતા અને કડકાઈથી સંચારબંધી કરાવવામાં સફળ રહેતા હતા. એમાં એક દિવસ એમની અડફેટમાં કોઈ અલગારી સાધુ આવી ગયો. ગિરનારની ગુફાઓમાં રહેતો એ સાધુ હતો. એ પોતાની ધૂનમાં જ મસ્ત હતો. દયારામ ભટ્ટની અરજ-વિનંતીને સાંભળી-ન-સાંભળી કરીને એ આગળ વધી ગયો. નવાબની સવારી હજી પસાર થઈ ન હતી, એ પહેલાં જ રાજમાર્ગ ઓળંગી જઈને હુકમનો છડેચોક ભંગ કરનાર એ સાધુ પર મનોમન જ દયારામ ભટ્ટ સમસમી ઊઠ્યા.

નવાબની સવારી રોકટોક વિના પસાર થઈ ગયા પછી ભટ્ટના હૈયે ધૂંધવાતો ગુસ્સો ફાટી નીકળ્યો. એમણે આસપાસ પોલીસોને દોડાવ્યા અને ‘સંચારબંધી’નો ભંગ કરનાર સાધુને હાજર કરવાનો હુકમ કર્યો. થોડી જ વારમાં એ સાધુને પકડી પાડીને પોલીસોએ દયાનંદ ભટ્ટ સમક્ષ ખડો કરી દીધી. એ સાધુ તો હજી પણ પોતાની મસ્તીમાં જ મસ્ત હતો. ભટ્ટે ઉધડો લેતાં સાધુને કહ્યું : પ્રજા તરીકે નવાબની અદબ સૌએ જાળવવી જ જોઈએ અને એથી સવારી પસાર થવાની હોય, એ પૂર્વે જ રાજમાર્ગ ઓળંગી જવાની ગુસ્તાખી કોઈ પણ ન કરી શકે. આ મુખ્ય મુદ્દા સામે તમારે જે કંઈ કહેવું હોય, એ અત્યારે જ મારે સાંભળી લેવું છે. બોલો, તમારે જવાબમાં જે સંભળાવવું હોય, એ સાંભળવા હું તૈયાર છું. સાધુને થયું કે, નવાબની અદબ જાળવવાનો આગ્રહ પ્રજા પાસે હજી રાખી શકાય. બાકી ગિરનારી-ગુફાઓમાં મસ્તીથી જીવન પસાર કરનારા અલગારી સાધુ-સંતોને કઈ નવાબની અદબ જાળવવા માટે મજબૂર બનાવી શકાય ખરા ? સાધુએ સ્વમાનભેર સવાલ કર્યો : સાધુસંતો અને પ્રજા વચ્ચે શું કોઈ જ ભેદ નથી ? ઈશ્વરના સામ્રાજ્યની

સેવા મળવા બદલ ખુમારીભેર ગિરનારી ગુફાઓ ગજવતો સાધુ ક્યાં અને ડગલે ને પગલે નવાબની નેહનજર જેને અપેક્ષિત હોય, એવી પરાવલંબી પ્રજા ક્યાં ? બંને માટે સરખા કાયદા હોઈ શકે ખરા ?

સાધુ તરફથી સણસણતા બાણની જેમ છૂટેલા આ સવાલની અણી દયારામના દિલને વીંધી ગઈ. એમણે જરા તોરપૂર્વક કહ્યું : બાવાજી ! ચોરી પર પાછી શિરજોરી કરવી રહેવા દો. જૂનાગઢમાં વર્ષોથી બરાબર પળાતા આ કાયદાનો સૌ પ્રથમ ભંગ કરનારા તમે હોવાથી તમને હજી એક તક આપવામાં આવે છે કે, કાં દિલગીરી દર્શાવો, કાં દંડ ભોગવવા તૈયાર થઈ જાવ !

સાધુનું સ્વમાન ખળભળી ઊઠ્યું : ગુનો પુરવાર થયા વિના વળી દંડ ભોગવવાની વાત કેવી ? આ બચાવ સાંભળીને તો દયારામનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો : જે ગુનો જગજાહેર છે, એના માટે વળી પુરાવો માંગવાની આવી ગુસ્તાખી ! આવો પ્રશ્નાર્થ ખડો કરીને દયારામે સૌને સંભળાય એ રીતે કહ્યું : લાતો જ જેની લત છોડાવી શકે, એવો ભૂત વાતોથી કદી વશ થાય ખરો ?

વાગ્બાણથી આ રીતે વીંધીને જ દયારામ શાંત ન થયા, એમણે સાધુને એ રીતે ફટકાર્યા કે, બીજી વખત એ આ રીતે છડેચોક કાયદાને કચડવાનું સાહસ કરવાનું જ ભૂલી જાય ! આટલો દંડ ફટકારીને દયારામે સાધુને જવા દીધા. દિલગીરી વ્યક્ત કરનારા વિચારને પણ અવકાશ આપ્યા વિના સાધુ સ્વમાનભેર વિદાય થઈ ગયા. જતાં જતાં એમના મોંમાંથી એટલા શબ્દો સરી પડ્યા કે, દયારામ જો સાચેસાચ બ્રાહ્મણ હશે, તો સાધુ સામે આ રીતે હાથ ઉગામવા બદલ એને પશ્ચાત્તાપ થયા વિના નહિ જ રહે.

બ્રાહ્મણ તરીકેના ધર્મને ધક્કે ચડાવીને દયારામે જે રીતે સાધુ સામે હાથ ઉગામ્યો હતો, એ પાપ એને જંપીને બેસવા દે, એ શક્ય જ

નહતું. ક્રોધની આગનો આવેશ શમી જતા દયારામ એવા વિચારે ચડ્યા કે, કાયદાનો ભંગ કરવા બદલ સાધુને દંડવાની ધિઠ્ઠાઈ કરનારો હું જ વધુ દંડપાત્ર નથી શું ? બ્રાહ્મણ કદી સાધુ-સંત સામે હાથ ઉગામે ખરો ? બ્રાહ્મણ માટે જે પાપાચરણ સ્વપ્નેય સંભવિત ન ગણાય, એને મારા હાથે હસતે હૈયે કરાવનાર જો કોઈ હોય, તો તે નવાબતરફી મારી નિષ્ઠા ને નોકરી જ નથી શું ? આમાંય પાપી-પેટનો હિસ્સો પણ જરાય ઓછો ન આંકી શકાય. પાપ તો મારા હાથે થઈ ગયું, એથી હવે તો પાપનું પ્રાયશ્ચિત્ત કઈ રીતે થઈ શકે, એ જ મારા માટે હવે તો વિચારવું યોગ્ય ગણાય.

દયારામ ભટ્ટ ગમગીન અને ગંભીર બનીને મનોમંથન અનુભવી રહ્યા. આજનો દિવસ એમના માટે સ્વપ્નેય અસંભવિત હોય, એવી સંભાવનાઓને સત્યમાં પલટાવી નાખવાનો સંદેશ લઈને ઉગ્યો હતો. સાધુ સામે હાથ ઉગામવાનો વિચાર આવે, એ પણ સ્વપ્નેય સંભવિત ન હતું, છતાં આ સંભાવના આજે સત્ય બની ચૂકી હતી, બીજી તરફ નવાબની નોકરી-નિષ્ઠાથી નિર્મુકત બનીને સાધુ-સંન્યાસી બની જવાનો વિચાર પણ જાગે, એ એમના માટે શક્ય જ ન હોવા છતાં આવી શક્યતા તરફ મનનું વહેણ આગળ વધી રહ્યું હતું. એથી થોડીઘણી પળોના મનોમંથન બાદ દયારામ ભટ્ટ એવો નક્કર-નિર્ણય કરીને ઊભા થયા કે, ન જોઈએ આવી નવાબી-નોકરી કે, જે બ્રાહ્મણત્વને કલંકિત કરવાનાં પાપાચરણરૂપ સાધુ-સંતની સામે હાથ ઉગામવા સુધીનો સિતમ ગુજારવાની ધિઠ્ઠાઈ કરવા સુધી મને પ્રેરિત કરે.

દયારામના સિતમનો ભોગ બનનારા એ સાધુએ જતા જતા મનોમન જે શબ્દો ઉચ્ચાર્યા હતા, એને કોણ મિથ્યા ઠેરવી શકે ? એની પ્રતીતિરૂપે થોડી જ પળોમાં જાણે દયારામ સાવ જ પલટાઈ ગયા. પળનોય વિલંબ કર્યા વિના એમણે પોતાનો નક્કર નિર્ણય જાહેર કરતાં સ્વજનો ઉપરાંત નવાબને પણ સવિનય જણાવ્યું કે, બ્રાહ્મણ તરીકે આજે મારાથી મોટું

એક એવું પાપ થઈ જવા પામ્યું કે, કાયદા-કાનૂનનો ભંગ કરવા બદલ મેં એક સાધુ પર સિતમ ગુજાર્યો. આ પાપના પ્રાયશ્ચિત રૂપે હવે હું સાધુ થઈ જવાના નિર્ણય પર આવ્યો છું. આ માટે મને હવે માત્ર આપની અનુજ્ઞા જ અપેક્ષિત છે.

ઈતિહાસ કહે છે કે, દયારામનો એ નિર્ણય એટલો બધો નક્કર હતો કે, નવાબ જેવા નવાબ પણ એની કાંકરીય ન ખેરવી શક્યા. એ દયારામ નવાબી નોકરી ફગાવી દઈને ભગવા ધારણ કરવા ગિરનારની એ ગુફાઓ ભણી ચાલતા થયા. સંન્યાસનો સ્વીકાર કર્યા બાદ જામનગર આસપાસના પ્રદેશમાં વધુ વિચરણ થતા 'મુંડિયા સ્વામી' તરીકે તેઓ ખૂબ ખૂબ સુપ્રસિદ્ધ અને શ્રદ્ધેય બન્યા. તેમના નામના આશ્રમો ને મંદિરો આજેય હયાત હોવાની વાતો પ્રચલિત છે.

પ્રાચીનકાળમાં નવાબો ને રાજરજવાડાં હતાં. આજે નેતા ને મંત્રીઓ છે. પણ કલિકાલ હોવાથી વર્તમાનકાળમાં દયારામની જેમ સંતોની કનડગત બદલ કોઈને પશ્ચાત્તાપ જાગ્યાનું સાંભળવા મળતું નથી અને નોકરી છોડવાની કોઈની તૈયારી પણ જોવા મળતી નથી.

## રાજા અને નેતા વચ્ચે આભ-ગાભ જેવું અંતર

**૪**

રાજા એને કહી શકાય કે, પ્રજા ઉપરાંત પશુ-પંખી જેવી મૂંગી-અબોલ સૃષ્ટિ તરફ પણ જેના હૈયામાં હમદર્દી હોય. બોલતી માનવસૃષ્ટિનો તો એ બેલી હોય જ, પણ અબોલ પશુસૃષ્ટિ વતી બોલવાનું તો જેને વધુ પસંદ હોય, એવો રાજા જ રાજના તાજને શોભાવી શકે.

આજે નેતા કહેવડાવતો નંગ લગભગ એવો નામચીન હોય છે કે, પ્રજાની જેને પડી ન હોય, પૃથ્વી ધરતીના વિકાસના નામે વિનાશને નોંતરતી કાર્યવાહીમાં જ જેને રસ હોય, પશુને જિવાડીને મેળવી શકાતી આબાદી જેને ખપતી ન હોય, પશુને જે જીવચેતન નહિ, પણ કમાણીની કોઈ જડ ચીજ સમજીને લોહીની લક્ષ્મી લૂંટવાની જ લહેજત જે માણતો હોય, એને આજનો નેતા કહેવો પડે. દેખીતી દૃષ્ટિએ રાજા અને નેતા બંને એક સરખા ભાવને સૂચવતા શબ્દો ગણાતા હોવા છતાં આજથી થોડાં વર્ષો પૂર્વેના ભૂતકાળમાં રાજાઓનું રાજ હોવાથી 'નેતા' ત્યારે જોવા મળતો ન હતો, નેતાઓથી ઊભરાતી ધરતી પર આજે એકાદ 'રાજા'નું પણ દર્શન મળવું દોહ્યલું બન્યું છે.

નેતાઓથી ઉભરાતી ધરતી પર પ્રજા કેવી પરેશાની વેઠી રહી છે અને પશુ તો જાણે કપાઈ જવા માટે જ સરજાયા હોય અને આ માટે જ જંગી પ્રમાણમાં પેદા કરાઈ રહ્યા હોવાની પ્રબળ પ્રતીતિ થાય છે. એથી રક્તના રંગે ધરતી જ નહિ, પરંતુ આકાશ પણ કઈ રીતે લોહી-

લુહાણ બની ઉઠ્યું છે, એ તો પ્રત્યક્ષ પ્રતીતિનો વિષય હોવાથી, પ્રજા ઉપરાંત પશુ પર પણ રાજાઓ કેવી રહેમ નજર દાખવતા હતા, એની પરોક્ષ પ્રતીતિ પામવી હોય, તો જૂનાગઢના નવાબ મહોબતખાનજીના જીવનના એક પ્રસંગનો રંગ માણવો જ રહ્યો.

મહોબતખાનજી ત્રીજા તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ તેઓએ બાબીવંશના નવમા અને છેલ્લા નવાબ તરીકે માત્ર વીસ વરસની ઊગતી વયે જ જૂનાગઢનું સુકાન સંભાળ્યું હતું. જાતે મુસ્લિમ હોવા છતાં હિન્દુઓના હૈયે હાર તરીકે બિરાજતા એમણે કટોકટીના અવસરે પ્રજાનું હિત જોવા જતાં ઘણી વાર મુસ્લિમોની નામરજી પણ હસતે હૈયે વહોરી લીધી હતી. એમની હકૂમત તળે વસતી હિન્દુપ્રજાને એવો અહેસાસ ક્યારેય ન થતો કે, પોતાના માથે નવાબી-રાજ્ય છે. એમના રાજ્યમાં મુસલમાનોની જેમ જ હિન્દુઓ પોતાના તહેવારો મુક્તમને ઊજવી શકતા. હિન્દુ-મુસ્લિમ વચ્ચેની એકતાને છિન્નભિન્ન કરવાનું ધ્યેય ધરાવતી કેટલીય મુસ્લિમ-સંસ્થાઓને એમણે બંધ કરાવી દીધેલી. એથી તો મનોમન બબડતા મુસ્લિમો એવી આશંકા વ્યક્ત કરતા કે, જૂનાગઢ હિન્દુરાજ્ય તો નહિ બની જાય ને ?

મહોબતખાનજીને નાનપણથી જ મૂંગાં પ્રાણીઓ તરફ હમદર્દી હતી. મુસ્લિમ હોવા છતાં એમણે પોતાના સરદારબાગ સ્થિત પેલેસના આગંણે થોડીક ગાયો પાળી હતી અને જીવદયામંડળ પણ સ્થાપ્યું હતું. એમના રાજ્યમાં ગોવધબંધીના કાયદાનું ખૂબ જ કડકાઈથી પાલન થતું.

પ્રજાનાં સુખ-દુઃખથી માહિતગાર બનવા મહોબતખાનજી ઘણી વાર વેશપલટો કરીને ફરવા નીકળતા, પ્રજાના સુખે સંતોષાનુભૂતિ માણનારા તેઓ પ્રજાના દુઃખે દ્રવિત થઈને એ દુઃખ દૂર કર્યા વિના ચેન ન અનુભવતા. કોઈ વાર રાતે તો કોઈ વાર દિવસે આ રીતે પ્રજાનાં સુખદુઃખની જાતમાહિતી મેળવવાની હમદર્દી દર્શાવવા નીકળનારા

મહોબતખાનજી એક વાર ફરતા ફરતા એક ખેડૂતના ખેતર આગળ આવીને અટકી ગયા. ત્યાં જે દૃશ્ય જોવા મળ્યું, એણે એમના દિલને હચમચાવી મૂક્યું. વૈશાખ-જેઠના દિવસો હતા. પરસેવે રેબઝેબ બનાવી દેતો ઉનાળો પોતાની ચરમસીમાએ ઊકળી રહ્યો હતો. તાપ અસહ્ય હોવા છતાં પ્રજાનાં સુખદુઃખ જાણવા માટે એને હસતે હૈયે સહન કરી જાણનારા મહોબતખાનજી એક બળદને માર મારી મારીને ઊભો કરવા મથનારા ખેડૂતને જોઈને એ અબોલ બળદ વતી જાણે બોલવા માંડ્યા :

'ભલા માણસ ! તું જેને ઘોંચ-પરોણા કરીને ઉઠાડવા મથી રહ્યો છે, એ જીવતો-જાગતો બળદ છે, એ કંઈ પથ્થરનું પૂતળું નથી. એટલી તો તને સમજણ છે ને ?'

ખેડૂત જરા આવેશમાં હતો. કારણ કે ઘણી ઘણી મથામણ કરવા છતાં બેઠેલો બળદ ઊભો થવાનું નામ જ લેતો નહતો. એથી જરાક ઉગ્રતાથી ખેડૂતે જવાબ વાળ્યો : 'બળદ જીવતો જાગતો હોવા છતાં પથ્થરના પૂતળા જેવો બની ગયો છે, એ પણ એટલું જ સાચું છે. માટે જ મારે આટલા બધા ઘોંચ-પરોણા કરવા પડે છે. હું ઘોંચપરોણા ન કરું તો શું કરું ? જુઓને ! આ બધા ખેડૂતોના ખેતર ખેડાઈ રહ્યા છે. મેહુલિયો વરસી પડે, એ પહેલાં તો મારું ખેતર ખેડાઈ જ જવું જોઈએ ને ? બળદની દયા ખાનાર તમને માણસની દયાનો વિચાર આવશે, તો તો મારી મદદે આવીને તમને પણ આ બળદને બળાત્કારે ઊભો કરવાનું મન થયા વિના નહિ જ રહે, એવો મને વિશ્વાસ છે.

પોતાનો બચાવ કરતો ખેડૂત પ્રશ્નકર્તાની સામે મીટ માંડીને નિહાળી રહ્યો. ખેડૂતે સાંભળ્યું તો ઘણી વાર હતું કે, નવાબ પ્રજાનાં સુખદુઃખ જાણવા વેશપલટો કરીને ફરવા નીકળે છે. પણ પોતાની સામે ઊભેલી ને પ્રશ્ન પૂછનારી વ્યક્તિ જ નવાબ હશે, એવી તો એને કલ્પના પણ ક્યાંથી આવે ? છતાં મદદ મળવાની આશાથી વાતચીતનો દોર એ ચાલુ રાખવા માંગતો હતો. નવાબને થયું કે, ખેડૂતની મજબૂરી જાણી

લેવી જોઈએ, એથી એમણે પૂછ્યું : જોડીમાંનો એક બળદ તો ઊભો થઈ ગયો છે, આ બીજો બળદ ઘોંચપરોણા કરવા છતાં ઊભો થતો નથી. એથી લાગે છે કે, આની ઉંમર ઘણી થઈ ગઈ હશે ? તો બોલ, કેટલા વરસથી આ બળદ તને ખેતર ખેડવામાં મદદ કરે છે ?

ખેડૂતે પરિસ્થિતિ જણાવી : દશબાર વર્ષથી આ બળદ પાસે કામ લઉં છું. હવે એ અશક્ત બની ગયો છે, એ પણ હું જાણું છુ: છતાં મારે આની પાસે જ કામ લીધા વિના ચાલે એમ જ ક્યાં છે ? બીજો બળદ ખરીદવાની મારામાં તેવડ હોત, તો હું કઈ આમ ઘોંચપરોણા ન કરત, ઉપરથી એને આરામ આપત અને સેવા-ચાકરી કરતી વખતે ઉપરથી આનો ઉપકાર માનત કે, આટલા વર્ષ સુધી કુટુંબના ભરણપોષણમાં તું સહાયક થયો, એના ઋણમાંથી કંઈક મુક્તિ મને અપાવવા હવે અમારી આ સેવા સ્વીકારજે.

આટલું બોલતાં બોલતાં ખેડૂત ગદ્‌ગદ્ બની ગયો. એથી એની લાચારી સમજી જઈને નવાબે હમદર્દી દર્શાવવાની તકને ઝડપી લેતા કહ્યું કે, પશુ પ્રત્યેની લાગણીનું ઝરણું તારા હૈયે ખળખળ કરતું વહી જ રહ્યું હોવા છતાં લાચારી તારી પાસે આ રીતે બળદને ઘોંચપરોણા કરાવે છે. એ હકીકત જાણીને તો મારું દિલ વધુ દ્રવી ઉઠે છે. માટે લે, આ ભલામણનો કાગળ ! રાજની કચેરીએ તું આ કાગળ લઈને જજે. કારભારી તને બીજો બળદ ખરીદવાના પૈસા રાજ્યની તિજોરીમાંથી આપી દેશે. માટે બીજો બળદ ખરીદીને આ બળદની સગા માવતરની જેમ જ સારસંભાળ લેજે.

ખેડૂતને એ સમજતાં વાર ન લાગી કે, જે સાંભળ્યું હતું, એ આજે સાર્થક બની રહ્યું છે. ભલામણનો કાગળ આપનાર વ્યક્તિને નવાબ તરીકે ઓળખી લીધા બાદ ઓળઘોળ થઈ ગયેલો ખેડૂત એ નવાબનાં ચરણે સાષ્ટાંગ આળોટી પડ્યો. નવાબે એનો વાંસો પંપાળીને એને બેઠો કરતાં એટલી જ હિત-સુખડી આપી કે,

'ખેડૂતનો જન્મ મળ્યો છે, માટે ઢોરઢાખર સાથે જ જન્મારો વિતાવ્યા વિના તો ચાલે એમ જ નથી. છતાં કાળજે એટલું કોતરી રાખજે કે, અબોલ ગણાતા પશુની આંતરડી કોઈ દિ' કકળાવવી નહિ. બીજાની આંતરડી કકળાવવા જતાં તો પ્રતિકાર થવાથી કદાચ અટકી જવાય. પણ પશુ અબોલ હોવાથી કોણ અટકાવે ? માટે અબોલની આંતરડી જરાય ન દુભાય, એની તકેદારી રાખવાથી જ 'જગતના તાત' તરીકેના ખેડૂતને મળેલા ખિતાબને તું યથાર્થ પુરવાર કરી શકીશ.'

બોધના આ બોલ જેનો તોલ જ ન થઈ શકે, એવા અમોલ હોવાથી એને મેળવીને ખેડૂત ધન્ય ધન્ય બની ગયો. ખેડૂત જેવી અભણ વ્યક્તિમાં પણ લાગણીનું ઝરણું જે રીતે ખળખળ નાદે વહી રહ્યું હતું, એ જોઈને આવી પ્રજાના રાજા તરીકે નવાબને પણ ગૌરવ અનુભવવાનું મન થાય, એમાં શી નવાઈ ? રાજા અને નેતા વચ્ચેના આભગાભ જેવા ફરકનો પૂરેપૂરો અંદાજ પામવા માટે જૂનાગઢના નવાબનો આ એક જ પ્રસંગ મહત્ત્વનો માપદંડ બની જાય એવો નથી શું ?

## સત્ અને સાધનાની સમર્થતા

### ૫

માણસ હિંસક પ્રાણીઓથી જેટલો ગભરાય છે, એટલો પોતાના મનમાં ઘર કરી ગયેલી એ પ્રાણીઓ પ્રત્યેની હિંસક વૃત્તિથી ડરતો નથી. આના કારણે જાનને જાળવવા એ હિંસક પ્રાણી પર બંદૂક ચલાવવા તૈયાર થઈ જાય છે. ખરી રીતે જો વિચારીએ, તો માણસને વાઘ-સિંહ જેવાં હિંસક પ્રાણીઓ કરતાં, આવાં પ્રાણીઓથી બચવા એમને મારી નાખવા સુધીની જે હિંસક વૃત્તિ પોતાના મનમાં સળવળાટ મચાવી રહી હોય છે, એનાથી જ સાવધ રહેવું જરૂરી ગણાય. એમ કહી શકાય કે, જંગલી પ્રાણીઓ આપણો જીવ નથી લેતાં પણ આપણા જ મનમાં હિંસાના જે પરિણામો પાંગરેલાં હોય છે, એ જ આપણો જીવ લેવા વાઘ-સિંહનો સ્વાંગ સજતા હોય છે. આપણું અંતર જો અહિંસાથી ઓતપ્રોત હોય, હૈયામાં જો જીવદયા જ પડઘાતી હોય, તો પ્રતિધ્વનિ હિંસાનો લગભગ ન જ સાંભળવા મળે. માટે જ ભારતીય સાહિત્યમાં એક એવું સંસ્કૃત સુભાષિત પ્રચલિત છે કે, अहिंसायां प्रतिष्ठायां तत्संन्निधौ वैर-संनित्यागः હૈયામાં પ્રતિષ્ઠિત અહિંસાની પરાકાષ્ટાના પ્રભાવે સામાના દિલમાંથી વેર પ્રાયઃ વિસર્જિત થઈને જ રહે !

આ સંદર્ભમાં ધ્વનિ એવો પ્રતિધ્વનિ અને આહાર એવો ઓડકાર જેવી કહેવતોમાં સનાતન સત્ય જ ઝીલાયું હોય છે. પરંતુ જીવતરને જાળવવા વારંવાર બંદૂક જેવા હત્યારા હથિયારો પર જ જેનો હાથ જતો

હોય, એવો ભારતીય પણ જો 'ધ્વનિ એવા પ્રતિધ્વનિ'ની સચ્ચાઈમાં સંદેહ ધરાવનારો મળી શકે, તો પછી એન્ડરસન જેવા યુરોપિયન શિકારીના ભેજામાં તો આ સચ્ચાઇ જચે જ કંઇ રીતે ? એક તો યુરોપિયન વિકૃતિમાં ઉછેર અને એમાં પાછો શિકારનો શોખ ! પછી એન્ડરસનના દિલ-દિમાગમાં આ વાત ક્યાંથી ઉતરે કે, પોતાના મગજમાં ઘૂમરાતી હત્યારી વૃત્તિ જ પોતાની ઘાતક બનતી હોય છે.

યુરોપની ધરતી પર તો એન્ડરસન ઘણીવાર શિકાર કરવા નીકળતો, પરંતુ એ ભૂમિ પર જેવું દશ્ય નજરે ચડવું એકદમ અસંભવિત જ ગણાય, એ જાતનું દશ્ય ભારતની ભૂમિ પર એની નજરે ચડ્યું. શિકારીના હૈયામાં જડબેસલાક રીતે બદ્ધમૂલ બનેલી બે જ વૃત્તિઓ જોવા મળે : કોઈપણ રીતે જાતનું જતન તથા આકાશપાતાળ એક થઈ જાય, એવી જહેમત ઉઠાવીને પણ પોતાની નજરમાં સપડાયેલા પ્રાણીની હત્યા ! અને આ માટે હથિયારને હાથવગાં રાખ્યાં વિના તો એને ચાલે જ કંઈ રીતે ?

શસ્ત્ર-સજ્જ બનીને શિકાર માટે નીકળેલો એન્ડરસન વધુ સુરક્ષિત રહેવા હાથીના હોદ્દે બેસીને શિકાર માટે ઘૂમી રહ્યો હતો, ત્યાં જ એની નજર એક સંત પર પડી. ચારે બાજુ ભયના ભણકારા વાગી રહ્યા હતા, પણ એ સંત તો સાવ જ નિર્ભય જણાતા હતા. જાણે માતાની ગોદમાં જ બેઠા હોય, એવી અભયતા વચ્ચે મહાલતા સંતને જોઇને એન્ડરસનને થયું કે, શું આમને વાઘ-સિંહ જેવાં જંગલી પ્રાણીઓનો જરાય ડર નહિ લાગતો હોય ? જીવતરનો જરીક પણ મોહ હોય, તો આવી રીતે સાહસ ખેડીને આ જંગલમાં એકલા-અટૂલા આ સંત રહી જ ન શકે. યુરોપના જંગલોમાં વર્ષો સુધી રઝળપાટ કરી હતી, છતાં જે દશ્ય જોવા નહોતું મળ્યું, એ દશ્ય ભારતની ભૂમિ પર જોવા મળતાં જ એન્ડરસન સ્તબ્ધ થઈ ગયો, હાથીના હોદ્દેથી નીચે ઊતરીને અને સંત પાસે જઇને નિર્ભયતાનું રહસ્ય જાણવા એણે પૂછ્યું કે, ચારે તરફ મોત મહાલી રહ્યું

છે, તમારી પાસે સંરક્ષણ માટે એકાદ લાકડી પણ નથી, શું તમને કોઇ પણ જાતનો ડર સતાવતો નથી ? મુખમુદ્રા પર નિર્ભયતા જે રીતે છલકાઇ રહી છે, એ જોતાં એમ લાગે છે કે, પોતાની ત્રાડથી ભલભલાને થથરાવી મૂકતા વાઘ-સિંહ જાણે તમારી સમક્ષ પાળેલા કૂતરા જેવા આજ્ઞાંકિત બની ગયા છે. તમારી આવી નિર્ભયતાનું રહસ્ય હું સમજી શકતો નથી, માટે મારી જિજ્ઞાસા જરૂર તૃપ્ત કરશો.

ધ્યાનમગ્ન સંતે થોડી પળો બાદ આંખ ખોલી, એમને થયું કે, આ કોઈ શિકારી લાગે છે. ભારતીય સંસ્કારોની છાંટ જોવા ન મળવા છતાં એના ચહેરા પરની જિજ્ઞાસા જોઇને સંતે નવો જ મુદ્દો રજૂ કરતાં કહ્યું કે, વાઘ-સિંહથી ડરવા જેવું જ ક્યાં છે ! ડરવા જેવું તો પોતાના મનમાં જ ઘૂરકિયાં કરતાં જંગલી પ્રાણીઓથી છે, આ જંગલમાં વસવાટ કરનારા વાઘ-સિંહ તો પાળેલા કૂતરા જેવા છે, એને વિકરાળ બનવા પ્રેરનાર તો આપણે જ છીએ. આપણા કાળજાની ક્રૂરતા બંદૂક બનીને જ્યારે આ કૂતરાઓની ઉશ્કેરણી કરે છે, ત્યારે જ તો આ કૂતરાઓ વાઘ-સિંહ બનીને આપણો કોળિયો કરવા ધસી આવે છે. આનો અર્થ તો એ જ થયો કે, કુહાડીને હાથો આપણે જ આપીએ છીએ. અને આપણે જ આપણી હત્યામાં હેતુ બની બેસીએ છીએ.

એન્ડરસનને આ બધી વાતો નવી અને મગજમાં ન ઊતરે એવી જ લાગતી હતી, એને તો હથિયારો પર જ આંધળો વિશ્વાસ હતો. એ વિશ્વાસના પાયાને ડગમગાવી નાખતી આ વાતો સામે એણે પ્રશ્ન કર્યો કે, જંગલી અને વિકરાળ પ્રાણીઓ તરફની આપની આવી લાગણી અને આવું વહાલભર્યું વલણ જોઇને મારા હૈયે આશ્ચર્ય સમાતું નથી. આ કંઇ નાના બાળકો નથી કે, પ્રેમનું પ્રદાન કરવા દ્વારા એમની પાસેથી પ્રેમનું પ્રતિદાન ઇચ્છી શકાય ? આ તો જંગલી જનાવરો છે, એને પંપાળવા જાવ, તોય કાળનો કોળિયો બની જવાનો વિપાક જ વેઠવો પડે. માટે હૈયામાં આવા પશુઓ તરફ કૂણી લાગણી જાગે, એ

શક્ય જ નથી. પછી તો હાથમાં હથિયાર લીધા વિના જીવતરની આશા રાખવી, કંઇ રીતે શક્ય ગણાય ?

સંતને થયું કે, હિંસાના જ હિમાયતીને એ સાચી વાત ક્યાંથી સમજાવી શકાય કે, આપણી વૈચારિક હિંસા જ હિંસક-પશુને ઉશ્કેરીને હત્યારા બનવા તરફ દોરી જાય છે અને પછી એના ભોગ આપણને જ બનવું પડતું હોય છે. આવી સમજણ આપવાનો અર્થ ન હોવાથી સંતે કહ્યુ કે, તો તો મારી પાસે હથિયાર નથી, માટે હું ક્યારનોય કાળનો કોળિયો બની ગયો હોત અને તમે શસ્ત્ર-સજ્જ હોવાથી ક્યારે પણ હિંસક-પશુઓના હુમલાના ભોગ નહિ જ બનો અને સહીસલામત રહી શકશો, એમ છાતી છોકીને તમે કહી શકો ખરા ? માટે મારી વાતની સાબિતીરૂપ હું પોતે જ છું અને તમારી વાતની સાબિતી તમે બની શકો એમ નથી. આટલી પરિસ્થિતિ પરથી સત્ય સમજાઈ જ જવું જોઈએ. આ રીતે વાતને સમેટી લઇને સંત ફરી ધ્યાનમગ્ન બની ગયા. એમને થયું કે, આવા મહા-હિંસકની સાથે માથાફોડી કરવા કરતા નિર્ભયતાના ઘરના નિજાનંદમાં ખોવાઈ જવું શું ખોટું ? સંતની વાતો એન્ડરસનના મગજમાં ઊતરતી નહતી અને ઉતારવાની ભાવના પણ ન હતી. વળી શિકારની તલપ શાંતિથી બેસવા દે, એવી ન હતી. એથી તરત જ એન્ડરસન હાથીના હોદ્દે ચડીને શિકાર કાજે નીકળી પડ્યો. જેમની વાતો મગજમાં ઉતરતી ન હતી, એ સંતની નિર્ભય મુખમુદ્રા એ રીતે તરવરતી હતી કે, એને ભૂંસી નાખવા માંગે તોય એન્ડરસન ભૂંસી શકવા સમર્થ નીવડી શકે એમ નહતો.

હાથી વનને ખૂંદતો ખૂંદતો આગે બઢી રહ્યો હતો. ત્યાં જ થોડી વારમાં હિંસક પશુઓની ત્રાડથી વન ધ્રૂજી ઉઠતાં હાથીની ગતિમાં ભારે ભંગાણ પડ્યું અને પરિસ્થિતિએ એકદમ પલટો લઇ લીધો. ત્રાડના શ્રવણે હિંમત હારી બેઠેલા હાથીએ સવાર તરીકે બેઠેલા એન્ડરસનને પટકી દઇને જીવ બચાવવા દોટ મૂકી. ત્રાડથી ગાજી ઉઠેલા વનના

વાતાવરણમાં જે પલટો આવ્યો, એ એન્ડરસન માટે ધારણા બહારનો હતો. હાથી પરથી નીચે પટકાયેલો એ પાછો ઊભો થઈ ગયો. હાથીની જેમ એને પણ જીવ વહાલો હતો, એથી બંદૂકના ધડાકા-ભડાકા સાંભળીને ઉશ્કેરાયેલા એક વાઘે એન્ડરસનનો પીછો પકડ્યો. આ જોઈને એ એટલો બધો ડરી ગયો કે, બંદૂક પરનો એનો વિશ્વાસ ઊઠી ગયો. એની ભવિતવ્યતા કંઈક સારી હશે, એથી એને એવો વિચાર આવ્યો કે, સંતની પાસે પહોંચી જાઉં, તો કદાચ બચી શકું ! મારો પીછો પકડનાર વાઘ ભલે મારમાર કરતો આવી રહ્યો હોય, પણ મને સંતના પગ પકડીને બેઠેલો જોતા જ ચોક્કસ એ શાંત થઈને અટકી જશે.

એન્ડરસન શસ્ત્રોથી સજ્જ હતો. પણ પીછો પકડનારા વાઘના વિચારે એના અંગેઅંગ ધ્રુજારી અનુભવી રહ્યાં હતાં. એકી શ્વાસે દોટ મૂકીને એ સંતની પાસે પહોંચી ગયો. એણે જીવનની ભિક્ષા યાચતાં કહ્યું કે, મને મારવો કે તારવો, એ હવે આપના હાથની વાત છે. હું હાર કબૂલું છું કે, હથિયારો પર મુકાયેલો મારો અંધવિશ્વાસ ઠગારો પુરવાર થયો છે. આ વાઘથી મારો ઉગારો થઈ જશે, તો હું માનીશ કે, ધ્વનિ એવા પ્રતિધ્વનિની જે વાત આપે કરી, એ સો ટચના સુવર્ણ જેવી સાચી અને મૂલ્યવાન છે.

ખૂંખાર બનીને આવી રહેલો વાઘ હવે તો ખૂબ જ નજીક આવીને ઊભો રહી ગયો હતો. એના મોઢા પર ખળભળતા ખુન્નસ પરથી એવું અનુમાન થઈ શકતું હતું કે, એન્ડરસન સંતની છાયાથી છૂટો પડે એ પછી વીફરેલો આ વાઘ એની પર તૂટી પડતા એનાં સોએ સો વરસ થોડીક પળોમાં જ પૂરાં થઈ જશે. આવા તો કેંઈ હિંસક પ્રાણીઓ સંતની સમક્ષ પાળેલાં કૂતરા જેવી આજ્ઞાંકિતતા દર્શાવતાં હતાં. એથી થરથર ધ્રૂજી રહેલા એન્ડરસનને હૂંફ આપતાં સંતે ઈશારાથી એક એવો સંકેત કર્યો કે, વાઘનું ખળભળતું ખુન્નસ બીજી પળે ઠંડુગાર બની ગયું અને એ વાઘ શાંત બનીને પોતાના રસ્તે રવાના થઈ ગયો.

આંખ સામે જ સરજાયેલું આ દશ્ય હતું, છતાં દિલ એવો એકરાર કરવા તૈયાર થતું ન હતું કે, સંતના હૈયામાં છલબલી રહેલો પ્રેમ-પ્રવાહ આ રીતે વાઘના ખૂનમાં ખળભળી રહેલા ખુન્નસની ભડભડતી આગને બુઝાવી શકે.

વાઘ ગરીબ ગાય બનીને ચાલ્યો જતાં જ એન્ડરસનની આંખોમાંથી આનંદ અને અહોભાવની આંસુધાર વહી નીકળી. વિકરાળ વાઘને ગરીબ ગાયમાં પલોટી નાખનારા સંત સમક્ષ આથીય વધુ આશ્ચર્યકારી હૈયા-પલટનો એકરાર કરતાં એન્ડરસને એટલું કહીને વિદાય લીધી કે, આજથી મારે હવે શિકાર બંધ અને માંસાહાર પણ બંધ !

❖

સત્ અને સંતનું સામર્થ્ય દર્શાવતી પ્રસ્તુત ઘટનાને જ મળતી એક અજબ ઘટના કર્નલ ક્રોવટીના જીવનમાં પણ બની હતી. સંતના દઢ-સુદઢ પ્રણિધાનનો પરચો અને પ્રભાવ આ ઘટનામાં ઘૂમરાઈ રહેલો જણાય, તો જરાય નવાઈ નહિ. અંગ્રેજી રાજ્યના એ દિવસોમાં કર્નલ ક્રોવટી ઘણી વાર ભારત આવતા, ત્યારે સૈનિકોને લક્ષ્ય-વીંધવા માટેની ખાસ તાલીમ આપતા. એમની પાસે અનુભવનો ભરપૂર ખજાનો હોવાથી સૈનિકો હોંશે હોંશે તાલીમકેન્દ્રમાં જોડાતા અને થોડા વખતમાં જ એવા લક્ષ્યવેધી બની જતા કે, જેથી એ સૈનિક ઉપરાંત કર્નલનું નામ પણ પ્રતિષ્ઠા પાત્ર બની જતું.

એક વાર આવા તાલીમ-કેન્દ્રમાં સૈંકડો સૈનિકો ઊભરાતા મોટું મેદાન તાલીમ માટે પસંદ કરાયું. એ મેદાનમાં ખૂણે ખાંચરે કોઈનું રહેઠાણ ન હોય, એ સુરક્ષાની દૃષ્ટિએ અગત્યનું હોવાથી આવી તપાસ જરૂરી જણાતાં સૈનિકો મેદાનમાં તપાસ માટે ફરી વળ્યા. આસપાસની ઝાડીથી જે વૃક્ષનું થડ જોઈ શકાતું ન હતું. એ થડની પાસે પહોંચતાં જ સૈનિકોની નજર એક સંત પર પડી. ધ્યાનસ્થ દશામાં ઊભેલા એ સંતને વિનંતી કરતાં સૈનિકોએ કહ્યું કે, સબ ભૂમિ ગોપાલ કી ગણાય, એમ

સંતની પણ ગણાય. આ દૃષ્ટિથી આપને અન્યત્ર જવાનું તો કેવી રીતે કહેવાય ? પણ સાથે સાથે પૂરી વિનમ્રતાપૂર્વક આપને એટલી અરજી કરવી જ રહી કે, આ મેદાન સૈનિકો માટેના તાલીમકેન્દ્ર તરીકે પસંદ કરાયું છે. સૈનિકોની સંખ્યા ઘણી મોટી છે. અને લક્ષ્ય-વેધની તાલીમ આપવાની હોવાથી કઇ દિશામાંથી બંદૂકની ગોળી છૂટીને કઇ તરફ પસાર થઇ જાય, એ કહેવાય નહિ. માટે આપ અન્યત્ર જઇને ધ્યાનસ્થ બનો, તો પછી જોખમ જેવું ન રહે.

સંત તરફથી જવાબ મળ્યો : સમયની જેમ સ્થળના સાતત્યનો પણ પ્રભાવ સાધના માટે સહાયક બની જતો હોય છે. વર્ષોથી આ જ જગા પર થતી સાધનાનો લય સ્થળાંતર થતાં વિલય પામી જવાની શક્યતાનો અંદાજ તો તમને ક્યાંથી આવી શકે ? માટે તમારી તાલીમમાં હું જેમ વિક્ષેપ ઇચ્છતો નથી, તેમ તમે સ્થળાંતર દ્વારા મારી સાધનામાં વિક્ષેપ પાડવાનો પ્રયત્ન નહિ જ કરો, એમ હું ઇચ્છું છું. તમે તમારું કામ કરી શકો છો, મને મારી સાધના કરવા દો. હું હેમખેમ રહીશ. આ અંગે નિશ્ચિત બની જાવ.

આટલું કહીને સંત સાધનામાં મગ્ન બની ગયા. સૈનિકોને આ સાહસ વધુ પડતું લાગતું હતું. સંત જેવો આત્મવિશ્વાસ એમનામાં ન હતો, એથી સ્થાનાંતર માટે ખૂબ ખૂબ કરગરવા છતાં સંતે અક્ષર પણ ન સાંભળ્યો, ત્યારે એવો ઉપેક્ષાભાવ વ્યક્ત કરતા એઓ ચાલ્યા ગયા કે, આ બાવાને જ જો પોતાના જીવનની પડી ન હોય, તો આપણે શું ? હવે જો કોઈ અઘટિત-ઘટના બની જશે, તો આપણી તરફ કોઇ આંગળી નહિ કરી શકે. સૈનિકો ચાલ્યા ગયા, સંત ધ્યાનસ્થ બની ગયા. રોજ કરતાં આજની ધ્યાન-મુદ્રામાં એટલો ફેરફાર થયો હતો કે, બે હાથના પંજા મુખ-મસ્તકની રક્ષા માટે જાણે દીવાલ બની ગયા હતા. સંત સાથે થયેલી માથાઝીંકને સૈનિકોએ વધારી-વધારીને કર્નલ સમક્ષ રજૂ કરી, ત્યારે સંતનો પોતાના જીવતર તરફનો આટલી હદ સુધીનો ઉપેક્ષાભાવ

એમના કાળજે આશ્ચર્ય-અહોભાવ જગવી ગયો, સાથે સાથે સંતની આસપાસનું અવલોકન કરવા એમણે દૂરબીન દ્વારા બધું જોતા રહેવાનો નિર્ણય કર્યો.

કર્નલનો હુકમ થતાં જ તાલીમની શરૂઆત થઈ ગઈ. લક્ષ્યવેધની તાલીમ હોવાથી બંદૂકોમાંથી ધડાધડ કરતી ગોળીઓની ઝડી ઝીંકાવા માંડી. કર્નલની નજર દૂરબીન પરથી દૂર થતી ન હતી. સંત ક્યાંક સિતમનો ભોગ ન બની જાય, એની જ એમને ચિંતા હતી. પણ દૂરબીનમાં જાણે કોઇ ચમત્કાર જોવા મળતો હતો. કોઇ પણ દિશામાંથી ધડાધડ કરતી આવતી ગોળી, એ વૃક્ષની નજીક આવતાં પૂર્વે જ વળાંક લઇ લેતી હતી અને એકાદ પાંદડાનેય ખેરવ્યા-વીંધ્યા વિના એ આગળ વધી જતી હતી. સત્ અને સંતની સમર્થતા એટલી જોરદાર હતી કે, ધડાધડ છૂટતી બંદૂકની ગોળીઓને એ વૃક્ષ સમક્ષ વળાંક લેવા વિવશ બનવું જ પડતું, એથી સંતનો વાળ પણ વાંકો ન વળી શકતો !

દૂરબીને દર્શાવેલા આ ચમત્કારથી ચકચાર અનુભવતા કર્નલ અને કેટલાક સૈનિકો તાલીમ પૂરી થતા જ એ સંત સમક્ષ દોડી ગયા. અચરજભર્યા પ્રશ્નોની ઝડી વરસતાં સંતે એટલો જ જવાબ વાળ્યો : "મેં નહોતું કહ્યું કે, મને મારી સાધના કરવા દેશો. હું હેમખેમ રહીશ. બંદૂકની ગોળીને તમે ભલે બળવાન માનો, પણ ભારતમાં તો આ રીતે સત્ અને સાધના જ વધુ બળવાન સાબિત થતી હોય છે."

# કેવું વિરલ પ્રજા-વાત્સલ્ય

## ૬

પ્રજાવત્સલ રાજા અને રાજવી-સમર્પિત પ્રજા ! આ ભૂતકાળની ભવ્યતા હતી. લોકનિરપેક્ષ નેતા અને નેતા વિરુદ્ધ જનતા ! આ વર્તમાનકાળનું વરવું ચિત્ર છે. ભૂતકાળમાં રાજવીઓ પ્રજાનાં હૃદય-સિંહાસને અભિષિક્ત બનીને એવી રાજપુણ્યાઈનો ભોગવટો કરી ગયા કે, એ પુણ્યાઈનો સૂર્ય અસ્ત પામી જવા છતાં હજી આજેય એની લાલી ઝાંખી પડી નથી, એથી કીર્તિદેહે તેઓ અજર-અમર હોય, એમ જણાઈ રહ્યું છે. આવા અનેકાનેક રાજ-રજવાડાંઓમાં ભાવનગરના બાપુ તખ્તસિંહજીનું એક આગવું નામ-કામ હતું. એમની કીર્તિ-કથાનું શ્રવણ કરતાં કરતાં આજના નેતાઓનાં દિલદિમાગમાં એક એવો સણસણતો સવાલ ભોંકાયા વિના નહિ જ રહે કે, જીવતાં જાગતાં અમને કોઈ સંભારતું નથી, ત્યારે આવા રાજવીઓ વર્ષોનાં વર્ષો વીતી જવા છતાં આજેય વિસરાતા નથી, એનું કારણ શું હશે ?

આ જાતના સવાલનો સચોટ જવાબ બની જાય, એવા એક-બે પ્રસંગો જાણવા જેવા છે : પ્રજાવત્સલ તખ્તસિંહજી પ્રજાને વધુ ચાહતા હતા કે પ્રજા એમને વધુ ચાહતી હતી ? આના નિર્ણય પર આવવું અસંભવિત જણાતાં અંતે મનોમન એવું જ સમાધાન કરવું પડે કે, રાજાનો પ્રજાપ્રેમ અને પ્રજાનો રાજવી-પ્રેમ : આ બંને અનુપમ હતા. રાજવીની સવારી પ્રતિવર્ષ બે વાર નીકળતી : એક દશેરાના દિવસે

શસ્ત્ર-પૂજન માટે, બીજી બળેવને દિવસે સાગર પૂજન માટે ! આ બંને સવારી નિહાળવા ભાવનગરમાં માનવ મહેરામણ ઉમટતો.

દશેરાની સવારી દરમિયાન ભાવનગરમાં એક વાર એવો પ્રસંગ બની જવા પામ્યો કે, રૂપાપરીનો દરવાજો વટાવીને ગગા ઓઝાની વાડી નજીક થઇને બાપુની સવારી જ્યાં આગળ વધવા માંડી, ત્યાં દૂરથી ફેંકાયેલો એક પથ્થર તખ્તસિંહજીના માથાને અડીને આગળ વધી ગયો. આ રીતે કોઇ બાપુને અનુલક્ષીને પથ્થરનો ઘા કરે, એ તો શક્ય જ ન હોવાથી બાપુએ આસપાસના પ્રદેશમાં તપાસ કરવાનું સૂચન કર્યું. પથ્થરનો ઘા જોકે જોરદાર ન હતો, પણ ઘાના કારણે માથા પર થોડુંક ઢીમડું તો ઊપસી જ આવ્યું હતું.

ઓઝાની વાડીની આસપાસ કોળીઓનાં ઝૂંપડાંઓનો વસવાટ હોવાથી પથ્થરનો ઘા કોઇ કોળીની ઝૂંપડીમાંથી જ થયો હોવાની શક્યતા સંભવિત હતી. એ શક્યતા મુજબ તપાસ આરંભાતાં થોડી જ વારમાં એક કોળીનો છોકરો પથ્થર ફેંકીને કોઠાં પાડતો ઝડપાઈ ગયો. દીવાનની આંખ લાલઘૂમ હતી, એથી એ છોકરા સાથે કોઈ જાતની પૂછપરછ કર્યા વિના એમણે સેવકોને હુકમ કર્યો કે, આ છોકરાને પકડી લઇને તરત જ મોતીબાગમાં હાજર કરજો. સાંજે ત્યાં દરબાર ભરાશે, ત્યારે બાપુ પર પથ્થરનો ઘા કરવાના ગુના બદલ જે શિક્ષા કરાતી હશે, એ શિક્ષા જાહેર કરવામાં આવશે.

રંગે હાથ પકડાઇ ગયેલા એ છોકરાની મા વિધવા હતી, સવારી જોવા એ આઘીપાછી થઇ, ત્યારે એના છોકરાએ કોઠાં પાડવા માટે પથરા ફેંકવાની શરૂઆત કરી, એમાં એના દુર્ભાગ્યે એક પથ્થરનો ઘા થોડોક જોરદાર થવાથી બાપુના મસ્તકને જરાક માર પહોંચાડીને એ પથ્થર આગળ વધી ગયો.

છોકરાને અને વિધવા માતાને ત્યારે જ એ વાતનો ખ્યાલ આવ્યો કે, કોઠાં પાડવા નંખાયેલા પથ્થરનો ઘા બાપુને લાગ્યો હોવાથી પોતે

ગુનેગાર ઠર્યાં છે. દીવાનના હુકમ મુજબ ગુનેગાર છોકરાને રાજસેવકો પકડીને મોતીબાગ તરફ લઈ જવા માંડ્યા. બચાવનો એકાદ અક્ષર પણ બોલવાની તક મા-દીકરાને અપાઈ ન હોવાથી બંને ભયથી થરથર ધ્રૂજી રહ્યાં હતાં. પથ્થર કોઠાં પાડવા જ નંખાયો હતો, બાપુને ઈજા પમાડવાનો તો સ્વપ્નેય ઈરાદો નહોતો. છતાં ઘા બાપુને વાગ્યો હતો, આ પણ હકીકત હતી. એથી આ ગુનાની સજા રૂપે થનારો દંડ મા-દીકરાના કાળજાને કંપાવી રહ્યો હતો.

સવારી સમાપ્ત થતાં જ મોતીબાગમાં મળેલા દરબારમાં બાપુ જ્યાં સિંહાસન પર ગોઠવાયા, ત્યાં જ રાજસેવકો ગુનેગારને લઈને ખડા થઈ ગયા. ધ્રુસકે ધ્રુસકે રડી રહેલાં મા-દીકરાને જોતાં જ સભાને એક તરફ એની પર દયાની લાગણી પેદા થઈ, તો બીજી તરફ એવું કૂતુહલ પણ સભાને ઘેરી વળ્યું કે, કેવી સજા ફટકારાશે ?

દીવાનની આંખ લાલઘૂમ હોવા છતાં બાપુની આંખનો ખૂણોય લાલાશ ધરાવતો નહોતો બન્યો, એ જોતાં જ મા-દીકરાના જીવમાં જરાક જીવ આવ્યો. એમને એવી આશા જાગી કે, જો હકીકત જણાવીશું, તો બાપુ અસહ્ય સજા તો નહિ જ ફટકારે ! બાપુ મા-દીકરા સાથે પૂછપરછ કરવા ઈચ્છતા હતા, પણ દીવાને તો સીધી જ પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, બાપુ ! આ છોકરાએ જ પથ્થરનો ઘા કર્યો હોવાથી આપના માથે ઢીમડું ઊપસી આવ્યું છે. આવા ગુના બદલ આપ હવે જે સજા ફરમાવો, એને શિરોધાર્ય રાખ્યા વિના આ મા-દીકરાનો છુટકારો થાય એમ જ નથી.

દીવાનની આ વાત લક્ષ્યમાં લીધા વિના જ પ્રજાવત્સલ બાપુએ છોકરાને હળવાશપૂર્વક પૂછ્યું કે, તારે બચાવમાં જે કંઈ કહેવું હોય, એ કહેવાની છૂટ છે. તું જરાય ડર રાખ્યા વિના સાચી વિગત રજૂ કરી શકે છે. એને બરાબર સાંભળવાની મારી તૈયારી છે.

બાપુની આટલી વાત સાંભળીને છોકરામાં કંઈક હિંમત જાગી.

એણે કહેવા માંડ્યું કે, બાપુ ! આપની પર પથ્થરનો ઘા કરવાનો વિચાર તો શત્રુનેય ન આવે, ત્યાં મને તો સ્વપ્નેય આ જાતનો વિચાર આવવો શક્ય જ ન ગણાય. આપ તો અમારા શિરછત્ર છો, કાળજાની કોર સમા આપની પર કોઈ કાંકરીચાળો કરે, તોય હું એની આંગળી પકડ્યા વિના ન જ રહું. હું કોઠાના ઝાડ પર એ માટે જ પથ્થરના ઘા કરી રહ્યો હતો કે, ઝાડ પરથી કોઠાં નીચે પડે અને એ કોઠાની ચટણી સાથે રોટલાં ખાઈને પેટનો ખાડો ભરી શકાય ! આ મારો રોજનો-અવારનવારનો ક્રમ હોવા છતાં આજે મારું દુર્ભાગ્ય જાગ્યું કે, કોઠાં મેળવવા ફેંકેલો પથ્થર નિશાન ચૂકીને આપને ઈજા પહોંચાડી ગયો. બાપુ ! આ માટે હું દિલગીર છું. ગુનો કરવાનો જરાય આશય ન હોવા છતાં હું આજે આપનો ગુનેગાર બની જ ચૂક્યો છું. માટે આપ જે કંઈ સજા-દંડ ફરમાવશો, એને હું સહર્ષ શિરોધાર્ય કર્યા વિના નહિ જ રહું. પરંતુ બાપુ ! એટલી રહેમ રાખવા વીનવું છે કે, પતિવિહોણી માતા માટે આધારની લાકડી એકમાત્ર હું જ છું. માટે મારી આ માતા થોડાઘણા સમય પૂરતી પણ નિરાધાર ન બની જાય, એટલો ખ્યાલ રાખીને આપ સજા ફરમાવશો, તો હું આપનો ભારોભાર આભાર માન્યા વિના નહિ રહું. મારે આમ તો બચાવ કરવાનો હોય જ નહિ, પણ આપે ઉદારતા દર્શાવી, એથી આટલું હૈયું ખોલ્યું છે, આમાં નાના મોઢે મોટી વાત થઈ હોય, તો એ બદલ હું લળી લળીને ક્ષમા ચાહું છું.

આટલું બોલતાંની સાથે જ કોળીનો એ છોકરો બાપુના ચરણે ઢળી પડ્યો, એની આંખમાંથી વહેતી અનરાધાર આંસુધાર બાપુના પગને પ્રક્ષાલી રહી. છોકરાની નિખાલસ વાત સાંભળીને સૌને વિશ્વાસ બેસી ગયો કે, બાપુને ચોટ પહોંચાડનાર પથ્થરનો ઘા પૂર્વઆયોજિત નહિ, પણ આકસ્મિક હતો. સાથે સાથે સૌનું હૈયું એમ પણ કબૂલી રહ્યું હતું કે, આમ છતાં પોતાના માથે ઈજા પહોંચાડનાર ગુનેગાર પર બાપુ રહેમનજર તો નહિ જ કરે. ભવિષ્યમાં આવી કોઈ ભૂલ બીજા કોઈના

હાથે પણ ન થવા પામે, એ માટે બાપુ કડક શિક્ષા તો જરૂર કરશે જ. દીવાનને પણ આવો જ વિશ્વાસ હોવાથી એમણે પોતાનું મંતવ્ય રજૂ કર્યું કે, બાપુ ! ગુનેગારે જ્યારે જાતે જ ગુનો કબૂલી લીધો છે, ત્યારે મારે સજા કરવા અંગે વિશેષ કંઈ જ કહેવાનું રહેતું નથી. હા. હું હજી એટલું જરૂર વીનવી શકું કે, કબૂલાત પછી જોકે ગુનો ગુનો રહેતો નથી. છતાં બોધપાઠ મળે, એ માટે મામૂલી સજા તો આપ જરૂર ફરમાવશો જ.

ગુનેગાર છોકરાને માથું ઊંચું કરવા સૂચવીને બાપુ તખ્તસિંહજીએ ફેંસલો ફાડવાની પૂર્વભૂમિકા રજૂ કરવાની તૈયારી કરતાં હકડેઠઠ સભાની આંખો અને અંતર બાપુ તરફ કેન્દ્રિત બની ગયા. સૌની ધારણાને ધૂળમાં મેળવી દેતો આત્માનો અવાજ વ્યક્ત કરતો સૂર કાઢતાં બાપુએ કહ્યું : ‘જાણી જોઈને પથ્થરનો ઘા કરનારને વૃક્ષ જો ફળપ્રદાન કરવાની ઉદારતા દાખવી શકતું હોય, તો અજાણતા થઈ ગયેલા પથ્થરના ઘાનો બદલો વાળવા માટે શું કરવું જોઈએ ? એ એક રાજા તરીકે પ્રજા પાસેથી હું જાણવા માંગું છું. પ્રજા મને નિખાલસ ભાવે માર્ગદર્શન આપે, એવી હું અપેક્ષા રાખું, તો તે વધુ પડતી ન જ ગણાય.

રાજવી મૌન રહીને પ્રજા પાસેથી માર્ગદર્શન મેળવી રહ્યા. આ પ્રશ્ન પરથી જ રાજવીની પ્રજાવત્સલતાનો અંદાજ આવી જવા છતાં શું માર્ગદર્શન આપવું, આ અંગે દ્વિધા અનુભવતી સભાને અને પ્રજાને અનુલક્ષીને આત્માનો અવાજ રજૂ કરતાં બાપુએ જણાવ્યું કે, પથ્થરનો માર-ઘા વેઠીનેય વૃક્ષ જો ઉદારતા દાખવવા ફળદાતા બનતું હોય, તો વૃક્ષની સમોવડતા જાળવી જાણવા માટેય મારે આ છોકરાને પેટ ભરવા કોઠાં ન પાડવાં પડે, એવી ઉદારતા દાખવવી જ રહીને ? અલ્યા છોકરા ! રડ નહિ. રૂપિયાના આ ઢગલામાંથી લેવાય એટલા રૂપિયા તું લઈ જા. જોકે વૃક્ષથી પણ મારે તો આગળ વિકસવું જોઈએ. પણ હાલ તો વૃક્ષની સમોવડતા સાચવી શકું, એ માટે તારે મારું આટલું દાન તો સ્વીકારવું જ પડશે.

રાજવીની પ્રજાવત્સલતા આટલી હદે વિકસિત હશે, એની તો કોઈને કલ્પનાય ન હતી. કલ્પનાતીત આવી વત્સલતાના વહેણમાં આકંઠ સ્નાન-પાન કરતી સભા વિખરાઈ, ત્યારે સૌના અંતરમાંથી જે અહોભાવ છલકાઈ રહ્યો હતો, એની છાલક આજેય ભાવનગરને ભીંજવી જ રહી છે, કેમ કે આવા રાજવીના પુણ્ય સ્મરણે પ્રજાની આંખમાં આજેય અહોભાવ ઉભરાયા વિના નથી જ રહેતો ?

આ જ બાપુ તખ્તસિંહજી, આને મળતો આવો જ એક પ્રસંગ એમના જીવનમાં ત્યારે બનવા પામ્યો કે, જ્યારે બાપુને એક વખત ફરતાં ફરતાં કુંડલા પધારવાનું થયું. કુંડલાએ બાપુની પધરામણીને આનંદની વધામણી ગણીને હૈયાના હેતથી આવકારી. આખો દિવસ આનંદના અબીલ-ગુલાલ ઊડતા જ રહ્યા. સમી સાંજે ભોજન-સમારંભ યોજવા દ્વારા તો એ રંગમાં ઓર ઉછાળો આવ્યો. મોડી રાત સુધી એ રંગની છોળો ઊછળતી જ રહી.

બાપુના માનમાં યોજાયેલા એ ભોજન સમારંભમાં મોટી સંખ્યામાં અતિથિઓ આમંત્રિત કરાયા હોવાથી વહેલી તકે સાફ-સફાઈ થઈ જાય, એ માટે એવી કડક સૂચના અપાઈ કે, રાજવી વહેલી સવારે જાગે, એ પૂર્વે જ સંપૂર્ણ સફાઈ થઈ જવી જોઈએ. આની પાછળનો હેતુ એ પણ હતો કે, જેથી સફાઈ કરવા આવેલાનું મોં ઉઠતાંની સાથે જ બાપુને જોવાનો વખત ન આવે.

કેટલીક વખત ન ધાર્યું હોય, એ બને અને ધારણા બધી ધૂળમાં મળી જાય. એક તો ભોજન સમારંભ મોડે સુધી ચાલ્યો, આમંત્રિતોની સંખ્યા ધાર્યા કરતા વધી ગઈ, અને સફાઈ માટે અપેક્ષિત માણસો વળી ઓછા આવ્યા. એથી રાત પૂરી થવા આવી તોય સફાઈ માટેની દોડધામ ચાલુ જ રહી અને જે માણસો સફાઈ કરતા હતા, એમાં વળી હરિજનોની સંખ્યા જ વધુ રહી. આટલું ઓછું હોય, એમ ભોજન સમારંભ પછીની એ સવારે બાપુ રોજ કરતાં વહેલા જાગી ગયા.

બાપુને જાગી ગયેલા જોઇને સફાઇ કરનારા માણસોમાં દોડધામ મચી ગઇ. કારણ કે વહેલાસર સફાઇ પૂરી કરવાની કડક આજ્ઞા હતી. એમાં એક હરિજનને એમ લાગ્યુ કે, બાપુની નજરે પોતાની નોંધ લઇ લીધી છે. એથી એકદમ ગભરાઇ જઇને એણે દોટ મૂકી. જાણે કોઇ ભૂતાવળથી ભાગી છૂટવા મથતો હોય, એ રીતે જીવ લઇને ભાગી રહેલા એ હરિજનને જોઇને બાપુના દિલમાં આશ્ચર્ય અને કુતૂહલ જાગ્યું કે, આ માણસ એકાએક જ શા માટે આ રીતે ભાગી છૂટ્યો હશે? એમણે સેવકને આજ્ઞા કરીને એ માણસને પાછો બોલાવ્યો. સેવકે એનો પીછો પકડીને હુકમ કહી સંભળાવ્યો, એથી તો એવા ભયની ભૂતાવળ એને વધુ ઘેરી વળી કે, જાગતાની સાથે હું નજરે પડ્યો, એથી ક્રોધિત બની ઉઠેલા બાપુનો ભભૂકી ઉઠેલી આગ જેવો આક્રોશ મારે ખમવો જ પડશે. હું કેવો અભાગિયો કે, કોઇની પર નહિ, અને મારી પર જ બાપુની નજર પડી.

ભયથી ભાગતા એ માણસની દશા સૂડી વચ્ચેની સોપારી જેવી થઇ જવા પામી. હવે પોતે ભાગી જાય, તો બાપુના હુકમની અવગણના રૂપ બેવડો ગુનો ગણાય અને બાપુ સમક્ષ હાજર થાય, તો તો બાપુના ક્રોધની અંગે અંગને દઝાડતી આગમાં સામેથી જઇને ઝંપલાવવું પડે. પરંતુ બાપુનો હુકમ સ્વીકારીને પાછા ફર્યા સિવાય છૂટકો જ ન જણાતાં એ હરિજન ભયથી ફફડતો ફફડતો પાછો ફર્યો અને બાપુની સમક્ષ વગર કહ્યે જ ગુનાની કબૂલાત કરતાં એણે કહ્યું : બાપુ ! આપ જાગી જાવ, એ પૂર્વે જ સફાઇ કરી દેવાના આદેશની અવગણના કરવાનું કટુ ફળ મારે ભોગવવું ન પડે, એ માટે જ હું ભાગી છૂટ્યો હતો, પણ આ અક્કરમીનું દુર્ભાગ્ય બે ડગલા આગળ હોવાથી આપની નજર મારા પર જ પડી. આપને અપશુકન થવામાં નિમિત્ત બનવા બદલ હું માફી માંગુ છું. આથી વધુ તો હું શું કહી શકું? હવે મને મારવો કે જીવાડવો,

એ આપની મરજીની વાત છે. મને જીવતો રાખવા હું આપને વીનવું છું. પણ આપ જો મને મારી નાખવા જ ચાહતા હો, તો મારે એ મોતને મીઠું ગણવું જ પડશે.

પોતે જાગે એ પૂર્વે જ સફાઈનું કાર્ય પૂર્ણ કરી દેવાના હુકમ પાછળનો હેતુ બાપુ સમક્ષ એકદમ સ્પષ્ટ રીતે તરવરી ઉઠ્યો. એમને એ સમજાઇ ગયું કે, પોતાને અપશુકન થવાની આશંકા ન જાગે, એ માટે જ આવો આદેશ કરાયો હતો, એથી હું જો આ હરિજનને હેરાન-પરેશાન કરીશ, તો તો એના મનમાં એવી જ છાપ સુદૃઢ થશે કે, બાપુનું દર્શન કેવું જીવલેણ કે, આજે મને પહેલું દર્શન આ બાપુનું થયું અને મારુ ંતો ધનોતપનોત જ નીકળી જવા પામ્યું. આ જાતની મિથ્યામાન્યતા જડમૂળથી ઉખડી જાય, એ જાતનું વલણ હું નહિ અપનાવું, તો રાજપદ તો દૂર રહ્યું, મારી માનવતા પણ લાજશે. માટે મારે આ ઘડીએ એવો જવાબ વાળીને આ માણસનું મન જીતી લેવું જોઈએ કે, એના માથે વાદળ વિનાની અમૃત-વર્ષા થવા પામી હોય, એવી આશ્ચર્યભરી આનંદાનુભૂતિ એ માણી શકે. થરથર ધ્રૂજતા એ માણસને બાપુએ કહ્યું : તારું મોં દેખાઇ જવાથી અપશુકન થયાની કોઇ આશંકા મને થાય એમ નથી, છતાં કોઇ નડતર આડું આવશે, તો એને દૂર દૂર ધકેલી દેવા હું સમર્થ છું. પરંતુ મારું દર્શન તને પ્રથમ થયું, આના પ્રતાપે તારું દળદર જો હું દૂર ન કરી શકું, તો પછી હું રાજવી શાનો ? માટે લે આ સોનાનાં કડાં અને બધાં જ ભયથી મુક્ત બનીને મજા મજા કર.

આટલું કહીને બાપુ તખ્તસિંહજીએ પોતાના કાંડાને શોભાવતા સોનાનાં કડાં કાઢીને પોતાને ગુનેગાર સમજતા એ માણસના હાથમાં મૂક્યા. એ હરિજનને આ પળે સમજાતું નહોતું કે, શું બની રહ્યું છે ! કોઇ દેવ પ્રસન્ન થઈને પોતાની સમક્ષ પ્રત્યક્ષ થયા હોય, એવી ભાવાનુભૂતિની ભરતીમાં તણાતા એ હરિજન પાસેથી આભારના બે અક્ષર પણ સાંભળવાથી નિરપેક્ષ બાપુનું મન ભરીને દર્શન મેળવવા

એણે આંખ ખોલી, પણ બાપુ તો પોતાના કામ માટે અન્યત્ર ચાલ્યા ગયા હતા.

પ્રજાવત્સલ આવું વ્યક્તિત્વ ધરાવતા તખ્તસિંહજીને સ્થળ-કાળનું કયું પરિબળ ભુલાવી શકે ? આજના નેતા પાસે એવી વિરલ-વિશેષતાનું કયું પાસું જમાખાતે છે કે, આવતી કાલની વાત તો દૂર રહી, એને આજે પણ કોઈ યાદ રાખે ?

## શરણાગત સસલાની રક્ષા કાજે

### ૭

જીવની દયા અને શરણાગતની રક્ષા કાજે મરી ફીટવાની મર્દાનગી ભારતની ભૂમિની ભવ્યતા ગણાતી હતી. એમાંય મારવાડ-સોરઠ-કચ્છની ધરતીના ધાવણમાંથી જ આવા સંસ્કારોનું સવિશેષ રીતે અમીપાન કરવા મળ્યું હોવાથી કેટલાંય ગામ-નગરોનાં પાદરે રક્ષાધર્મ અદા કરતાં કરતાં શહીદ બની જનારા ધર્મવીરોના પાળિયા આજેય જોવા મળે છે. આવા જ બે પાળિયા કચ્છની ધરતી પર વસેલા મુન્દ્રા-તાલુકાના શેખડિયા અને શાડાઉ ગામના પાદરે તૂટી-ફૂટી હાલતમાં જોવા મળતા હોવા છતાં એના માધ્યમે ઈતિહાસની જે સુવાસ ફેલાતી રહે છે, એ તો તાજી તાજી અને તન-મનને તરબતર કરી દેવા સમર્થ છે.

શેખડિયા ગામની પાદરે ઊભેલો પાળિયો ચારણીબાઈ પુનસરીની યાદ અપાવે છે, તો શાડાઉ ગામનો પાળિયો એક સસલાની સ્મૃતિ અપાવે છે. આ બંને પાળિયાના માધ્યમે શરણાગત સસલાની રક્ષા કાજે શહીદી વહોરનારી એક નારીની ખુમારીના ખજાનામાં ડોકિયું કરીએ :

દોઢસો વર્ષ પૂર્વે જામ રાવળે ચારણોની વસ્તી ધરાવતાં બાવન ગામો ચારણોને ભેટ લખી આપ્યાં હતાં. આ લેખ-પત્રને કચ્છના રાવ ખેંગારજીએ પણ યથાવત રાખીને ચારણોના એ ગરાસને માન્ય રાખ્યો હતો. મુન્દ્રા તાલુકામાં આવેલું શેખડિયા ચારણોના ગરાસનું જ એક ગામ ગણાતું. ગામમાં ખેતાજી ચારણનું નામ-કામ-ઠામ મોટું ગણાતું.

એની પત્ની પુનસરી અબળા હોવા છતાં ક્ષાત્રવટના કારણે સિંહણ સમી ભાસતી, શરણાગતની રક્ષા કાજે જીવનને હોડમાં મૂકી દેવાની એની હિંમત આસપાસનાં ગામોમાં એકીઅવાજે વખણાતી. ચારણ ખેતાજીને પણ આવા સંસ્કારો બાળપણથી જ મળેલા. આમ, સરખે-સરખી જોડી તરીકે ચારણ અને ચારણીના નામકામ ચમકતાં હતાં.

એક દિવસની વાત છે. ચારણી પુનસરી ખેતરનું કાર્ય પતાવીને ગામ તરફ પાછી ફરી હતી. ઉનાળાના દિવસો હોવાથી પરસેવે રેબઝેબ બનેલી એ એક વડલા નીચે આરામ કરવા બેઠી. થોડી સાહેલીઓ પણ સાથે હતી. અલકમલકની વાતોનો રંગ જ્યાં બરાબર જામ્યો, ત્યાં જ એમાં ભંગ પાડતું એક સસલું ભયથી બેબાકળું બનીને દોડતું દોડતું ત્યાં આવ્યું અને એ પુનસરીના ખોળાને નિર્ભય સ્થાન સમજીને ત્યાં છુપાઇ ગયું. ભયની કંપારી અનુભવતા એના દેહ પર પુનસરીએ જ્યાં હેતાળ હાથ જરીક ફેરવ્યો, ત્યાં સસલું નિર્ભયતા અનુભવતું નિશ્ચિંત બની ગયું.

પુનસરીને લાગ્યું કે, કોઇ શિકારી આની પાછળ પડ્યો હશે, માટે જ આ સસલું ભયથી ફફડી રહ્યું હશે, આનો પીછો પકડતો શિકારી આવતો જ હોવો જોઈએ. માટે હવે આની રક્ષા મારો ધર્મ બની જાય છે. જીવદયા ઉપરાંત શરણાગતની રક્ષા ખાતર પણ મારાથી હવે આ સસલાની ઉપેક્ષા ન જ કરી શકાય. મરીને પણ આ સસલાને બચાવવા જે ભોગ આપવો પડશે, એ ભોગ આપવા જતા હું જરાય પાછી પાની નહિ જ કરું. ચારણીની વિચારધારા આગળ વધે, ત્યાં જ મારમાર કરતો કાનો રાઠોડ શિકારીના રૌદ્ર સ્વરૂપમાં આવીને ખડો થઇ ગયો. પુનસરીના ખોળામાં લપાયેલા સસલાને જોતાંની સાથે જ એણે રાડ પાડી : ઓ ચારણીબાઈ ! આ સસલું મને સોંપી દે. આનો પીછો કરતાં કરતાં હું થાકીને લોથપોથ બની ગયો છું. એથી આનો બદલો લેવા આ સસલા પર હું સિતમ ગુજાર્યા વિના નહિ જ રહું.

શિકારીનો આ આક્રોશ જોઈને તો પુનસરી વધુ મક્કમ બની ઊઠી. એણે ચોખ્ખે-ચોખ્ખું સંભળાવી દીધું : તમે થાય એ કરી લેજો. આ સસલાને હું કંઈ ચોરીછૂપીથી લઇ આવી નથી. સામેથી જ સસલું આવીને મારા ખોળામાં ભરાઇ ગયું છે. મારા ખોળાને એણે માની ગોદ માની છે. એટલે મારે મન આ સસલું સંતાન સમું છે. વળી એ શરણાગત પણ છે. આમ જીવદયા અને શરણાગતની સુરક્ષા : આવા બેવડા ધર્મથી હું ભ્રષ્ટ નહિ જ થાઉં !

સિંહણના સાદ સમી આ હાક સાંભળીને સાહેલીઓના ચહેરા પર ભયનું એક લખલખું પસાર થઇ ગયું. શિકારીને એવી ખાતરી થઇ જવા પામી કે, પોતાનો શિકાર સહેલાઈથી તો હસ્તગત નહિ જ થાય. એથી એણે પણ રાડ પાડી : મને ઓળખે છે ? બાજુના શાડાઉ ગામનો વતની હું કાનો રાઠોડ છું. આ સસલું મારો શિકાર હોવાથી આને લીધા વિના તો હું નહિ જ જંપુ. ધર્મની દુહાઈ આપનારી તારા માટે તો આ સસલું ચોરેલી ચીજ ગણાય. ચોરીથી ચીજ પચાવી પાડનારના મોઢે 'ધર્મ' શબ્દ શોભે ખરો ?

ચારણી પુનસરી પણ કઇ ગાંજી જાય એવી નમાલી ન હતી. એણે સંભળાવી દીધું : આવું કંઇ જ મારે સાંભળવું નથી. હું તો એટલું જ જાણું કે, આ સસલું મારું શરણાગત છે. અને શરણાગતની રક્ષા તો ચારણનો ધર્મ છે. માટે જીવના ભોગે પણ હું સસલાની સુરક્ષા કરવાની, કરવાની ને કરવાની જ ! આ સસલું અત્યારે શેખડિયાની હદમાં હોવાથી આની પર મારો જ અધિકાર ગણાય.

ચારણીની ચોખ્ખેચોખ્ખી આ વાત સાંભળીને કાના રાઠોડનો પિત્તો ગયો. એણે લાલઘૂમ આંખે સંભળાવી દીધું કે, લાતો કે ભૂત બાતો સે નહીં માનતે ! મારો શિકાર મેળવ્યા વિના હું નહિ જ જંપુ ! આટલું કહીને કાનો રાઠોડ પુનસરી તરફ ધસી ગયો અને બળજબરીથી સસલાને હડપ કરીને એ ચાલતો થયો.

આ ઝપાઝપી જોઈને પુનસરીનું કાળજું કપાઇ ગયું. એને થયું કે, મને માતા માનીને આશરે આવેલા સંતાનસમા આ સસલાને હું જાળવી પણ ન શકી ! સસલાએ મને મા તરીકે સ્વીકારી, પણ હું એની સંતાન તરીકે જાળવણી પણ ન કરી શકી. જીવદયા અને શરણાગતની રક્ષા : આવા ઉભય ધર્મથી ભ્રષ્ટ બનેલી મને હવે જીવવાનો શો અધિકાર ?

કાનો રાઠોડ તો શિકાર છટકી ન જાય, એ રીતે સસલાને ભીંસી-પકડી લઇને ચાલતો થયો.

શિકારીની બંને આંખો લાલઘૂમ હતી : એક આંખમાંથી પુનસરી પર અંગારા વેરાઇ રહ્યા હતા, બીજી આંખ આ રીતે પોતાને રઝળપાટ કરાવનારા માસૂમ સસલા પર સિતમ વરસાવવા તડપી રહી હતી. સસલાને એણે એવી ભીંસપૂર્વક પકડ્યું હતું કે, એ પક્કડના પ્રતાપે સસલાની કાયા તો પક્કડમાં રહી શકી, પણ એના પ્રાણ પક્કડમાં ન રહેતાં પરલોકના પ્રવાસે ચાલી નીકળ્યા. રાઠોડ સસલાને લઇને શાડાઉના પાદરે પહોંચ્યો, ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે, આ તો રંગલડો જાળવવા જતા જીવલડો ગુમાવવાનો વારો આવ્યો છે.

જીવદયા કાજેની ઝપાઝપીની વાતો જાણ્યા બાદ શાડાઉ ગામની પ્રજાએ આ પ્રસંગની સ્મૃતિમાં સસલાનો પાળિયો બનાવવાનો નિર્ણય લીધો. આમ, શાડાઉ જો શોકમગ્ન બન્યું, તો શેખડિયાની સ્થિતિ પણ ચિત્રવિચિત્ર કહી શકાય એવી જ હતી.

શરણાગત સસલાનું સંરક્ષણ ન કરી શકવા બદલ તીવ્રાઘાત અનુભવતી પુનસરી જાણે સગાં નવજાત શિશુને ગુમાવીને આવી હોય, એવી વ્યથા-કથાથી એટલી બધી ઘેરાઈ જવા પામી કે, એનું કરુણ ને રૌદ્ર રૂપ-સ્વરૂપ જોનારને એવી ખાતરી થઇ જવા પામી કે, સતીના આ સ્વરૂપ માટે હવે જીવન ધારણ શક્ય જ ન ગણાય. જીવની અને શરણાગતની રક્ષાનો ધર્મ જાળવી ન શકનારી સતી સ્વરૂપા આ ચારણીને માટે હવે તો ચંદનની ચિતા જ શાંતિદાયક બની શકશે. એના અંગે

અંગે સત ચડ્યું હોય, એવી પ્રતીતિ સ્પષ્ટપણે જણાતી હતી, એથી પુનસરી ચંદનચિતા પર ચડી બેઠી, ત્યારે જ જાણે એના ચહેરા પર ચંદન જેવી શીતલતા છવાઇ રહેલી જણાવા માંડી.

રક્ષાધર્મ કાજે આ રીતે શહીદ બનેલી ચારણી પુનસરીના સતી સ્વરૂપની સ્મૃતિ કરાવતો પાળિયો આજે જીર્ણ શીર્ણ હાલતમાં શેખડિયા ગામની પાદરે ઊભો ઊભો જે મૂકસંદેશ આપી રહ્યો છે, એ આ યુગને સંભળાય કે સમજાય એ સંભવિત જણાતું નથી, કારણ કે આજે તો જીવો વાતે વાતે રહેંસાઇ-રીબાવાઈ રહ્યા છે અને શરણાગતને શીશામાં ઉતારવામાં જ હોંશિયારી સમજવામાં આવે છે.

## કોહિનૂર : પ્રકાશનો પર્વત કે અંધારનો ઓથાર ?

## ૮

સંસારના અસલી અને આખરી હૂબહૂ સ્વરૂપના આમૂલચૂલ જ્ઞાતા જ્ઞાનીઓએ "અર્થમનર્થં ભાવય નિત્યં" જેવા ઉપદેશ દ્વારા અર્થ-પૈસાને જ તમામ અનર્થોના મૂળ કારણ તરીકે ઉદ્‌ઘોષિત કર્યો છે. આ ઉદ્‌ઘોષણા કેટલી સચોટ અને સાચી છે, એની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવતી 'કોહિનૂરની કલંક કહાણી' આચાર્ય શ્રી મુનિચન્દ્રસૂરિજી દ્વારા 'પ્રસંગ સરિતા'માં આલેખાઈ છે, એની વિગતો જાણીએ, તો ખ્યાલ આવી જવા પામે કે, પૈસાએ કેવાં કેવાં પાપો કરાવીને અનર્થની વણથંભી વણઝારમાં વધારો કરતા રહેવાનો જ વિપાક વેંઢાર્યો છે ! એમાં વર્ણિત માહિતીને કેન્દ્રમાં રાખીને અર્થની અનર્થકારકતાને જાણવા-સમજવાનો પ્રયાસ કરીશું, તો આપણા સૌનાં દિલદિમાગમાં બદ્ધમૂલ બની ગયેલી 'અર્થ લોલુપતા'ના પાયા ધણધણી ઊઠ્યા વિના નહિ જ રહે. આ હેતુની સિદ્ધિ માટે લખાતી નીચેની વિગતોને વાચકો આ જ હેતુની સિદ્ધિ માટે વાચવાનો પ્રયત્ન કરશે, તો અર્થ-રાગ કદાચ મૂળથી નહિ ઉખડે, પણ એનાં મૂળિયાં તો જરૂર હચમચી ઊઠ્યા વિના નહિ જ રહે.

❖

જેની ચમકદમક અને શાન-શૌકતની વાતો સાંભળીને ભલભલાની આંખો અને અંતર અંજાતાં જ રહ્યાં, એવા અને ઘણા સમય બાદ 'કોહિનૂર'નું નામ પામનારા એક 'હીરો'નો ઉદ્‌ગમ દક્ષિણ ભારતની

'ગોલકાંડા'ના નામે પ્રસિદ્ધ હીરાની ખાણમાંથી ઈ.સ.૧૬૩૮ આસપાસ થવા પામ્યો. એ વખતે 'કાળ ચોઘડિયું' ચાલતું હશે, એમ અનેક કારણોસર કહેવું જ પડે. કેમ કે, ખાણમાંથી નીકળ્યા બાદ એ હીરાના તેજથી ઘણાઘણાની આંખોને અર્થનો અંધાપો લાગુ પડતો જ રહ્યો, અને એ અંધાપાનો ચેપ આજેય ફેલાતો અટકવાનું નામ જ લેતો નથી. આ હીરો મસમોટી લખોટી જેવો અને ૭૮૭.૫ કેરેટ (૯૦૦ રતિ) નો હોવાથી ધીમે ધીમે ખ્યાતિ પામતો ગયો અને પોતાના અદ્ભુત તેજથી ઘણાઘણાને અર્થાંધતાના ચેપનો ભોગ બનાવતો જ રહ્યો.

ગોલકાંડાના સેનાપતિ મીર જુમલાની માલિકીવાળા એ હીરાની વાતો જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ મીર જુમલાને મારી નાખીને એ હીરો કબજે કરવાના કાવાદાવા અને દગા પ્રપંચ ખેલાતા જ રહ્યા. જાન બચાવવા અંતે એ હીરાને સગે હાથે શાહજહાંને સોંપવાપૂર્વક મીર જુમલાને ભાગી છૂટવું પડ્યું. આમ હીરાના કારણે સેનાપતિનું પદ ગુમાવવા ઉપરાંત જીવ બચાવવા ભાગી જવાનો કરુણ અંજામ વેઠવાનો મીર જુમલાને વારો આવ્યો.

મીર જુમલાની માલિકીમાંથી મુક્ત બનેલો એ હીરો શાહજહાંના હાથમાં આવતાં મનોરથના રથમાં એ દોડાદોડ કરવા માંડ્યો. એને થયું કે, આ હીરાને એવા સુંદર પહેલ પડાવું કે, એને જોવા જગતને મારી પાસે આવવું જ પડે અને હીરાના માધ્યમે મારી બોલબાલાથી ગગનનો ગુંબજ પણ ગાજવા માંડે. આવા મનોરથની પૂર્તિ માટે એણે એ હીરાને એક કારીગરને સુપરત કરતા કહ્યું કે, આસોપાલવ જેવા આ હીરાને તારે વધુ પહેલ પાડીને તોરણથી સજાવવાનો છે. મોટા મોટા મનોરથો પૂર્વક એ હીરો જેને સુપરત થયો, એ કારીગર એવો અણઘડ નીકળ્યો કે, એણે કરોડની કિંમતના હીરાનું મૂલ્ય કોડી જેવું કરી નાખ્યું. પહેલ પાડીને મૂલ્યવત્તા વધારવા જતા એ અણઘડના હાથે ૫૦૮.૫ કેરેટનો ભાગ નકામો બની જતા એ હીરો ૨૭૯ કેરેટનો થઈ ગયો. આ રીતે

હીરાની મૂલ્યવત્તા અને કેરેટમાં જંગી પ્રમાણમાં ઘટાડો થતા અણઘડ કારીગરના માથે પસ્તાળ પાડવામાં કોઈ જ જાતની કસર ન રાખી. તદુપરાંત શાહજહાંએ પણ પોતાનું કપાળ કૂટવામાં કંઈ જ બાકી ન રાખ્યું. અંતે દુર્ભાગ્યનાં રોદણાં રડતાં રડતાં એણે ૯૦૦ રતિમાંથી ઘટીને ૫૫ ગ્રામ જેવું વામણું કદ પામેલા એ હીરાને પોતાના મયૂરાસનમાં જડાવી દઈને હીરાની સુરક્ષિતતા અંગે નિશ્ચિતતા અનુભવી.

શાહજહાંના જીવનમાં હીરાના પગલે પ્રકાશ કરતાં અંધકાર વધુ ઘેરાયો, એની પ્રતીતિ ત્યારે જ થવા માંડી કે, એના ત્રણે દીકરાઓ વચ્ચે અરસપરસ સત્તા અને સંપત્તિ માટેનો સંઘર્ષ ઉત્તરોત્તર ઉગ્ર બનતો જ ચાલ્યો. મયૂરાસન હીરાજડિત બન્યા બાદ શાહજહાંનું જીવન અંધકારથી ઘેરાતું ગયું, એના ત્રણે દીકરાઓ વચ્ચે જામેલી લડાઈનો કરુણ અંજામ એ આવ્યો કે, ઔરંગઝેબનો પંજો ફરી વળ્યો. અને એ ત્રણે દીકરાઓને ખતમ કરવા પૂર્વક એના બાપ શાહજહાંને કેદની કોટડીમાં પૂરી દઈને એ પોતે જ મયૂરાસનનો માલિક બની બેઠો.

હીરાની સાથે સાથે પનોતી જ જાણે આગળ ને આગળ વધી રહી હતી. શાહજહાંના નસીબમાં જો ૧૧ વર્ષનો કઠોર જેલવાસ લખાયો હતો, તો મયૂરાસનને પચાવી પાડનારા ઔરંગઝેબના કપાળે કંઈ સુખશાંતિના દહાડા લખાયા નહોતા ! શાહજહાંના જીવન-સંસારમાં ત્રણે દીકરાઓ વચ્ચે જે લડાઈ જામી, એનું જ પુનરાવર્તન જોવા ઔરંગઝેબને પણ મજબૂર બનવું પડ્યું. એના દીકરાઓ અરસપરસ લડીને ખતમ થઈ ગયા. મોટો દીકરો આઝમશાહ નાના દીકરા બહાદુરશાહના હાથે મરાયો. બહાદુરશાહને એના સગા પુત્રે જ મારી નાંખીને દિલ્હીનું મયૂરાસન કબજે કર્યું. આ પૂર્વે ભારતના છેડા સુધી વિસ્તરેલું વિરાટ મોગલ સામ્રાજ્ય ધીમે ધીમે વામણું બનીને સંકેલાતું સંકેલાતું દિલ્હીના સીમાડામાં જ સમાઈ ગયું. પડતી અને પનોતી આટલી પતનાવસ્થા પછીય અટકવાનું નામ લેતી ન હતી. ઈરાનના

નાદિરશાહની નજરમાં દિલ્હીની સત્તા અને મયૂરાસન વસી ગયું હતું.

નાદિરશાહે ૮૦ હજારના સૈન્ય સાથે દિલ્હી પર આક્રમણ કર્યું. ૫૮/૫૮ દિવસો સુધી લક્ષ્મીની લૂંટ અને સૈનિકોનો સંહાર ચાલ્યો. અંતે નાદિરશાહને મયૂરાસન પર ચડી બેસવામાં સફળતા મળી. મયૂરાસનમાં જડેલા એ હીરામાંથી ઉછળતો તેજનો ધોધ જોઈને નાદિરશાહની આંખ અંજાઈ ગઈ અને એના અંતરમાંથી એવા આશ્ચર્યોદ્‌ગાર સરી પડ્યા કે, ઓહ ! આ હીરો તો 'કોહિ-નૂર અર્થાત્ પ્રકાશનો પર્વત છે.

હીરાને 'કોહિનૂર' તરીકે સંબોધનારો નાદિરશાહ પહેલો જ હોવાથી હીરાને 'કોહિનૂર' આવું નામ સ્થાપનાર ફઈબા તરીકે નાદિરશાહની ઈતિહાસમાં નોંધ લેવાઈ. 'કોહિનૂર'ના માલિક તરીકે ગર્વિષ્ઠ બનેલો નાદિરશાહ હીરાને સાથે લઈને ઈરાન પહોંચ્યો. પણ જાણે એની પડતી પ્રારંભાઈ ગઈ હતી. એથી એના સેનાપતિના હાથે જ નાદિરશાહ સં. ૧૭૪૭માં મરાયો. એકાદ બે વર્ષની અંધાધૂંધી બાદ ૧૭૪૯માં અફઘાનના અહમદશાહે આક્રમણ કરીને મયૂરાસન ઉપર એકાધિકાર જમાવ્યો. આમ, અફઘાનને પણ આ હીરો સદ્યો-પચ્યો નહિ.

અફઘાનના સર્વેસર્વા જેવા અહમદશાહના પૌત્ર શાહયુજાને સગાભાઈએ જગવેલા બળવાના ભોગ બનીને જીવ બચાવવા ભાગી છૂટવું પડ્યું. કાબુલ છોડી દઈને ભાગી છૂટેલો અને કાળજાની કોરની જેમ કોહિનૂરને જાળવતો અને છુપાવતો એ અંતે લાહોર આવી રણજિતસિંહનો શરણાગત બન્યો. કોહિનૂરના ભોગે પણ અફઘાન પાછું મેળવવાના એના અરમાન હતા. એણે કાળજાના કટકાની જેમ જાળવેલા કોહિનૂરને રણજિતસિંહના ચરણે સમર્પિત કરી દેવા પૂર્વક કાકલૂદીભરી એક જ માંગણી કરી કે, મને સૈન્યની મદદ આપો, જેથી બાહુબળથી અફઘાન પાછું મેળવવા હું સફળ બની શકું.

લાહોરના રાજવી રણજિતસિંહ કોહિનૂરના તેજથી અંજાઈ ગયા હતા. ૧૮૧૩માં એ કોહિનૂર પોણા બસો વર્ષ બાદ પાછો ભારતમાં આવ્યો હતો. રણજિતસિંહની એક આંખમાં લોભ ડોકાતો હતો, તો બીજી આંખમાં વિશ્વાસઘાત સળવળી રહ્યો હતો. એથી એમણે હસતે હૈયે હીરો તો સ્વીકારી લીધો, પણ પછી સૈન્યની મદદ કરવાના નામે શાહયુજાને જ જેલભેગો કરવાનું પાપ દાંત કચકચાવીને કર્યું. જેથી અફઘાન ખોઈ બેઠેલા શાહયુજાને હાથમાંથી હીરો ઝૂંટવાઇ ગયાનો તીવ્રાઘાત વેઠતા વેઠતા લોહીના આંસુ વહાવીને જેલમાં જિંદગી વેંઢારવા વિવશ બનવું પડ્યું.

૧૨ વર્ષની નાની વયે સત્તારૂઢ બનીને પંજાબનો રાજ્ય-વિસ્તાર કરવામાં ધારણાતીત સફળતા પામતા રહેનારા રણજિતસિંહજી માટે પણ કોહિનૂર મેળવ્યા બાદ સુખના દિવસો સ્વપ્ન સમા બનવા માંડ્યા. ધીમે ધીમે એમની દશા બગડવા માંડી અને જીવન દિશાશૂન્ય જેવું ભાસવા માંડ્યું. 'બળતું ઘર કૃષ્ણાર્પણ' કરવા એઓ કોહિનૂરને જગન્નાથ મંદિરમાં સમર્પિત કરી દેવાની ભાવના અવારનવાર પ્રદર્શિત કરતા રહ્યા. પણ એ ભાવના ભાવના જ રહી. રાજવીનો દીકરો ખડગસિંહ અફીણનો વ્યસની-બંધાણી બનીને ૩૮ વર્ષની યુવાવયે કમોતે મર્યો. એની સ્મશાનયાત્રા ટાણે એનો દીકરો નૈનીહાલ દરવાજાની કમાન તૂટી પડતાં અકાળે મૃત્યુ પામ્યો. રણજિતસિંહની જીવનલીલા સંકેલાઈ ચૂકી હોવાથી લાહોરની ગાદી પર શેરમિંદ અભિષિક્ત બન્યો. પણ ટૂંક સમયમાં એનું ખૂન થઈ જતા પાંચ વર્ષના દિલીપસિંહજીને રાજવી જાહેર કરાયા. આમ, લાહોર જાણે નધણિયાતા જેવું રાજ્ય બન્યું.

આવી પરિસ્થિતિનો લાભ ઉઠાવવા અંગ્રેજો પાછી પાની કરે એવા નહોતા. પંજાબના રાજકારણમાં ખટપટ અને છળકપટ કરીને અંગ્રેજોએ પગપેસારો કરવા માંડ્યો. અંગ્રેજો અને શીખો વચ્ચે જાગેલી અથડામણે હિંસક વળાંક લેતા હજારો માણસો મરાયા. અંતે 'ઈસ્ટ ઇન્ડિયા કંપની'નો

પંજો પંજાબ પર ફરી વળતાં એ 'કોહિનૂર-હીરા'ની પનોતી-પડતીની યાત્રા પુનઃ આગળ વધી. ભારતમાં પેદા થયેલો એ હીરો પોણા બસો વર્ષના ગાળા પછી ભારતમા થોડાં વર્ષ રહ્યા બાદ પુનઃ બ્રિટનની મુસાફરીએ ઊપડી ગયો.

ઠેર ઠેર પનોતીનાં પગલાં પાડીને ધનોતપનોત કાઢી નાખવાની કાળી-કથા લોહીની લેખિનીથી લખતો રહેનારો એ કોહિનૂર ભલે શબ્દાર્થથી પ્રકાશનો પર્વત ગણાતો હોય, પણ યથાર્થ દૃષ્ટિએ તો એને અંધકારનો ઓછાયો જ ગણવો પડે. કારણ કે ૧૮૫૦ માં એ બ્રિટન પહોંચ્યો, ત્યારે લોકજીભે એમ કહેવાતું કે, બ્રિટનમાં સૂર્ય કદી આથમતો જ નથી, મધરાતે પણ બ્રિટનમાં સૂર્ય ઝગારા મારતો જ રહે છે. પણ કોહિનૂર હીરાનું આજનું સરનામું ગણાતા બ્રિટનમાં ફટાફટ લોકોનાં ઉઠમણાં થતાં રહેતાં હોવાથી વર્તમાનમાં એમ કહેવા લાચાર બનવું પડે એમ છે કે, જ્યાં મધરાતે પણ સૂર્ય આથમતો નહતો, એ બ્રિટનમાં હાલ મધ્યાહ્ને પણ સૂર્યનાં તેજ સાવ ઝાંખાં પડી ગયેલાં જણાય છે. એથી એક એવી શંકા જાગી જાય તો એ અસ્થાન નહિ ગણાય કે, આ વિપાક 'કોહિનૂર' હીરાને પ્રદક્ષિણા દેતી જ રહેલી પેલી પનોતીનો તો નહિ હોય ને ?

કોહિનૂર તો જગ-મશહૂર હોવાથી એની કાળી કથા પ્રકાશમાં આવી, પણ આવા તો કેટલાય કોહિનૂરો અનામી-અજાણ્યા-અજ્ઞાત હશે, એની આસપાસ રચાયેલી કાળી કથાવ્યથાઓનો તાગ તો જ્ઞાની સિવાય કોણ પામી શકે ? જો એ બધી કથા વ્યથાઓ પરનો પડદો હટી જાય, તો 'અર્થમનર્થં ભાવય નિત્યં' આ ધર્મ-ગીતના ગુંજારવથી ધરતી અને આકાશનો ગુંબજ ગાજી ઊઠ્યા વિના રહે ખરો ?

## નહિ નમવાની નેકટેક સમક્ષ નમતું તોળતા નવાબ

## ૯

ઈ.સ. ૧૮૯૦ આસપાસના સમયગાળામાં રાધનપુર રિયાસતમાં નવાબી રાજ્ય તપતું હતું. રાધનપુરથી નજીકમાં જ આવેલું બિલિયા ગામ ગાયકવાડી રાજ્યની હદમાં આવ્યું હતું. ત્યાં મોતી જાયમલ નામની એક એવી વ્યક્તિ-શક્તિનો વસવાટ હતો કે, એ પ્રદેશમાં નિર્દોષ અબોલ જીવોને જ રંજાડતા શિકારનો 'શ' પણ ઉચ્ચારવાની કોઈ હિંમત ન કરી શકતું. જીવદયા ખાતર પોતાના જાનને જોખમમાં મૂકી દેવાની હિંમત ધરાવતા એમની હાકધાક નવાબને પણ નિરંકુશ બનવા દેતી ન હતી, એથી મોતી જાયમલ પટેલ હોવા છતાં એમની આમન્યા જાળવવાની નવાબનેય ફરજ પડતી. બંને રાજ્યની સરહદે બિલિયા વસ્યું હતું. એથી મોતી જાયમલની માન-મર્યાદા જાળવવા બંને રાજ્યોને સજાગ રહેવું પડતું. નવાબની વગ કંઈ બહુ મોટી ન હતી, માંસાહારી હોવા ઉપરાંત બિસમિલ્લા ખાનજી શિકારના પણ થોડાઘણા શોખીન હતા.

નવાબના માંસાહાર પર નિયંત્રણ લાદવું તો શક્ય ન હતું, પણ એમના શિકાર શોખને તો મોતી જાયમલની મર્દાનગીએ ઠીક ઠીક પ્રમાણમાં નિયંત્રિત કરી દીધો હતો, એથી રાધનપુર આસપાસના પ્રદેશને 'બાપનો બગીચો' ગણીને નવાબ શિકારનો શોખ માણી ન શકતા. શિકાર માટે તો તેઓ બિલિયા આસપાસના પ્રદેશમાં પગ મૂકવાની

હિંમત જ ન કરતા, પણ બીજા કોઈ પ્રયોજનની પૂર્તિ માટે બિલિયાને વટાવીને આગળપાછળ જવાનું હોય, તો એની જાણ મોતી જાયમલને કરીને પછી જ તેઓ આગળ વધતા. ખુદ નવાબ જો મોતી જાયમલનો આવો માન મરતબો જાળવે, ત્યાં બીજા લોકો તો જાળવે, એમાં શી નવાઈ ? એકવાર કેટલાક કસાઈઓ રાધનપુર થઈને બિલીયાના માર્ગે આગળ જવા નીકળ્યા હતા, એ કસાઈઓ મોતી જાયમલની જવાંમર્દી અને જીવરક્ષાની દાઝથી પરિચિત ન હતા. એથી પશુધનને કતલ માટે લઈ જવા માંગતા હતા. એમનો આ બદઈરાદો કળી જઈને મોતી જાયમલે જરીક ઊંડાણથી એ કસાઈઓ સાથે પૂછપરછ કરવા માંડી, ત્યારે બરાબર જવાબ ન મળતાં મોતી જાયમલે એવું ધિંગાણું મચાવી દીધેલું કે, એ કસાઈઓને પણ જીવ બચાવવા ભાગી છૂટવું, ભારે પડી ગયું હતું.

આ જાતની ઘટના બન્યા બાદ તો મોતી જાયમલની હાકધાક બરાબર જામી જવા પામી હતી, પરંતુ આવી હાકધાકથી અપરિચિત થોડાક માણસો નવાબના કાફલામાં જોડાયા હોવાથી એ કાફલો એક દિ શિકારનો શોખ પૂરો કરવા બિલિયા ગામની સીમમાં આવી પહોંચતાં જ એકાએક એ પ્રદેશ બંદૂકોના ધડાકા-ભડાકાથી ગાજી ઊઠ્યો. બંદૂકના એ ધડાકા સાંભળીને મોતી જાયમલ સમસમી ઊઠ્યા. એ ધડાકો હિંસાની હિમાયત કરતો જણાયો, એથી ખીંટીએ ભરાવેલી બંદૂકને ખભે ભરાવીને એઓ ભડાકાની એ દિશા તરફ ઝડપભેર ચાલી નીકળ્યા. એ ધડાકા હજી શમ્યા ન હતા. એથી એકીશ્વાસે ગામ બહાર પહોંચી જઈને એમણે ધડાકો કર્યો : ખબરદાર ! એક કદમ પણ આગળ વધ્યા છો તો ! મારી રજા વિના આ પ્રદેશમાં પગ મૂકનારા તમે કોણ છો ?

સામેથી થયેલા પડકારને સાંભળીને આશ્ચર્યચકિત બની ગયેલા કાફલાના આગેવાને સીધો જવાબ આપવાના બદલે ઊંધો પ્રશ્ન કર્યો : અમે પહેલાં એ જાણવા માંગીએ છીએ કે, અમને આ રીતે પડકારનારા

તમે કોણ અને કઈ વાડીના મૂળા છો ? આ પહેલાં જણાવો. પછી ઠીક લાગશે, તો અમે તમને જવાબ આપીશું.

મોતી જાયમલનાં નામ-કામ તો આ પ્રદેશ માટે અત્યંત સુપરિચિત જ હતાં, એથી આવો પ્રશ્ન સાંભળીને એમને થયું કે, આ કાફલો મને બરાબર ઓળખતો નહિ હોય, નહિ તો આવા પ્રશ્નને અવકાશ જ ન રહેત. એમણે કહ્યું : મારે મારો પરિચય મારા મોઢે ન જ આપવાનો હોય. છતાં ટૂંકમાં જાણી લો કે, મારું નામ મોતી જાયમલ છે. આ પ્રદેશમાંથી પસાર થતાં પૂર્વે રાધનપુરના નવાબ પણ મને જાણ કર્યા બાદ જ આગળ વધતા હોય છે, આટલી આ વાત પરથી તમે મને ન ઓળખી શક્યા હો, તો જાણી લો કે, અબોલ જીવો વતી એમની રક્ષા માટે બોલનારા અને એ જીવોના જાનના જતન ખાતર જાતના જાનને જોખમમાં મૂકીને ઝઝૂમનારા એક પટેલ તરીકે પણ મને બધા ઓળખે છે. બોલો, હવે તમે કોણ છો અને એ પણ હું જાણવા માંગું છું કે, બંદૂકના આવા ભડાકા તમે શા માટે કર્યા ?

'જાણવું છે અમે કોણ છીએ ?' પ્રશ્નસૂચક નજર ફેલાવતા કાફલાના આગેવાને કહ્યું : તો જાણી લો કે, અમે નવાબ બિસમિલ્લા ખાનજીના માણસો છીએ. એમનો હુકમ લઈને જ આ તરફ શિકાર કરવા માટે અમે આવ્યા છીએ. અને બરાબર સાંભળી લેજો, નવાબનો હુકમ અમારી પાસે છે.'

એ કાફલાની ધારણા એવી હતી કે, નવાબના હુકમની વાત સાંભળતાં જ આ પટેલના પગ પાછા પડી જશે ! પણ આ તો પરાક્રમમૂર્તિ પટેલ હતા. એમણે જરાય ડર્યા વિના રોકડું જ પરખાવી દીધું : આ બિલિયા ગામની સીમમાં તો મારા હુકમનું પત્તું જ ચાલે. અબોલ જીવની રક્ષા ખાતર જાને ફેસાન થઈ જવાનો મુદ્રાલેખ ધરાવતો હું કદી શિકાર માટે હુકમ આપું ખરો ? માટે સમજી જઈને અહીંથી જ તમે પાછા વળી જાવ, તો સારી વાત છે. નહિ તો અહીં એવું ધિંગાણું મચી

જશે કે, જીવ બચાવવા તમારે ભાગવું પણ ભારે થઈ પડશે. આવી ચેતવણી કે ચીમકી હું એટલા માટે આપી શકું છું કે, મારી એક હાકલ સાંભળીને આખું બિલિયા ગામ જીવરક્ષાના આ જંગમાં જોડાઈ જવા પળનોય વિચાર કરવા થોભે એમ નથી.

પટેલની આ ચેતવણી અને ચીમકી પાછળ જે જાતનો આત્મવિશ્વાસ પડઘાઈ રહ્યો હતો, એ જોતાં જ એ કાફલો હિંમત ખોઈ બેઠો. એને થયું કે, આપણે થોડા છીએ, સામે આખું ગામ છે માટે પારોઠનાં પગલાં ભરી જવામાં જ ડહાપણ ગણાય. પણ ધાર્યું ન કરવા દેવા બદલ આ પટેલને એવા દિવસો દેખાડી દઈશું કે, એના માટે આ ગામથી ઉચાળા ભરી જવાની ફરજ પડે.

મનમાં આ જાતની પાકી ગાંઠ વાળીને એ આગેવાને કાફલા વતી સુણાવી દીધું કે, પટેલ ! તમે આ રીતે તમારો માનેલો જીવરક્ષાનો ધર્મ બળજબરીથી અમારી પર લાદી દેવા માંગો એ સારું ન ગણાય. માટે અમને અમારું ધાર્યું કરવાની તમે કદાચ રજા ન આપી શકો, તોય અમને અવરોધક ન બનો, એમ અમે ઇચ્છીએ છીએ. છતાં તમે જો આક્રમક જ બનવા માંગતા હો, તો અમે પાછા ફરી જઈશું, પણ અમારી આ પીછેહઠ તમને ભારે પડી ગયા વિના નહિ રહે. અમને નહિ, તમે નવાબને નારાજ કરી રહ્યા છો, એટલું લમણે લખી રાખશો. નવાબની નારાજીનો નતીજો એવો આવે કે, કદાચ તમને આ ગામમાંથી ઉચાળા ભરવાનો વખત આવે. માટે બોલો હવે તમે શું કરવા માંગો છો ? અમને શિકાર કરવા દેવો છે કે તમારે ખુદને જ શિકારના ભોગ બની જવું છે ?

મોતી જાયમલે જવાંમર્દીભર્યો જવાબ વાળ્યો : ભલે મારે શિકારના ભોગ બની જવાનો વખત આવે, પણ અબોલ જીવોને તો હું શિકારના ભોગ નહિ જ બનવા દઉં, આ મારો જ નહિ, બિલિયા ગામનો પણ અટંકી નિર્ણય છે. કાન ખુલ્લાં રાખીને બરાબર સાંભળી લેજો.

કાફલો એ દહાડે પગ પછાડતો રાધનપુર તરફ રવાના થઈ ગયો. નવાબની નારાજી બદલ ગમે તેવી તારાજી સહર્ષ વધાવી લેવાના નિર્ણય સાથે પટેલ અને એમના સાગરીતો ગામમાં પાછા ફર્યા. શિકારની ધારણા તો ધૂળમાં જ મળી ગઈ હતી, એથીય વધુ તો કાફલો ભૂંડી રીતે અપમાનિત બન્યો હતો. આ કાળજાને કોરી ખાતી વાત હતી. એથી મનોમન ધૂંધવાતો કાફલો વીલે મોઢે પાછો ફર્યો અને નવાબ સમક્ષ બનેલી ઘટનાને વધારી-વધારીને મરચું મીઠું ભભરાવવાપૂર્વક રજૂ કરતાં કાફલાએ એકી અવાજે એ જ વાત કરી કે, બિલિયાના પટેલે કરેલું આ અપમાન અમારું નહિ, નવાબનો મોભો ધરાવનારા ખુદ આપનું જ હડહડતું અપમાન ગણાય. માટે પટેલ સીધો દોર થઈ જાય, એવી કડક શિક્ષા થવી જ જોઈએ.

આવી પૂર્વભૂમિકા બાંધીને એ કાફલાએ જે કાન ભંભેરણી કરી, એથી નવાબના હૈયે ચિનગારી રૂપે ચેતાયેલી પટેલ તરફની અપ્રીતિ ભડભડ કરતી ભભૂકી ઊઠી. પટેલની આમન્યા મનેકમને જાળવી જાણવી પડતી હતી. નવાબના દિલને ડંખ્યા કરતી આ બાબત એ બળતામાં ઘી બનીને હોમાઈ અને તાતું તીર છૂટે, એવું એક ફરમાન નવાબ તરફથી છૂટીને પટેલનું કાળજું વીંધી ગયું. એ ફરમાને એવો ફેંસલો ફાડ્યો હતો કે, પટેલ ! તમારા બે ગુના અક્ષમ્ય ગણાય. ખેતરમાં પાકેલા અનાજના પ્રમાણમાં તમે ઓછો ભાગ રાજમાં જમા કરાવ્યો છે અને અમારા માણસો સાથે તમે જે અયોગ્ય વ્યવહાર કર્યો છે, એને અમે અમારું અપમાન ગણીએ છીએ. આ ગુના બદલ તમે કાં તો નવાબના પગ પકડીને માફી માંગી જાવ અથવા ચોવીસ કલાકમાં રાધનપુરની હદ છોડીને જ્યાં ફાવે ત્યાં પહોંચી જાવ.

નવાબે ફરમાન રૂપે છોડેલું આ તાતું તીર સણ...સણ કરતું બિલિયા પહોંચ્યું. શૂલ સમા એ ફરમાનને ફૂલ સમું ગણતા મોતી જાયમલની જવાંમર્દી ઓર ખીલી ઊઠી. એમણે મનોમન એ જાતનો નક્કર નિર્ણય

લઈ લીધો કે, વાંક-ગુના વિના નવાબને નમીને સ્વમાનને સળગાવી મૂકવું, એના કરતાં નવાબી રાજ્યની હદ હસતે હૈયે તજી દઈને ગાયકવાડી રાજ્યના કોઈ ગામમાં ગૌરવભેર વસવાટ કરવો, એ હજાર દરજ્જે ચડિયાતો ગણાય.

શૂલ સમા ફરમાનને ફૂલ સમું સમજીને પટેલે જે નિર્ણય લીધો, એની બિલિયાને જાણકારી મળતાં જ કેટલાકે નવાબની નારાજી ન વહોરી લેવાની શાણી સલાહ આપી. ઘણાએ એવું સૂચન પણ કર્યું કે, સાગર વચ્ચે વસવું હોય, તો મગર સાથે વેર ન રખાય. પણ પટેલનો પરાક્રમભર્યો પ્રતિભાવ તો એ જ રહ્યો કે, વગર વાંકે નવાબને નમવાથી આજ સુધીનું કર્યું-કરાવ્યું બધું જ ધૂળધાણી થઈ જાય અને જીવરક્ષાના અદા કરેલા ધર્મની અસ્મિતા અને આબરુ પર જાતે જ પાણી ફેરવી દીધું ગણાય, માટે મને વિશ્વાસ છે કે, મેં લીધેલા નિર્ણયને તમામ પટેલ પરિવારો શિરોધાર્ય ગણીને બિલિયાનો ત્યાગ કરવા એકીમતે સંમત થઈ જશે. પોતે લીધેલા નિર્ણયને સર્વસંમત નિર્ણય બનાવવા ઇચ્છતા પટેલ પ્રશ્નસૂચક નજરે સૌને નિહાળી રહ્યા. પૂરી જ્ઞાતિએ એ નિર્ણયને વધાવી લઈને પટેલના મતને સર્વસંમત તરીકે આવકારી લીધો.

બિલિયાના પટેલ સિવાયના પરિવારો પટેલ જ્ઞાતિએ નેકટેક જાળવવા કરેલા આ નિર્ણયથી હચમચી ઊઠ્યા, પણ સમસ્ત પટેલ જ્ઞાતિએ તો મોતી જાયમલની સાથે જ હસતા હૈયે વતનસમા બિલીયાનો ત્યાગ કરવાનો નિર્ણય લેવા દ્વારા ધર્મ અને સંસ્કૃતિની નેકટેકને એક અનેરી ઊંચાઈએ પ્રતિષ્ઠિત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, એ સિદ્ધિનો આસપાસનાં અનેક ગામો મુક્તકંઠે મહિમા ગાઈ રહ્યાં.

બિલિયાનો હસતે હૈયે ત્યાગ કરી ગયેલી પટેલજ્ઞાતિના આ સમાચાર સાંભળીને નવાબે મનોમન એવું સમાધાન કરી દીધું કે, આજે નહિ ને કાલે આ જ્ઞાતિ પોતાનો બિલિયાનો વસવાટ માન્ય રખાવવા મારી સમક્ષ નાક લીટી તાણીને આવ્યા વિના નહિ જ રહે. પણ એમની આ

ધારણા ઠગારી નીવડી. આમ ને આમ વર્ષ વીતી ગયા બાદ એક એવી કટોકટી ઊભી થવા પામી કે, નવાબને જ નમતું તોળીને મોતી જાયમલ સહિત સમસ્ત પટેલ જ્ઞાતિને વાજતે ગાજતે બિલિયામાં પ્રવેશ કરાવવા મજબૂર બનવું પડ્યું.

કટોકટીની એ પળ એ કારણે ખડી થવા પામી કે, પટેલ જ્ઞાતિ હિજરત કરી જતાં બિલિયા આસપાસની ધરતી ઉજ્જડ જેવી ભાસવા માંડી. મબલખ ધાન પેદા કરતી આ જ્ઞાતિએ હિજરત કરતાં ધાન કોણ વાવે ? એથી ઉજ્જડ જેવી ભાસતી ધરતી જોવા મળતાં જ નવાબને પોતાની ભૂલ સમજાઈ. પોતાના અહંને ઓગાળી દઈને પ્રજાહિતને પ્રાધાન્ય આપવા સજ્જ બનેલા અને ધનધાન્યથી લચી ઊઠેલી ધરતીનું દર્શન પામવા તલપાપડ બની ઊઠેલા એમને જ્યારે એમ લાગ્યું કે, હું નમતું તોળીને પટેલ જ્ઞાતિને બિલિયામાં પુનઃ વસવા નિમંત્રણ આપીને વાજતે ગાજતે મોતી જાયમલને સસ્વાગત પ્રવેશ કરાવું, તો જ મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત થાય.

રાફુ-ગામના આગેવાન અજમલ હીરાના માધ્યમે પોતાની ભૂલનો ખ્યાલ આવતાં જ અજમલ હીરાની મહેનતથી મોતી જાયમલની સમક્ષ નવાબનું આમંત્રણ પહોંચતાં જ ભૂતકાળ ભૂલી જઈને પટેલ જ્ઞાતિ, એ આમંત્રણ મુજબ બિલિયામાં પાછી ફરવા સંમત થતાં નવાબી રાજ્યમાં પ્રસન્નતા ફેલાઈ ગઈ. બિલિયાના ઇતિહાસમાં એક નવું પ્રકરણ એ દિવસે ઉમેરાયું, જેનું શીર્ષક હતું : વગર વાંકે નહિ નમવાની પટેલની નેકટેક સમક્ષ નમતું તોળતા નવાબ !

## નવાબનો આશ્ચર્યકારી દિલ-પલટો

## ૧૦

ગરવા ગઢ ગિરનારની તળેટીનો શાંત-પ્રશાંત અને પ્રાકૃતિક સૌન્દર્યથી સભર પ્રદેશ હતો. ગિરનારની તળેટી એટલે જાણે આશ્રમો ને શિવાલયોથી ભરી ભરી ધરતીનો ખડતલ ખંડ ! ઝરણાં વહી રહ્યાં હોય, ખળખળ નાદે નદીઓ પ્રવાહિત હોય, આંબાવાડિયાં પર કોયલો કૂજન કરી રહી હોય, અને હરણિયાં કૂદાકૂદ કરી રહ્યાં હોય, આવા નીરવ વાતાવરણ વચ્ચે આશ્રમો અને શિવાલયોમાંથી શંખધ્વનિ રેલાતો અને વાતાવરણનો કણકણ મુખરિત બની ઊઠતો.

શિવશક્તિના શ્લોકો અને શંખધ્વનિ સિવાયનો કોઈ નાદ જ્યાંથી નહોતો રેલાતો, એવા વાતાવરણમાં નદી કિનારે એક દહાડો એકાએક બંદૂકનો ભડાકો સંભળાતાં જ મહંત મૌનગીરીજી મંદિરમાંથી બહાર ધસી આવ્યા. એમની નજર દૂર દૂર બંદૂક તાણીને ખડા રહેલા જૂનાગઢના રસૂલખાનજી પર પડી અને એમનો પુણ્ય પ્રકોપ વાતાવરણમાં પડઘાઈ રહ્યો : શિવના ધામમાં શિકાર ? શંખ ધ્વનિની જગાએ બંદૂકના ધડાકા-ભડાકા ? હું આ શું સાંભળી રહ્યો છું !

મહંતના આવા પુણ્ય પ્રકોપનો એવો પડઘો પડ્યો કે, એક વાર તો રસૂલખાનજી પોતાની સામે ઊઠેલા આ પડકારથી હેબતાઈ જ ગયા. તેઓ પાટવી કુંવર હતા. પિતા મહોબત ખાનજી જૂનાગઢનાં સત્તાસૂત્રો સંભાળી રહ્યા હતા. માતા નૂરબીબી રાજમાતા તરીકેનું પદ શોભાવતાં

હતાં. એમના દીકરાનું નામ રસૂલખાનજી હતું. એમની ઓરમાન માતાના દીકરાનું નામ એદલખાનજી હતું. પરિવારમાં એમનું માન અને ચલણ-વલણ વધારે હોવાથી રસૂલખાનજીને એવો અંદાજ તો આવી જ ગયો હતો કે, જૂનાગઢની ગાદી પર પોતાનો અભિષેક થવો ઓછો સંભવિત હોવાથી એદલખાનજી જ ગાદીએ આવવાના, આવો અણસાર આવી જવાથી રાજકાજથી વિમુખ થઈને તેઓ શિકારની લતે ચડી ગયા હતા.

શરૂશરૂમાં તો રસૂલખાનજી મનને મારીને કે મનાવીને શિકારે પણ નીકળતા, થોડા દિવસો વીતતાં એમને શિકારની એવી લત લાગી ગઈ કે, શિકારના શોખનો જ્યાં સુધી થોડા-ઘણા પશુ-પક્ષીઓ ભોગ ન બને, ત્યાં સુધી એમને ચેન ન પડે અને બીજા કોઈ કામમાં ચિત્ત ન ચોંટે. શાહજાદા રસૂલખાનજીની આસપાસ એવા સાગરીતોનો ઘેરો જામેલો જ રહેતો કે, જેથી શાહજાદાનો શિકાર-શોખ ઘટવાનું કે મોળો પડવાનું નામ જ ન લેતાં દિન પ્રતિદિન વૃદ્ધિ જ પામતો ગયો. એ જાતનો વિવેક પણ તેઓ વીસરી ગયા કે, જોગંદરોની ગેબી ગુફાઓ ધરાવતી ગિરનારની તળેટી-ભૂમિની તો આમન્યા જાળવવી જ જોઈએ અને જ્યાં શિવના શંખ ફૂંકાતા રહેતા હોય, ત્યાં શિકાર કાજે બંદૂકના ભડાકા તો ન જ કરવા જોઈએ. શિકારનો શોખ એમને વળગ્યો હતો, એમ કહેવા કરતા શિકારના શોખને તેઓ વળગી-ચોંટી પડ્યા હતા, એમ કહેવું પડે, એવા શિકારના શોખીન બની ચૂકેલા રસૂલખાનજી પોતાના શિકારની સામે જ્યારે પડકાર થતો, ત્યારે એ રીતે ઘૂરકી ઊઠતા કે, પછી પ્રતિકાર કરવાની કોઈ હિંમત જ ન કરી શકતું ! પરંતુ મહંત મૌનગીરીજીએ જે પુણ્ય પ્રકોપ ઠાલવ્યો હતો, એનાથી જાણે રસૂલખાનજી ગાય જેવા ગરીબ બનીને વિચારમગ્ન થઈ ગયા હતા.

મહંતને શો જવાબ વાળવો, એની દ્વિધા અનુભવી રહેલા શાહજાદા સમક્ષ સણસણતા બાણ સમો મહંતનો બીજો એક સવાલ ટકરાયો કે,

ધર્મસ્થાનોની જેમ કેટલીક ધરતી પણ એવી ધન્યતા ધરાવતી હોય છે કે, ભલભલાને એ ધન્ય-ધરાની અદબ જાળવી જાણવાની ફરજ પડે. જે ધરતી પર ખડા રહીને તમે બંદૂકના ધડાકા-ભડાકા કર્યા, એ આવી ગેબી અને જોગંદરોની માનીતી દેવ-ભૂમિ છે, અહિંસા-દેવીની તો આ ક્રીડાસ્થલી જ છે, એથી શિકારના શોખને તો અહીં પડછાયો પડવાનો પણ અધિકાર નથી. આ જાતની મારી આણ અને વાણ સામે તમારો જે કંઈ જવાબ હોય, એ સાંભળવા મારા કાન આતુર છે. મેં તો બે સવાલ રજૂ કરી દીધા છે, બોલો, હવે તમારો જવાબ શો છે ?

આ પ્રશ્ન થોડી પળો સુધી પડઘાતો જ રહ્યો, શિકાર શોખીન રસૂલખાનજીનું હૈયું વલોવાઈ રહ્યું. મહંતે સણસણતા જે સવાલો રજૂ કર્યા હતા, એનો શો જવાબ વાળવો, એ અંગે ઘમ્મરવલોણું પામતા માખણ જેવી માનસિક સ્થિતિ અનુભવતાં એમણે પોતાને કે બીજાને પણ જેની કોઈ જ કલ્પના ન હોય, એવો જવાબ વાળતાં જે જણાવ્યું, એ સાંભળીને સૌ સન્ન બની ગયા. શાહજાદા રસૂલખાનજીએ એક વિચિત્ર છતાં વખાણવા યોગ્ય નિર્ણય લઈ લેતા કહ્યું : મહંતજી ! આજથી જ નહિ, આ પળથી જ શિકારના શોખથી પાછા વળી જવાના શપથ સ્વીકારું છું. મહંતજી ! આપની વાણ અને આણ મારે માટે શિરોધાર્ય જ નહિ, શિરસાવંદ્ય પણ છે. આજ સુધી મેં ઘણા ઘણા જીવોની હત્યા કરી છે. ગિરનારની આ ગેબી ધરતીના પ્રભાવે અને આપે જ સણસણતા સવાલો પૂછ્યા, એની વેધકતાથી વીંધાઈ/વલોવાઈ જવાથી મેં એક એવો નક્કર નિર્ણય લઈ લીધો છે કે, શિકાર જ નહિ. હવે તો રાજકાજ પણ ન જ જોઈએ. જૂનાગઢના રાજમહેલમાં શાહજાદા તરીકે ઘણો વસવાટ કર્યો, હવે તો જમાલવાડીમાં સાંઈની સંગતે ફકીર તરીકે જ મારો વસવાટ હશે.

આટલું કહેતાંની સાથે જ શાહજાદા રસૂલખાનજીએ બંદૂક ફંગોળી દીધી અને શાહી પોષાક ફગાવી દઈને ફકીરને અનુરૂપ લૂંગી-કૂર્તામાં

સજ્જ થઈને તેઓ મહંતના ચરણે આળોટી પડ્યા. એમના અંતરનો એકતારો જાણે એવું તાન છેડી રહ્યો હતો કે, અજબ-ગજબના સ્થળ-પળ ચમત્કાર સર્જક બનીને કેવું દિલ-પરિવર્તન કરાવી જવા સમર્થ નીવડતા હોય છે, એની પ્રતીતિ મને આપના પ્રભાવે આજે જ થવા પામી. નહિ તો ઉડતા પક્ષી અને દોડતા પશુઓને અચૂક મોતભેગા કરતો અઠંગ શિકારી એવો હું અહિંસાનો પૂજારી ક્યાંથી બની શકું ? આપ હવે એવી દુઆ વરસાવો કે, જે હાથ હથિયાર બનીને આજ સુધી લોહી વહેવડાવતા રહ્યા, એ હાથમાંથી હવે સૌની ઉપર વહાલની વર્ષા વહાવતો જ રહું !

હિંસાના કટ્ટર હિમાયતી શિકારીનો આ રીતે અહિંસાના આશક પૂજારી તરીકે થઈ જવા પામેલ પુણ્યપલટો નિહાળીને મહંત ઓળઘોળ બની ગયા. થોડા સમય પૂર્વે જ જેમણે પુણ્યપ્રકોપ ઠાલવ્યો હતો, એ જ મહંતની દૂંટીમાંથી એવા આશીર્વાદની અમૃતવર્ષા થવા પામી કે, અહિંસામાતાની દુઆના પ્રભાવે તમે જ જૂનાગઢની ગાદી શોભાવનારા બનશો !

રસૂલખાનજીને તો આ આશીર્વાદ સફળ થાય, એવી આશા જ ન હતી. કારણ કે જૂનાગઢની ગાદીના અઘોષિત અધિકારી તરીકે તો એદલખાનજીની જ શક્યતા હતી. આમ છતાં મહંતજીના આશીર્વાદથી રસૂલખાનજીના અંતરના એક ખૂણે આશાનું આછું-આછું એકાદ કિરણ તો જરૂર પેટાઈ જવા પામ્યું. પરંતુ શિકારના શોખને જેઓ આ રીતે કાચી પળમાં જ દેશવટો દઈ શક્યા, એમના માટે રાજગાદીની આશાની સૃષ્ટિ ગલગલિયા પેદા કરાવે, એ શક્ય જ નહોતું. એથી શિકારના શોખની જેમ જૂનાગઢ-રાજ્યની લોભ-લાલચને દેશવટો આપીને તેઓ જમાલવાડી તરીકે ઓળખાતા એક સ્થાનમાં ફકીરના વેશે પ્રવેશી ગયા. આ સ્થાનમાં સાંઇ ફકીરોનો જ વસવાટ હતો.

રસૂલખાનજીની આ હૈયાપલટ દિવસો સુધી જૂનાગઢ રાજ્ય ઉપરાંત

આસપાસના પ્રદેશમાં ચર્ચાતી જ રહી. એમને લાગુ પડેલો શિકાર શોખ પ્રજા માટે એટલો આશ્ચર્યકારી નહોતો નીવડ્યો, જેટલો કસાઈ મટીને સાંઈમાં થઈ જવા પામેલ આ પુણ્યપલટો બની જવા પામ્યો.

❖

ક્યારેક સો ટકા સંભવિત જણાતું એકાએક જ અસંભવિત બની જતું હોય છે અને સાવ જ અસંભવિત ભાસતું સંભવિતમાં ફેરવાઈ જતું હોય છે. મહંત દ્વારા જે દુઆ-આશીર્વાદ રસૂલખાનજીને મળ્યા હતા, એ મુજબ જૂનાગઢની રાજગાદી પર એમનો રાજ્યાભિષેક થાય, એ શક્ય જ જણાતું નહોતું. છતાં થોડાંક જ વર્ષો બાદ પરિસ્થિતિએ એવો પલટો લીધો કે, સાંઈ તરીકેનો પલટો પામનારા રસૂલખાનજીને સાંઈ મટીને જૂનાગઢના સ્વામી બનવાનો વારો આવ્યો.

બન્યું એવું કે જૂનાગઢના રાજવી મહોબતખાનજી થોડાં વર્ષો બાદ સ્વર્ગવાસી બની જતાં એદલખાનજી માટે રાજ્યાભિષિક્ત બનવાની તક ઊભી થઈ જવા પામી. પણ વજીર તથા દીવાનને આ ઈષ્ટ ન હતું. કેમ કે ભાવિની દૃષ્ટિએ રસૂલખાનજી જ જૂનાગઢની ગાદીએ અભિષિક્ત થાય, એ એમને વધુ હિતકર જણાતું હતું, એથી એદલખાનજીને અંધારામાં રાખીને એમણે એ જાતના પ્રયત્નો શરૂ કર્યા કે, જેથી રસૂલખાનજી જ સત્તાવાર તરીકે રાજ્યાભિષિક્ત બની શકે. આ માટે સૌ પ્રથમ તો તેઓ મારતે ઘોડે રાજકોટ પહોંચ્યા. અને અંગ્રેજી કોઠી સમક્ષ બધી પરિસ્થિતિ વિગતવાર રજૂ કર્યા બાદ એવો રૂક્કો લખાવી લાવવામાં સફળ બન્યા કે, જે રૂક્કાના આધારે રસૂલખાનજી જ જૂનાગઢની ગાદીએ અભિષિક્ત બની શકે !

આ જાતનો સત્તાવાર રૂક્કો મેળવીને રાજકોટથી વજીર તથા દીવાન સીધા જ જૂનાગઢ આવીને જમાલવાડીમાં પહોંચી ગયા. સાંઈ રસૂલખાનજીને ખાનગીમાં મળીને જૂનાગઢની બધી પરિસ્થિતિ વિગતવાર જણાવ્યા બાદ અંતે એમણે એટલી જ વિનંતી કરી કે, હવે આપે

જૂનાગઢની ગાદીને શોભાવવાની છે. જૂનાગઢનું હિત આપના હૈયે વસ્યું જ હોવાથી અમારી આટલી વિનંતી આપ જરૂર સ્વીકારી લેશો. એદલખાનજીની કોઈ રૂકાવટ-કનડગત આપને નડશે નહિ. માટે આ અંગે આપ નિશ્ચિંત રહેશો.

બધી પરિસ્થિતિથી માહિતગાર બન્યા બાદ રસૂલખાનજી તરફથી હકારાત્મક જવાબ મેળવીને વજીર અને દીવાને બરાબર એવો તખ્તો ગોઠવ્યો કે, જૂનાગઢની ગાદી પર રસૂલખાનજી જ રાજ્યાભિષિક્ત બની શકે અને એદલખાનજીનો કોઈ અવરોધ ટકી શકે જ નહિ. અંગ્રેજી કોઠી તરફથી મળી ચૂકેલા રૂક્કાની વિગત એકદમ ગુપ્ત રાખવામાં આવી હોવાથી એક તરફ એદલખાનજીએ રાજયગાદી તરફ આગળ વધવાનો તખ્તો જાહેરમાં ગોઠવવાનો શરૂ કરી દીધો, તો બીજી તરફ પડદા પાછળ રસૂલખાનજી જ રાજ્યાભિષિક્ત બને, એ માટેના પ્રયાસ વજીર દ્વારા શરૂ થયા.

પ્રજા મનોમન તો રસૂલખાનજીને જ રાજવી તરીકે ઇચ્છી રહી હતી. શિકારના શોખને સળગાવી દઈને એઓ અહિંસાના આશક સાંઈ બની ગયા હતા, ત્યારથી એમના તરફની લોકચાહના વધી રહી હતી. પણ તેઓ તો સાંઈ બની ચૂક્યા હોવાથી એમની આશા રાખવી વ્યર્થ જણાતી હોવાથી પ્રજાનો મોટો ભાગ એદલખાનજીની પડખે ખડો રહેલો જણાતો હતો. અભિષેકની પળ આવતા જ એદલખાનની સવારી રાજસભામાં આવી પહોંચે, એ પૂર્વે જ જ્યાં રસૂલખાનજીની છડી પોકારાઈ ગઈ, ત્યાં જ થોડી ગડમથલ અને રકઝક જેવું વાતાવરણ સરજાઈ ગયું. પણ વળતી જ પળે જ્યાં અંગ્રેજી કોઠી તરફથી લખાયેલો એ રૂક્કો વજીર તથા દીવાન તરફથી એદલખાનજીની સમક્ષ રજૂ કરવામાં આવ્યો, ત્યાં જ એ સંઘર્ષ આગળ વધતો અટકી ગયો અને જૂનાગઢની જનતા એકી અવાજે રસૂલખાનજીનો જયજયકાર ગજવી રહી.

અણધારી રીતે જૂનાગઢની ગાદી પ્રાપ્ત થતાંની સાથે જ નવાબ

રસૂલખાનજીની નજર સમક્ષ પોતાના જીવનને પલટાવી જનારાં એ સ્થળ-પળ તરવરી ઊઠ્યાં તેમજ મહંતના મંગળમુખેથી ઉચ્ચારાયેલાં એ આશીર્વચનો સાંભરી આવ્યાં કે, તમે જ જૂનાગઢની રાજગાદીને શોભાવનારા બનશો ! આ ભૂતકાળની સ્મૃતિ તાજી થતાં જ નવાબ રસૂલખાનજીની આંખે ઝળઝળિયાં આવી ગયાં. એમણે દીવાનને કહ્યું કે, વહેલામાં વહેલી તકે મહંત મૌનગીરીજીને સન્માન સાથે અહીં તેડી લાવો. એમના આશીર્વાદના પ્રભાવે જ મને આ રાજગાદી મળી હોવાથી હવે વધુ આશીર્વાદ પામવા હું એમના ચરણ ચૂમવા ઈચ્છું છું.

દીવાન અને વજીર મહંત સમક્ષ પહોંચી ગયા. એમણે મહંતને વિનંતી કરી કે, નવાબ રસૂલખાનજી આપને યાદ કરી રહ્યા છે. આપના આશીર્વાદથી જ અણધારી રીતે એમને રાજગાદી મળી છે. એથી આપના વધુ આશીર્વાદ પામવાની એમની ઈચ્છા છે. માટે આપને આમંત્રણ આપવા અમે આવ્યા છીએ.

આ વિનંતી સાંભળીને મહંત તૈયાર થઈ ગયા. કારણ કે આશ્રમમાં ગોશાળા પણ હોવી જોઈએ, એવો એમનો ચિરપ્રતીક્ષિત એક મનોરથ હતો, જેથી જતાં આવતાં સાધુઓ અને યાત્રિકોની 'દુગ્ધ-પાન' દ્વારા આગતા-સ્વાગતા કરી શકાય. આ મનોરથની પૂર્તિ માટે પણ ઝડપી લેવા જેવી આ તક હતી. એથી નવાબ સમક્ષ પહોંચી ગયા બાદ નવાબે 'ગુરુ ચરણે' કંઈક સમર્પિત કરવાની ભાવના વ્યક્ત કરી, ત્યારે મહંતે જણાવ્યું કે, અમારે સાધુસંતોને તો કંઈ જ માંગવાનું રહેતું નથી, આમ છતાં નવાબ કંઈ ને કંઈ આપવાની ઈચ્છા રાખે જ છે, તો તે અબોલ પશુસૃષ્ટિ માટે આપી શકે છે. વર્ષોનો મારો મનોરથ આશ્રમમાં ગોશાળા પણ હોય, એવો રહ્યો છે. તો રાજ્યગાદીની ખુશાલીમાં ગોશાળા જેવું કાર્ય થાય, તો ગાયોની દુઆ મળતા નવાબ રસૂલખાનજીનું રાજ્ય શાસન વધુ સુંદર રીતે ચાલી શકે.

મહંતનો ચરણસ્પર્શ કરતાં નવાબે પુનઃ વિનંતી કરી કે, મહંતજી !

ગોશાળા તો રાજ્ય તરફથી થઈ જ જશે. પણ આમાં આપે આપના માટે તો કંઈ જ માંગ્યું ન ગણાય. માટે હવે પછી પણ આશ્રમને લગતી કોઈ આવશ્યકતા ઊભી થાય, તો મને જરૂર યાદ કરશો. શિકારના શોખીન એવા મને આપે જ અહિંસા ધર્મનો પૂજારી બનાવ્યો, એનો જ આ પ્રભાવ છે કે, જૂનાગઢની પ્રજાની સેવા કરવાની તક મને અણધારી જ મળવા પામી.

રાજ્યાભિષેકના કાર્યક્રમ દરમિયાન નવા નવાબ અને મહંત વચ્ચેના આ વાર્તાલાપને જ પ્રજાએ સૌથી વધુ રસરુચિપૂર્વક માણ્યો. પ્રજાનો આનંદ આજે નિરવધિ બની રહ્યો હતો. કેમ કે જેમની પર પ્રજાની હાર્દિક પસંદગી ઉતરી હોવા છતાં નવાબ તરીકે જેમની પર કળશ ઢોળાય, એવી કોઈ જ શક્યતા ન હતી, એ રસૂલખાનજી જ પ્રજાને શિરછત્ર રૂપે પ્રાપ્ત થયા હતા. પ્રજાને મન આ પ્રાપ્તિ માત્ર ને માત્ર એક એ જ કારણે થવા પામી હતી કે, શિકારના શોખ પર કાબૂ મૂકવા દ્વારા તેઓ કસાઈ મટીને સાંઈમાં પરિવર્તિત થયા હતા.

વર્ષો વીતી ગયા પછી એક વાર કટોકટીભરી એવી પળ મહંત મૌનગીરી સમક્ષ ખડી થવા પામી કે, જેથી નવાબ રસૂલખાનજીના દિલને આઘાત પહોંચાડે, એવી વાતો અને એવું વાતાવરણ એ જ આશ્રમમાંથી પેદા થયું કે, જેની પર નવાબની નેહ-નજર હતી તથા ગોશાળા તો નવાબની ઉદારતાનું જ સર્જન હતું. આશ્રમનું વ્યવસ્થિત સંચાલન થયા કરે, એ માટે નવાબ તરફથી અલીન્દ્રા ને ટીંબડી આ બે ગામ ધર્માદા તરીકે આશ્રમને ભેટ તરીકે અપાયા હતા. બે ગામની આવક ઘણી સારી હોવાથી આશ્રમના સંચાલન અંગે કોઈ સવાલ જ સતાવતો ન હતો. પરંતુ વર્ષોના વર્ષો બાદ કોઈ તુમાખી અમલદારે ધર્માદા કરેલ આ બંને ગામો પાછા લઈ લીધા. આ વાત મહંતના કાને આવતા જ એમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઉઠ્યો : આવો હડહડતો અન્યાય ! ધર્માદા દાનને પાછું પડાવી લેવાની આવી દુર્બુદ્ધિ !

મહંત એ જ ઘડીપળથી ઉપવાસ પર ઉતરી ગયા. એમણે ઉઘાડે છોગે જાહેર કર્યું કે, જે ગામની માલિકી વર્ષોથી આશ્રમની જ હતી, એ અલીન્દ્રા અને ટીંબડી ગામ આશ્રમને પાછા અપાવીને જ રહીશ. આ ગામ પાછા મળશે, પછી જ ઉપવાસ છોડીશ. નહિ તો મારો દેહ ભલે છૂટી જાય, પણ ઉપવાસ તો નહિ જ છૂટે ! પથ્થર પર અંકિત રેખા જેવી મહંતની આ પ્રતિજ્ઞા સાંભળીને સૌનાં દિલ ધડકન ચૂકી ગયા. ઘણાએ આવી પ્રતિજ્ઞા અંગે પુનર્વિચાર કરવાની વિનંતી કરી. પણ મહંત ટસના મસ ન જ થયા. ઉપવાસ ઝડપભેર આગળ વધવા માંડ્યા.

વજીરના કાને આ વાત અથડાઈ. અમલદાર તુમાખી હોવા ઉપરાંત નવાબી રાજ્યમાં એવું સ્થાન માન ધરાવતો હતો કે, એની વિરુદ્ધ ફરિયાદ થઈ શકે એમ ન હતી. માટે કોઈ યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક જ આ વાત નવાબ રસૂલખાનજી સમક્ષ પહોંચાડવી પડે એમ હતી. એક વાર સાનુકૂળ પળ સધાઈ ગઈ. નવાબને એક વાર અલીન્દ્રા-ટીંબડી બાજુ નીકળવાનું થયું, વજીર સાથે જ હતા. યોગ્ય તકની પ્રતીક્ષા કરી રહેલ એમને નવાબે સામેથી જ પૂછ્યું : આ અલીન્દ્રા ગામ દેખાય છે તો ખૂબ ખુબ સમૃદ્ધ ! શું આ ગામ નવાબી રાજ્યની હદમાં જ આવેલું છે.

વજીરે લાગ જોઈને બરાબર ઘા કર્યો : નવાબ ! આપણા પૂર્વજોએ આ ગામ ખેરાત-ધર્માદા નહોતું કર્યું, ત્યારેય માલિકીનું હતું અને આજે પણ આપણી જ માલિકીનું છે. આ સાંભળીને નવાબે સવાલ કર્યો કે, ધર્માદા થઈ ગયેલા આ ગામ પર નવાબી રાજ્યની પાછી માલિકી કઈ રીતે સ્થાપિત થઈ ? જવાબમાં વજીરે બધી જ વાત વિગતવાર રજૂ કર્યા બાદ છેલ્લે ચોટ લાગે એવી વાત કરતા કહ્યું કે, માટે જ તો મહંત મૌનગીરીજીને આ બે ગામો ઉપરની આશ્રમની માલિકી પુનઃ માન્ય કરાવવા ઉપવાસ પર ઉતરવું પડ્યું છે. અલીન્દ્રા અને ટીંબડી ઉપરની આશ્રમની માલિકી જ્યારે પુનઃ માન્ય રખાશે, ત્યારે જ એ મહંત પારણું કરશે. દિવસો વીત્યા હજી પારણું થયું નથી.

'મહંત મૌનગીરી'ના ઉપવાસની વાત સાંભળીને નવાબની આંખ એકદમ ઉઘડી ગઈ. એઓ પૂછી બેઠા કે, જે મહંતના પ્રભાવે મને જૂનાગઢની રાજગાદી મળી, એ મહંતને ઉપવાસ પર ઉતરવું પડે, આ તો મારા માટેય કલંક ગણાય. માટે હવે આ બે ગામો પર ફરીથી આશ્રમની માલિકી માન્ય ઠરાવતો તાંબાનો લેખ-પત્ર તૈયાર કરાવો, આ પછી જ હું ભોજન કરીશ. અને તાત્કાલિક મારા આ હુકમનો અમલ કરાવો, જેથી મારા ઉપકારી મહંતનો મનોરથ પણ પૂર્ણ થતા એઓ પારણું કરી શકે.

વજીરે સમય જોઈને છોડેલું તીર તુક્કો ન બનતાં બરાબર લક્ષ્ય વીંધી ગયું. એમણે ધારી નહોતી, એટલી બધી સફળતા ખૂબ જ ઓછા સમયમાં મળી જવા પામી. એટલું જ નહિ, નવાબ રસૂલખાનજીની સવારી ત્યાંથી આગળ વધીને આશ્રમના આંગણે આવતાં ઉપવાસથી કૃશ બની ચૂકેલી મહંતની કાયા જોઈને નવાબનું દિલ વધુ દ્રવિત બની ગયું. એમણે મહંતના પગ પકડીને માફી માંગતા કહ્યું કે, મારી ભૂલ થઈ ગઈ કે, ધર્માદા થયેલાં બે ગામોને આ રીતે પુનઃ રાજ્યહસ્તક કરવામાં આવ્યાં, છતાં મેં પૂરી તપાસ ન કરી, એના વિપાકરૂપે જ આપને ઉપવાસ કરવાનો વખત આવ્યો, હવે આવી ભૂલનું પુનરાવર્તન નહિ જ થાય, એનો કોલ આપું છું. શિકાર છોડાવીને આપે મારા પર જે ઉપકાર કર્યો છે, એનો બદલો તો ક્યારેય વળી શકે એમ જ નથી. બે ગામોની આવકનો આંકડો જોઈ લઈને એ રકમ પણ હું પરત કરીશ. જેથી આશ્રમના સંચાલનમાં જે કંઈ અવ્યવસ્થા થવા પામી હોય કે ત્રુટિ-ખામી આવી હોય, એને પાછી સરભર કરી શકાય.

આશ્રમના આંગણે જાણે સોનાનો સૂરજ પ્રકાશી ઊઠ્યો. મહંતના ઉપવાસને ધારણાતીત જે સફળતા મળી હતી, એની વાતો બધે ફેલાતાં એ સોનેરી સૂરજનાં અજવાળાં ઠેરઠેર ફેલાઈ રહ્યાં.

તવારીખની તારીખ મુજબ જૂનાગઢની રાજ્ય-ગાદી પર નવાબ

રસૂલખાનજી ૨૩-૧-૧૮૯૧ના ગાદીનશીન બન્યા હતા. અને ૨૨મી માર્ચ ૧૯૧૧ના સ્વર્ગવાસી બન્યા હતા. આજે જ્યારે હિન્દુ નેતાઓ નવાબના એ શિકાર-શોખ કરતાંય હજારો-લાખો ગણી હિંસા બેરોકટોક કરવામાં મસ્ત ને વ્યસ્ત દેખાય છે, ત્યારે નવાબ રસૂલખાનજીના જીવનની આ ઘટનાની સ્મૃતિ કોઈ અનેરાં આંદોલનો સરજી જાય, એમાં શી નવાઈ ?

## વણિક કેવો વીર અને કેવો વફાદાર ?

## ૧૧

તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રાર્થે જનારા યાત્રી માટે ધંધૂકા શહેર છોડ્યા બાદ આવતા બરવાળા ગામનું નામ અપરિચિત નહિ જ હોય, પણ એ બરવાળાની ઓળખાણ માટે વપરાતા વિશેષણ 'ઘેલાશાહ'થી લગભગ કોઈ જ સુપરિચિત નહિ હોય ! બરવાળાને ઓળખવા માટે 'ઘેલાશાહ' વિશેષણ શા માટે વપરાતું રહ્યું છે ? બરવાળાની આગળ વિશેષણ રૂપે જોડાતા ઘેલાશાહનું વ્યક્તિત્વ-કૃતિત્વ કેવું હતું ? આનો ઈતિહાસ જાણવા જેવો છે. એમની એ વિરલ વિશેષતાથી તો લગભગ કોઈ જ પરિચિત નહિ હોય કે, એ ઘેલાશાહ ધર્મે કર્મે જૈન હતા. જૈનત્વથી ઓપતા એ ઘેલાશાહ જવાંમર્દ પણ હતા, એમની મુત્સદ્દીગીરી કેવી હતી, બરવાળા આસપાસના પ્રદેશમાં એમની કેવી હાકધાક ફેલાયેલી હતી, અને રાજકીય રમત-ચોપાટના ભોગ બનેલા એમની અંતિમ જિંદગી કેવી કરુણ બની જવા પામી હતી, આ બધો ઈતિહાસ જાણીશું, તો એમ લાગ્યા વિના નહિ જ રહે કે, જ્ઞાનીઓએ સુખ-સત્તા કે હકૂમતના સામ્રાજ્યની સાચી ઓળખાણ કરાવતા 'ચાર દિવસના ચાંદરણાં' ની જે ઉપમા આપી છે, એ ખૂબ ખૂબ સાચી છે.

ઘેલાશાહના લાંબાચોડા ઈતિહાસની પ્રાથમિક ભૂમિકાનો ખ્યાલ આપતો આટલો જ સાર તારવી શકાય કે, ઘેલાશાહના પિતાનું નામ માધાશાહ હતું. અને માતા લીલાબાઈના નામે ઓળખાતી હતી.

અસલમાં તેઓ મૂળીનાં વતની હતાં. મૂળીથી વ્યવસાય માટે માધાશા લીંબડી આવ્યા, અને ભાગ્ય આડેથી ભીંત ખસી જતાં થોડા જ સમયમાં એમના વ્યક્તિત્વને પિછાણી લઈને લીંબડીના ઠાકોર હરિસિંહજીએ માધાશાને રાજ્યના કામદાર તરીકે નીમ્યા. કામદાર તરીકે એમની કાર્યવાહીથી સંતુષ્ટ બનેલા હરિસિંહજી માધાશાને વધુ ને વધુ જવાબદારી સોંપતા ગયા, એક દહાડો તાજ વિનાના રાજ જેવા પદે માધાશાને નિયુક્ત કરીને હરિસિંહજીએ બરવાળા પંથકનાં બાર ગામોનો વહીવટ એમને સોંપ્યો.

બરવાળાનો વહીવટ હાથમાં આવ્યા બાદ સંવત ૧૮૩૫માં માધા શાહે સૌ પ્રથમ ગામ ફરતો ગઢ બંધાવ્યો, આ પૂર્વે નાનકડા એક ગામડા તરીકે જે બરવાળા ઓળખાતું હતું, માધાશાએ બંધાવેલા આ ગઢ-કિલ્લા બાદ એ જ બરવાળા ધીમે ધીમે વિકાસ સાધતું સાધતું વેપારવણજના પ્રમુખ કેન્દ્ર તરીકે જમાવટ પામતું ગયું. આ રીતે બરવાળાના વિકાસનો પાયો નાંખીને એક દડાહો માધાશાએ જ્યારે આ વિશ્વ પરથી વિદાય લીધી, ત્યારે ઘેલાશાહના શિરે બરવાળાનું સુકાન સંભાળવાની જવાબદારી આવી.

માધાશાહે બરવાળાનો પાયો તો પૂરી જ દીધો હતો, ઘેલાશાહે એ પાયા પર વિકાસના એક પછી એક માળ ચણવા માંડ્યા. ઘેલાશાહ પાસે વણિકની ચાતુરી ઉપરાંત ક્ષત્રિયનું ક્ષાત્ર તેજ જેમાં ઝિલાતું હોય, એવી સમશેર ઘુમાવવાની એ જાતની તરવરતી અને તાતી તાકાત હતી કે, એ તાકાત મિત્રોને સામેથી આકર્ષી લેતી, તો શત્રુઓને શરણાગતિ સ્વીકારવા મજબૂર બનાવતી.

ઘેલાશાહે બરવાળાનું સુકાન સંભાળતાં બારમાંથી બાવીસ ગામના તાલુકા તરીકે બરવાળાને વિકસાવ્યું. બરવાળાને આવા વિકાસના પંથે આગળ વધારવા જતાં બહાદુર ઘેલાશાહને સાંઢ જેવી કેટલીય શક્તિઓને નાથવી પડી હતી, કેટલાય સિંહોને એમણે ગાય જેવા ગરીબડા બનાવી

દીધા હતા. આના કારણે જ બરવાળા અને ઘેલાશાનું નામ પડતાં જ ભલભલાના મોતિયા મરી જતા.

ભલભલા ભડવીરો જ્યારે બરવાળાના શરણાગત બની ચૂક્યા હતા, ત્યારે વોળદાન નામનો એક બહારવટિયો મૂછે તાવ દેતો ઘેલા શાહની સામે ખુલ્લેઆમ એલફેલ બોલતાં ગભરાતો પણ ન હતો. વાતવાતમાં વોળદાન એવી શેખી મારતો હતો કે, ઘેલાશાહે ભલે અનેકનાં માથાં વાઢ્યાં હોય, પણ મારી સીમમાં હું ઘેલાશાહ પાસે ખડ વઢાવું તો જ ખરો ! વોળદાનની ત્યારે હાક ધાક ગાજતી હતી. ચાચરિયા ગામનો એ કાઠી-ધણી હતો. બહારવટે ચડ્યા બાદ એની નામના-કામના ચોમેર વધુ ગાજતી થઈ હતી. બારોટ-ચારણોએ એના ગીત-ગાનને વધુ પ્રમાણ વિસ્તાર્યા હતા. વોળદાન સામે કોઈ બારોટ બરવાળા અને ઘેલાશાહની બહાદુરીનાં બણગાં ફૂંકતો, ત્યારે ઈર્ષ્યાની અગન-ઝાળથી લાલચોળ બની ઊઠેલા ચહેરે એ જવાબ વાળતો કે, ઘેલાશાહે અનેક બાયલાઓને ભલે શરણાગત બનાવ્યા, પણ હું એને મારી સીમમાં તાણી લાવીને એની પાસે ઘાસ વઢાવ્યા વિના નહિ જ રહું. મારી સામે તલવાર તાણીને ઊભા રહેવાની ગુસ્તાખી ઘેલાશાહ કરે, તો જ હું માનું કે, એની માએ સવા શેર સૂંઠ ખાઈને પછી ઘેલાશાહને જન્મ આપ્યો છે.

વાયરાની પાંખે ચડીને આ વાત એક દહાડો ઘેલાશાના કાને અથડાઈ. વોળદાનની વીરતા જેમાં ઉછાળા મારી રહી હતી, એવી આ વાત સાંભળીને ઘેલાશા કંઈ ગભરાઈ જાય ખરા ? આ વાત સાંભળીને તો એમની ખમીરી અને ખુમારી ઓર ખળભળી ઊઠી. તલવાર તાણીને એમણે ચોમેર ઘુમાવી અને વોળદાન જાણે સામે ખડો હોય, એવી કલ્પના કરીને એ કાલ્પનિક મૂર્તિને પોતે જવાબ વાળતા હોય, એમ એમણે વોળદાનને પડકાર કર્યો : વોળદાન ! આ સમશેરનું સર્જન કંઈ ખડ વાઢવા માટે નથી થવા પામ્યું. આ તો મહારથીઓનાં માથાં વાઢવા માટે જ સર્જાઈ છે. આ સમશેરને જ્યારે પ્યાસ લાગે છે, ત્યારે લોહી

પીધા સિવાય એ સંતોષાતી નથી. જોઈ લઈશ કે, તું મારી સમશેર પાસે ખડ કઈ રીતે વઢાવી શકે છે. થોડા જ દિવસો બાદ મારે ચાચરિયા તરફ આવવાનું થવાનું છે. ત્યારે હું સામેથી તારો અતિથિ બનીશ. ત્યારે મારી સમશેર પાસેથી ખડ વઢાવવાની એ તકને તું છટકી જવા દેતો નહિ. મારું એ તરફ આવવાનું નક્કી થતાં જ હું અગાઉથી તને જાણ કરીશ. જેથી તું પૂરતી તૈયારી કરી શકે.

સમશેરને આકાશમાં ઘુમાવતા ઘુમાવતા ઘેલાશાએ મનોમન આવો મનોરથ સેવ્યો અને એમણે કાગળ લખીને વોળદાન ઉપર પાઠવ્યો કે, થોડા જ દિવસોમાં હું તમારો મહેમાન બનવા આવી રહ્યો છું. હું જોઉં છું કે, તમે મારી સમશેર પાસે ખડ કઈ રીતે વઢાવો છો ?

ઘેલાશાહનો આ પત્ર હાથમાં આવતાં જ વોળદાન મનોમન બોલી ઊઠ્યો કે, વાણિયાને કલમ ચલાવતાં તો સારી આવડે છે, એને ખબર લાગતી નથી કે, કલમ ચલાવવી સહેલી છે, જ્યારે કટાર ચલાવવાની વાત તો દૂર રહી, કટારી હાથમાં ઝાલી જાણવી, પણ દોહ્યલી છે. શેખીખોર ઘેલાશા ભલે આવતો, અને સામસામે લેવડ-દેવડના હિસાબ ભલે પતી જતા.

થોડા દિવસ બાદ ઘેલાશાહને પોતાની દીકરી જ્યાં પરણાવી હતી, એ બોટાદ તરફ જવાનું થયું. ચાચરિયા ગામ વચ્ચે જ આવતું હતું. એથી એમણે નક્કી કર્યું કે, બોટાદ જતી વખતે વોળદાનને સમાચાર પહોંચાડી દેવા, જેથી વળતે દિવસે એ તૈયાર રહી શકે. અને અમારા બે વચ્ચેની લેવડ-દેવડનો અધૂરો હિસાબ ચૂકતે કરી શકાય. આ નિર્ણય મુજબ ચાચરિયા ગામ વચ્ચે આવતાં જ આગેવાન જેવી જણાતી એક વ્યક્તિને ઘેલાશાહે પૂછ્યું કે, આપા વોળદાન ઘરે હશે ખરા ?

હકારમાં જવાબ મળતાં એ જ વ્યક્તિને કામ ભળાવતાં ઘેલાશાહે કહ્યું કે, તો એમને જણાવજો કે, કાલે બરાબર આ જ સમયે અહીં હાજર રહેજો. હું ઘેલાશાહ એમની પ્રતીક્ષા કરીશ. એટલું પણ યાદ

દેવડાવજો કે, બરવાળાથી લખેલો સંદેશ-પત્ર મળી જ ગયો હશે ?

આટલો મૌખિક સંદેશ આપીને ઘેલાશાહ બોટાદ તરફ રવાના થઈ ગયા. આ સંદેશો વોળદાનને મળતાં જ એના મનમાં એવો વિચાર ઘૂમરાવા લાગ્યો કે, વાણિયાએ વેણ-વચન પાળ્યું ખરું ! મને એની દયા આવે છે કે, એ મારી આગળ ટકી શકશે ખરો ? એ સસલા પર સિંહ તરીકે ત્રાટકવામાં મારી શી આબરૂ ? પણ જ્યારે એ હથિયાર ઉઠાવવાની હઠ લઈને જ બેઠો છે, ત્યારે મારાથી ના પણ કેમ પડાય ? માટે ભલે ફેંસલો થઈ જતો, જેમ મારી જીત નક્કી છે, એમ એની હાર પણ નક્કી જ છે. પરંતુ એટલું તો ઇચ્છવું જ રહ્યું કે, એ યશસ્વી રીતે હાર પામે.

વોળદાન પોતાના પરાક્રમ બદલ ગર્વિષ્ઠ હતો, એમ તો ન જ કહી શકાય, પરંતુ બરવાળા અને ઘેલાશાની બહાદુરીનું ગણિત માંડવામાં વોળદાન જરૂર થાપ ખાઈ ગયો હતો, એમ માન્યા વિના તો ચાલે એમ જ ન હતું. પોતે જે રીતે ભૂલનો ભોગ બની જવા પામ્યો હતો, એનો ખ્યાલ વોળદાનને એ ઘડી-પળે જ આવ્યો કે, જ્યારે બીજે દિવસે ઘેલા શાહ તલવાર તાણીને સામે ખડા થઈ ગયા.

ઘેલાશાહે તલવાર તો એ માટે જ તાણી હતી કે, જેથી વોળદાન પોતાને ઓળખી શકે, બંને પહેલી વાર જ મળતા હતા. એથી તલવાર મ્યાન કરી દઈને ઘેલાશાહે કહ્યું કે, પહેલી વાર જ મળી રહ્યા છીએ, માટે થોડા કસુંબા-પાણી માણી લઈએ, બળાબળનો હિસાબ પછી માંડીશું, વોળદાનને લાગ્યું કે, આ વાણિયો વળી અજબગજબનો લાગે છે ! લાગણીના સંબંધ જોડીને પછી લડવા માંગે છે. બંને વચ્ચે કસુંબા-પાણી થયાં અને પછી વાતચીત પણ થઈ, વોળદાનને એમ થયું કે, આ વાણિયાને ભાઈ તરીકે ગળે વળગાડી દઉં. પણ પછી ક્ષાત્રવટની અને બરવાળા માટે બોલાયેલા અપશબ્દોની સ્મૃતિ થતા જ વેરની પિપાસા સળવળી ઊઠી. ઘેલાશાહે કહ્યું : 'વોળદાન ! પહેલો મારે એ કદી ન હારે. આવી કહેવત છે. પણ હું બીજો માર ચલાવીને તમને જીતાડવા માંગું છું. માટે

સામે થઈને તમને પહેલી તલવાર ચલાવવાની તક આપું છું.'

પહેલો માર ચલાવવાની સામેથી તક મળતાં જ ઓર ગર્વિષ્ઠ બનેલા વોળદાને ભૂલમાં એવો ઘા કર્યો કે, એને નિષ્ફળ બનાવી દઈને ઘેલા શાહે સામેથી પ્રહાર કરતાં એમ કહ્યું કે, વોળદાન ! તમે ભૂલ્યા, ઘા તો આ રીતે થાય, જેથી એ નિષ્ફળ નીવડે નહિ.

ઘેલાશાહનો પ્રહાર અચૂક નિશાન વીંધી ગયો, એથી ઘોડી પરથી પટકાઈને વોળદાન ભોંયભેગો થઈ ગયો. સામસામા બે જ હતા, ત્યાં તો ઘેલાશાહને મદદ કરવા કોઈ આવી રહ્યાની ભાળ મળતાં જ વોળદાનના મોતિયા મરી ગયા. એને થયું કે, હવે પોતે જીવ નહિ જ બચાવી શકે. એના મોં પર ભયની રેખાઓ ઊપસી આવી. એ જોઈને ઘેલાશાએ કહ્યું : વોળદાન ! વિચાર શું કરી રહ્યા છો ? ભાગી છૂટો, નહિ તો મારી મદદે આવી રહેલો મારો સાથીદાર તમને જીવતા નહિ રહેવા દે. મારે તમને મારી નાખવા નથી. મારે તો તમારો ગર્વ જ ઉતારવો હતો. એટલે મારું કાર્ય સિદ્ધ થઈ ગયું છે.

ઘોડા પરથી નીચે પટકાઈ પડેલા વોળદાને કહ્યું : ઘેલાશાહ ! પણ હું ભાગું કઈ રીતે ? મારી પાસે અશ્વ તો છે નહિ. દાના ને શાણા દુશ્મન ઘેલાશાહે ઉદારતા દર્શાવતાં કહ્યું : વોળદાન ! આ મારો અશ્વ તમારો જ છે ને ? તમારા જેવી વીરતાને જીવતી રાખવાના પુણ્યના ભાગીદાર બનવાની આવી તક મને ક્યારે મળવાની ?

વોળદાન જ્યાં ઘેલાશાહના અશ્વ પર સવાર થઈને ભાગી છૂટવાની તૈયારી કરી રહ્યા, ત્યાં જ બરાબર અવસર જોઈને ઘણનો ઘા કરતા ઘેલાશાહે કહ્યું : વોળદાન ! આ અશ્વને ખાવા માટે થોડું ખડ તો વાઢતા જાવ. લો, આ તલવાર ! આ તલવાર લોહી પીને ધરાઈ ગઈ છે. હવે એને ખડ ખાવાની ખેવના જાગી છે. એ ખેવના તો તમે જ પૂરી કરી શકો એમ છો.

સન...ન કરતું છૂટેલું આ કટાક્ષ-બાણ વોળદાનનું કાળજું વીંધી ગયું. પણ જીવ બચાવવો હતો, એથી થૂંકેલું પાછું ચાટી જવા સિવાય છૂટકો જ ન હતો. ઘેલાશાહ પાસે ખડ વઢાવવાની પ્રતિજ્ઞા લેનારા વોળદાનને જાતે જ ખડ વાઢવા દ્વારા પ્રતિજ્ઞા ભંગ કર્યા વિના ચાલે એમ જ ક્યાં હતું ? સમશેરથી ખડ વાઢવાની ફરજ પાડ્યા બાદ ભગાડી મૂકનાર વોળદાન અંગે જ્યારે બરવાળાથી મદદ માટે આવી પહોંચેલા સાથીદારોએ પૂછપરછ કરી, ત્યારે ઘેલાશાહે જવાબ વાળ્યો કે, મારો વાલો આ કાઠી મારી ઘોડી લઈને ભાગી છૂટ્યો. આવા સસલાનો પીછો સિંહ સમા મારાથી કઈ રીતે કરાય ? સિંહસમો હું સસલાની પાછળ દોડું, તો મારું સત્ત્વ લાજે.

આવા બહાદુર ઘેલાશાહનાં જ્યાં બેસણાં હતાં, એ બરવાળાની બહાદુરી અને સાથે સાથે એના સીમાડા પ્રતિદિન વિસ્તરતા જ ગયા હોય એમાં શી નવાઈ ગણાય ?

❖

ક્યાં ભાવનગર અને ક્યાં બરવાળા ? બરવાળાના સીમાડા વિસ્તરતા વિસ્તરતા ભાવનગર-રાજ્યની હદને જ્યારે ગળી જવાની તૈયારી કરવા માંડ્યા, ત્યારે આ વાતને રાજ્યના ધણી વજેસિંગજી સમક્ષ રજૂ કઈ રીતે કરવી ? આ સમસ્યાનો ઉકેલ કળથી લાવવા એક ચારણે ભાવનગરની કચેરીમાં ટૂંટિયું વાળીને સૂઈ જવાનું નાટક ભજવવાનું નક્કી કર્યું. ઘણી બધી જગા ખુલ્લી પડી હોવા છતાં એકદમ ટૂંકું ટૂંટિયું વાળીને સૂતેલા એ ચારણને જોતાંની સાથે જ વજેસિંગજીએ સવાલ કર્યો : ગઢવી ! આટલું બધું ટૂંકું ટૂંટિયુ વાળવાની કંઈ જરૂર ખરી ? આમાં તો પગ જકડાઈ જાય ને આરામની તો અનુભૂતિ જ ન થાય.

ચારણે મોકો જોઈને જવાબ વાળ્યો. બરવાળાની હદ જેમ વિસ્તરતી જાય છે, એમ મારે મારું ટૂંટિયું સંકોચવું પડે છે. રહેવું ભાવનગરમાં

અને બરવાળાની હદમાં પગ પહોળા કરવા, એ તો વાજબી ન ગણાય ને બાપુ !

'એટલે ? શું કહેવા માંગો છો, ગઢવી.' વજેસંગજીએ પ્રશ્ન કર્યો.

'બાપુને મારા જેવો બીજું તો શું કહી શકવાનો અધિકારી હોય ? પણ મને એમ લાગે છે કે, આપણે જો નહિ ચેતીએ, તો કાલ ઊઠીને બરવાળા ભાવનગરને ભીંસમાં લઈ લે તો ના નહિ અને નવાઈ પણ નહિ.'

ચારણની આ વાતે વજેસિંગજીને જબરી ચાનક લગાડી દીધી. એઓ સફાળા જાગી જઈને સાબદા બની ઊઠ્યા, એટલું જ નહિ, એમને એમ લાગી આવ્યું કે, ઘેલાશા છે તો વાણિયો ! પણ ક્ષત્રિયને પાણી પિવડાવી દેવાની એની તાકાત છે, એથી એને હવે નાથવી જ જોઈએ ! વજેસંગજીએ વિનાવિલંબે બરવાળા પર ચઢાઈ લઈ જવાનો નિર્ણય કર્યો. સૈન્યની સાથે એઓ માર માર કરતા બરવાળા તરફ ધસી ગયા. પણ જ્યાં બરવાળાનો અડીખમ કોટ-કિલ્લો નજર સમક્ષ આવ્યો, ત્યાંને ત્યાં જ એમનો જોમ-જુસ્સો એકદમ ઓસરી ગયો. એ ગઢનાં દ્વાર ખોલવાની વાત તો દૂર રહી, એની એકાદ કાંકરી ખેરવવાની પણ એમની તાકાત ન હતી, એથી સંગ્રામના બદલે સંધિના માધ્યમે સરહદની સમસ્યા ઉકેલવા મજબૂર બનીને એમણે સમાધાન માટે ઘેલાશાહને આમંત્રણ પાઠવ્યું. ઘેલાશાહ કંઈ અન્યાય-અનીતિથી બરવાળાના સીમાડા વિસ્તૃત કરવા માંગતા ન હતા. એથી મંત્રણા શરૂ થઈ. વાતચીતના દોર દરમિયાન વજેસંગજીને એવો વિશ્વાસ જાગી ગયો કે, આ વિષયમાં ઘેલાશાહ અન્યાય આચરે એમ નથી, માટે એમની પર ભરોસો રાખીને આગળ વધવામાં વાંધો નહિ આવે. વજેસિંગજીએ સામેથી જ એક પ્રસ્તાવ મૂક્યો :

'ઘેલાશાહ ! રાજ્યની હદ વધારવાની તો કોને ઇચ્છા ન હોય ! પણ ભાવનગરની જેમ બરવાળા પણ નેકી-નીતિ મુજબ જ સીમાડા

વધારવા ઈચ્છતું હશે, એમ ધારીને તમારી પર એવો વિશ્વાસ મૂકવા હું તૈયાર છું કે, તમારા ઘોડાના ડાબલા જેટલી ભૂમિ પર પડે, એટલી ભૂમિ બરવાળાની ! આવું સીમાંકન મને તો મંજૂર છે, તમારે આ વિષયમાં કંઈ કહેવું છે ?

ઘેલાશાહે આ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને તરત જ એમણે ઘોડેસવારી શરૂ કરી. બરવાળાની જે સીમા નક્કી હતી, તેમજ જે પ્રદેશ બરવાળા સાથે જ જોડાય એ વાજબી હતું, એટલા પ્રદેશ પર અશ્વ-પ્રવાસ કરવાનું નક્કી કરીને બરવાળાથી ત્રણેક ગાઉ દૂર જ્યાં ખળખળિયાના નામે ઓળખાતો વોંકળો હતો, ત્યાં જઈને ઘેલાશાહે પોતાના ઘોડાની લગામ ઢીલી મૂકતાં ઘોડો ત્યાં જ ઊભો રહી ગયો. એથી વોંકળાની એક તરફ બરવાળાની અને સામી તરફ ભાવનગરની સીમા નક્કી થઈ ગઈ. આ રીતે ઘેલાશાહ પર વજેસંગજીએ વિશ્વાસ મૂકીને એ વાત સાબિત કરી બતાવી કે, ઘેલાશાહ જૈન પહેલા હતા, જવાંમર્દ પછી હતા, તો જ બંને રાજ્યની સીમાબંધી જેવી સમસ્યાના ઉકેલ અંગે એમની પર વિશ્વાસ મૂકી શકાય ને ?

ઘેલાશાહ પાસે વીરતા જ નહોતી, વફાદારીનો વારસો પણ એમણે દીપાવ્યો હતો. એક વાર એવું બન્યું કે, લીંબડીના ઠાકોર હરિસિંહજીને દ્વારકાની યાત્રા કરીને પાછા વળતાં જામનગર ઉતરવાનું બન્યું. ત્યાંના જામસાહેબે ઘેલાશાહની નામના-કામનાની ઘણી ઘણી વાતો સાંભળી હતી. એથી ઘેલાશાહને મળવાની ઈચ્છા એમણે જ્યારે વ્યક્ત કરી, ત્યારે હરિસિંહજીએ કહ્યું કે, ઘેલાશાહને મળવાની ઈચ્છા થાય, એ બરાબર છે. પણ એમનો સ્વભાવ-પ્રભાવ સાચવવો અઘરો છે. માટે આપ મળવાની વાત પડતી મૂકો, એમાં જ મજા છે. એ વીર પણ એવો છે, વફાદાર પણ એવો જ છે. એની માન-મર્યાદા જાળવવી, એ સહેલી વાત નથી. એની અમુક અમુક આદતો તો બહુ ભારે છે. લીંબડી સિવાય એ બીજે નમતો નથી. ગમે તેવા મોટા દરબાર હોય, પણ એ

મોટા દરબારમાંય ઠાઠ-ઠઠારા અને ઠસ્સા સાથે જ પ્રવેશવાનો એ આગ્રહી છે. માટે આપ ઘેલાશાહને મળવા બોલાવવાનો આગ્રહ ન રાખો, એ જ સારું છે.

ઘેલાશાહની આવી આગવી ઓળખાણ મળ્યા પછી તો જામસાહેબની ઉત્કંઠા ઉપરથી વધી જવા પામી. એમણે લીંબડીના ઠાકોરને એટલો બધો આગ્રહ કર્યો કે, એઓ ઘેલાશાહને જામનગર પાઠવવા વચનબદ્ધ બન્યા વિના છૂટા ન પડી શક્યા. લીંબડી પહોંચીને એમણે ઘેલાશાને જામસાહેબ સાથે થયેલ વાતનો સાર કહી સંભળાવ્યો અને અંતે પોતાની વચનબદ્ધતાની વાત પણ કરી. બધી વિગત સાંભળ્યા બાદ એક દહાડો ઘેલાશાહે જામનગર જવાનું નક્કી કર્યું. આ સાંભળીને જામસાહેબની જાહોજલાલી-પ્રભાવ વગેરેની વાતો રજૂ કર્યા બાદ ઘણાએ ઘેલાશાહને એવી સલાહ પણ આપી કે, આવા રાજવી પાસે જવું હોય, તો એમની આમન્યા જાળવવાનું નક્કી કરીને જ જવું જોઈએ. નહિ તો મળ્યા કરતાં ન મળવું, એ જ વધુ સારું ગણાય.

હિતસ્વીઓની આ સલાહ સાંભળી લઈને એ તો પડશે એવા દેવાશે આવું માનસિક સમાધાન કરીને ઘેલાશાહ એક દહાડો જામનગર પહોંચી ગયા. એમની જેમ જામસાહેબ પણ વટના ટુકડા સમા જ હતા. મનોમન પરીક્ષા લેવાનું નક્કી કરીને એમણે ઘેલાશાહને આવકાર આપ્યો. ઘેલાશાહ ઠાઠ-ઠઠારા અને ઠસ્સા સાથે પ્રવેશ્યા, એની સામે તો કોઈએ વાંધો ન ઉઠાવ્યો. પણ એઓ જ્યારે જામસાહેબને નમવાની અદબ બતાવ્યા વિના જ સભામાં બેસી ગયા, ત્યાં જ ચોમેરથી ગણગણાટ શરૂ થઈ ગયો. લીંબડી કરતાં તો જામનગરનો દરબાર ઘણો મોટો ગણાય. માટે લીંબડીની જેમ જામનગરની પણ આમન્યા જળવાવી જ જોઈએ.

ઘેલાશાહને એ ભરી સભામાં કોઈએ જ્યારે મોઢામોઢ આમન્યા જાળવવાની આ વાત કરી, ત્યારે તો એમનો સ્પષ્ટ પ્રતિભાવ સાંભળીને

સૌ સન્ન બની ગયા. એમણે કહ્યું : આ માથું લીંબડીને જ નમ્યું હતું, નમી રહ્યું છે અને નમશે. આ મારી આમન્યા છે. આને માન્ય રાખીને જ તમે બધાએ મને આમંત્ર્યો હશે, એમ હું માનું છું. શું આ મારી ભૂલ થઈ ગઈ ! વેધક આ સવાલ હતો. પણ આવો જવાબ વાળવામાં સાર ન જણાતાં પરીક્ષા અને પારખું કરવાની અદાથી ખુદ જામસાહેબે જ બાકીની બાજી સંભાળી લેતાં એક નવી જ દરખાસ્ત મૂકી : ઘેલાશાહ, જામનગર તમારી સેવા ઇચ્છી રહ્યું છે. હવેથી તમે જામનગરને સેવા આપવાનું સ્વીકારો, તો તાંબાના પતરા પર તમારા નામે પાંચ ગામ લખી આપવાની મારી તૈયારી છે.

રાજ્ય-લોભને ઉશ્કેરી મૂકે, એવી આ માગણી-લાગણીથી જરાય વિચલિત બન્યા વિના વળતી જ પળે ઘેલાશાહે કહ્યું કે, જામસાહેબ ! માગાં દીકરી હોય ત્યાં સુધી જ મૂકી શકાય, જ્યાં એ દીકરી વહુ બની જાય, પછી આવાં માગાં શોભે નહિ, લીંબડીની શીતળ છાયામાં જીવન વિતાવ્યું છે. આપ પચાસ ગામ આપવા માંગો, તોય લીંબડીની ચાકરી હું કઈ રીતે છોડી શકું ? વફાદારી વિસરી જઈને હું બેવફા બનું, એમ આપ પણ ઇચ્છતા નહિ જ હો. માટે આવી કોઈ વાત હવે આગળ ન વધે, એમ હું ઇચ્છુ છું.

જામસાહેબની અગન પરીક્ષામાં વધુ ઝળકીને બહાર આવેલા ઘેલા શાહના મુખ પરનું વફાદારીનું તેજ જોઈને જામસાહેબ અંજાઈ ગયા. તેમને થયું કે, આવી વફાદારી મેળવવા તો જામનગરે હજી ઘણા તપ-જપ કરવાં પડશે. ઘેલાશાહની નેકટેક પર ખુદ ખુશ થઈ ગયેલા જામસાહેબની પાસેથી માનભેર વિદાય થઈને ઘેલાશાહ જ્યારે હેમખેમ બરવાળા પહોંચ્યા, ત્યારે જ લીંબડીના ઠાકોર હરિસિંહજીએ સંતોષનો શ્વાસ લીધો.

❖

અંગ્રેજી-હકૂમતના ત્યારે હજી પાયા નંખાઈ રહ્યા હતા, એ પાયાને

ઊંડા ઉતારીને એને મજબૂત બનાવવા અંગ્રેજ-સાહેબો તરેહ તરેહના માયા-પ્રપંચ રમતા અને એવા એવા ભેદી-વ્યૂહ અપનાવતા કે, એમાં રાજ-રજવાડા કે ઠાકોરો આબાદ ફસાઈ જતાં. અને એ વ્યૂહોના ભેદભરમ સમજાઈ ગયા બાદ જ્યારે એમાંથી છટકવા મથતા, ત્યારે તો પોતાના ગળે ભિડાવી દેવાયેલો એ ગાળિયો વધુ મજબૂત બનીને એવી ભીંસમાં લઈ લેતો કે, એ ભીંસ મને કે કમને સહન કરવી જ પડતી. આવા અનેક વ્યૂહ-દાવપેચમાંનો જ એક દાવ હતો. 'ફરતી પેશકશી' નો! આનો અર્થ એવો થતો હતો કે, રાજ્યની ફરતાં જે ગામો હોય, એ ગામદીઠ અમુક રકમ ઠરાવીને અંગ્રેજો એ રકમ વસૂલ કરી શકે. વરસે વરસે આવી 'પેશકશી'નું સ્વરૂપ બદલાતું રાખવા અને મનમાની રકમ ઉઘરાવી શકવાની બારી ખુલ્લી રાખવા અંગ્રેજો 'ફરતી પેશકશી' બાંધવાની વાતને વળગી રહેતા, જ્યારે દરબાર-ઠાકોરના ડાહ્યા કામદારો 'કાયમી પેશકશી'નો પ્રસ્તાવ રજૂ કરતા.

એક વાર લીંબડીના ઠાકોર હરિસિંહજીને અંગ્રેજ હકૂમત વતી વોકરસાહેબ મળવા આવ્યા. મીઠી મીઠી વાતો કરીને વોકરસાહેબ બરવાળાનાં બત્રીસ ગામોની પેશકશી બાંધવાનું હરિસિંહજી પાસે કબૂલ કરાવી ગયા. આ પ્રસ્તાવ ઘેલાશાહની જાણ બહાર નક્કી થયો હોવાથી એમને ઘણું દુઃખ થયું. એઓ તરત જ લીંબડી દરબાર સમક્ષ પહોંચી ગયા. વોકર સાહેબની છાવણી હજી લીંબડી ગામની બહાર જ હતી, એથી પેશકશીની સીધી જ વાત જાણી લઈને એમણે ખેદ વ્યક્ત કરતાં કહ્યું કે, દરબાર ! ઉતાવળ થઈ ગઈ. પેશકશી બાંધવી જ પડે, તો કાયમી બાંધવી હતી. ફરતી પેશકશી બાંધવાથી તો વરસે-દહાડે અંગ્રેજો રકમ વધારતા જ જશે. આપે મને તેડાવી લીધો હોત, તો આવું થવા દેત નહિ.

થોડો વિચાર કરીને ઘેલાશાહે કહ્યું : પણ હજી કંઈ બગડ્યું નથી. વોકરસાહેબની છાવણી હજી લીંબડીમાં જ છે. હું અબી ને અબી જઈને

બગડેલી બાજી સુધારી આવું છું. આટલી વાત કરીને ઘેલાશાહ સીધા જ વોકરસાહેબ સમક્ષ ખડા થઈ ગયા. વણિક બુદ્ધિ ધરાવતા ઘેલાશાહને આવેલા જોઈને વોકરસાહેબ જરાક સાવધ બની ગયા. ત્યાં તો ઘેલાશાહે પ્રસ્તાવ મૂક્યો કે, વોકરસાહેબ ! લીંબડી દરબાર સાથે પેશકશીનો જે દસ્તાવેજ લખાયો છે. એ મારે જોવો છે. હું બરવાળા ખાતેનો કામદાર હોવાથી એ દસ્તાવેજ પર મારી પણ સહી હોવી જોઈએ, તો જ એ દસ્તાવેજ સાચો સાબિત થાય.

ઘેલાશાહની આ વાત સાંભળીને વોકરસાહેબે ભોળાભાવે દસ્તાવેજનો એ કાગળ ઘેલાશાહના હાથમાં મૂક્યો. સહી કરવાના બહાને હાથમાં આવેલા એ દસ્તાવેજને વાંચ્યા વિના જ એનો ડૂચો વાળી દઈને ઘેલાશાહે એ ડૂચો મોંમા ચાવીને પેટમાં ઉતારી દીધો. અને એટલું સંભળાવીને એઓ પોતાનો ઘોડો દોડાવી ગયા કે, સાહેબ ! દસ્તાવેજ લેવો હોય, તો લેવા માટે હવે બરવાળા આવવું પડશે.

વોકરસાહેબને ખ્યાલ આવી ગયો કે, વાણિયો પોતાને ઠગી ગયો ! એથી એમણે ફોજ લઈને બરવાળા સુધી લાંબા થવાનું નક્કી કર્યું. મારતે ઘોડે એઓ બરવાળા પહોંચ્યા, પણ ત્યાં તો ગઢના દરવાજા બંધ થઈ ગયા હતા. એ દરવાજા ખોલવા કોઈ પણ હિસાબે શક્ય ન જણાતાં અંતે વોકરસાહેબે સંધિ-સમાધાન માટે ઘેલાશાહને આમંત્રણ પાઠવ્યું. બળથી કાર્ય સિદ્ધ થઈ શકે એમ ન હતું. એથી ઘણી ઘણી ચર્ચા-વિચારણાના અંતે ઘેલાશાહે જ્યારે ફરતી પેશકશી માટે તૈયારી ન જ દાખવી, ત્યારે વોકરસાહેબે કળ-લોભ-લાલચ દર્શાવતા એવા પ્રસ્તાવ રજૂ કર્યા કે, ઘેલાશાહ ! ૧૦ ગામો તમારા નામે જુદાં તારવી દઉં, પરંતુ બીજા ગામોની ફરતી પેશકશી માટેના દસ્તાવેજ પર તમે સહી કરીને આપો. આમાં તમને મળનારા લાભનો તો કોઈ પાર જ નથી.

આ પ્રસ્તાવને ઠુકરાવી દેતાં ઘેલાશાહે કહ્યું : મેં માથે લીંબડીના ધણીને ધાર્યા છે, મારે લૂણહરામ નથી બનવું. લીંબડી તો મારી સાત

પેઢીને પાળશે-પોષશે. માટે બાંધવી જ હોય, તો કાયમી પેશકશી બાંધવાનું હજી વિચારી શકાય. ૨૨ હજારની કાયમી પેશકશી લીંબડીના નામે કાયમી જમા લખી આપવાની તૈયારી હોય, તો જ આ પ્રશ્ન પતે એમ છે.

ઘેલાશાહની મક્કમતા આગળ વોકરસાહેબને પણ નમતું તોળવું પડ્યું. આ પ્રસ્તાવ સ્વીકૃત થતાં ઘેલાશાહની વણિક બુદ્ધિ અને વફાદારી ઠેરઠેર ગીત બનીને ગવાવા માંડી. વોકરસાહેબ પાસે પણ ધાર્યું કરાવનાર ઘેલાશાહને અદાવતિયાઓએ દાઢમાં રાખીને એક વાર સુરતના કલેક્ટર દ્વારા વોરન્ટ કઢાવ્યું. એથી ઘેલાશાહને સુરત જવું પડ્યું. બરવાળાથી આવેલા ઘેલાશાહ સુરતમાં પ્રવેશ્યા, બરાબર એ જ ટાણે સુરત શહેરમાં એવો ગોકીરો મચ્યો કે, દોડો, ભાઈ દોડો, સરકારી તિજોરી લૂંટીને મિયાણા ભાગી જવા માંગે છે, એમને પકડીને તિજોરી બચાવવા સૌ સાબદા બનો.

કલેક્ટરે કયા ગુનાસર વોરન્ટ કાઢીને પોતાને સુરત આવવાની ફરજ પાડી હતી, એ હજી જાણવાનું બાકી હતું, ત્યાં જ મદદ માટેનો આવો સાદ સાંભળીને ઘેલાશાહ કંઈ બાયલાની જેમ બેસી રહે ખરા? એઓ ધિંગાણું મચાવીને તિજોરી બચાવવા જ્યાં તૈયાર થઈ ગયા, ત્યાં જ એમના માણસોએ એમને અટકાવતાં કહ્યું કે, આપની સામે જેણે વોરન્ટ કાઢ્યું છે, આપને જે જેલભેગા કરવા માંગે છે, એવી સરકારની તિજોરી લૂંટાતી હોય તો એને બચાવવાની હોય કે, વધુ લૂંટાવી દેવા મથવાનું હોય ? માટે ધિંગાણે ચડવાની જરાય જરૂરત નથી. આ ખેલ તો પ્રેક્ષક બનીને જોયા કરવાનો જ હોય !

આ સાંભળીને ઘેલાશાહે કહ્યું કે, સાચો રજપૂત રાડ-સાદ પડતાં જ ઝાલ્યો રહી શકે ખરો ? લૂંટારાની સામે પડવું, એ જ મારો ધર્મ છે. એ તિજોરી ગમે તેની હોય એ મારે જોવાનું નથી. મારે તો લૂંટારાની સામે જ લાલ આંખ કરવાનું કર્તવ્ય અદા કરવાનું છે. આટલું કહીને ઘેલાશાહ

ધિંગાણે ચડ્યા અને મિયાણા પાસેથી આના-પાઈ સાથેનો તમામ માલ પરત લાવીને સરકારી અધિકારી સમક્ષ રજૂ કરી દીધો.

ઘેલાશાહની આવી બહાદુરીની વાત સાંભળતાં જ કલેક્ટરની આંખ ઊઘડી ગઈ, એને થયું કે, અદાવતિયાએ ચોક્કસ ખોટી કાનભંભેરણી કરીને મારી પાસે વોરન્ટ કઢાવ્યું લાગે છે. આવા બહાદુરને તો મારે બિરદાવવો જોઈએ. પોતાને પકડનારી સરકારના જોરજુલમનો વિચાર કર્યા વિના લૂંટારાની સામે લાલ આંખ કરવાનું કર્તવ્ય અદા કરનારા ઘેલાશાહ ગુનેગાર હોઈ જ ન શકે.

કલેક્ટરે ઘેલાશાહની માફી માંગીને શાબાશી આપવા પૂર્વક એમને માનભેર વિદાય આપી, ત્યારે આ અદાવતિયાઓ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવો ઘાટ ઘડાયો અને ઘેલાશાહ જાણે પ્રજાના સ્નેહ-સરોવરમાં સહેલગાહ માણતા તરી રહ્યા.

લીંબડીના ધણી હરિસિંહજીને વફાદાર રહેવાની ટેક જાળવવા ખાતર સ્વાર્થના-લાભના કેટલાય સોદાઓને સહર્ષ જતા કરનારા ઘેલાશાહ સ્થાનકવાસી જૈન હતા, એમણે લીંબડીમાં સ્થાનક-ઉપાશ્રય બંધાવ્યાનો પણ ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે. લાલઘૂમ ઉદયકાળ અને મધ્યાહ્ન કાળ ધરાવનારું એમનું જીવન અસ્ત સમયે લાલી ગુમાવીને અંધકાર ગ્રસ્ત બનેલું જોવા મળતાં અને 'રાજા-વાજા ને વાંદરા'ની કહેવત સાંભરી આવતાં એવો પ્રશ્ન જાગ્યા વિના નથી રહેતો કે, રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા ? રાજા વળી મિત્ર બન્યો રહે, એવું કોણે સાંભળ્યું કે જોયું છે, તો ખુદ હરિસિંહજી જેવા ઘેલાશાહ વિરુદ્ધ કાનભંભેરણીના ભોગ બની બેસે, એમાં આશ્ચર્ય શું ? લીંબડીમાં એક ઘટના એવી બનવા પામી કે જે અંતે ઘેલાશાહે જીવનભર કમાયેલી આબરૂની ધૂળધાણી કરનારી નીવડી.

લીંબડીમાં એક શેઠ-કુટુંબ વસતું હતું. બધી રીતે એ સમૃદ્ધ હતું.

એ શેઠના દીકરા વેરે ધાંધલપુર રહેનારા એક શેઠની પુત્રીનો વિવાહ નક્કી થયો. દુર્ભાગ્યના યોગે શેઠનો એ દીકરો આ પછી તો થોડા જ મહિનામાં ગુજરી ગયો. ધાંધલપુરની એ કન્યાનાં લગ્ન હજી લેવાયાં ન હતાં, છતાં શેઠનો દીકરો ગુજરી જતાં એ કન્યાના પિતા ધાંધલપુરથી લીંબડી આવ્યા. ખરખરો પતાવીને પાછા ફરવાના અવસરે શેઠ-કુટુંબે એમને વિનંતી કરી કે, શેઠ ! ન બનવાનું બની ગયું. મારા દીકરાના ભાગ્યમાં તમારી દીકરીનાં લગ્ન નહિ લખાયાં હોય, પણ હવે એટલું જ સચવાય તો સાચવજો કે, તમારી એ દીકરીનાં લગ્ન લીંબડી સાથે ન ગોઠવતા. જેથી એ દીકરી જોઈને અમારા બધા સગા-વહાલાઓને ગુજરી ગયેલા દીકરાની વાત વારંવાર યાદ ન આવ્યા કરે.

આ વાત વાજબી હતી, છતાં ધાંધલપુરના શેઠ ત્યારે ને ત્યારે જ એને સ્વીકારી લઈને કઈ રીતે વચનબદ્ધ બની જાય ? એમણે કહ્યું : આપની વાત સાવ સાચી છે. આવો લગ્ન-સંબંધ યોગ્ય ન ગણાય. માટે આ અંગે જરૂર વિચારીશું.

લીંબડીના શેઠ-કુટુંબને તો વચન-બદ્ધતા ખપતી હતી. વળી પૈસાનું જોર પણ એમની પાસે હતું. એથી એઓ જરા આવેશમાં આવીને બોલી ગયા કે, આમાં વિચારવાનું વળી શું હોય ? આમાં તો હા જ પાડી દેવાની હોય ને ? અમારું આટલું વચન પણ માન્ય ન રાખો, એ વળી કેવું ? તો આનું સારું પરિણામ નહિ આવે.

જોર-જુલમી અને જોહુકમી જેમાં ડોકાઈ રહી હતી, એવી આ વાત સાંભળીને ધાંધલપુરના શેઠે પણ જરાક ગરમી સાથે કહ્યું : હું ક્યાં ના પાડું છું. પણ અત્યારથી જ તમે મને બાંધી લેવા માંગો, તો મારાથી કઈ રીતે બંધાઈ જવાય ? ભાવિમાં આગળપાછળના સંજોગો કેવા ઊભા થશે, એ હું અત્યારથી જ કઈ રીતે કળી શકું ? માટે અત્યારે જ વચનબદ્ધ બની જતા પૂર્વે મારે હજાર વાર વિચારવું પડે.

શેઠ-કુટુંબવાળાએ વધુ પડતી છૂટ લઈને સંભળાવી દીધું. અત્યારથી જ વચન આપી દો તો અમે નિશ્ચિંત બની જઈએ, બાકી તમે જો દીકરીને લીંબડીમાં જ વરાવવાનો આગ્રહ રાખશો, તો પરિણામ સારું નહિ જ આવે, એ પણ લખી રાખશો.

ધાંધલપુરના શેઠ પણ કંઈ કમ ન હતા. વટ અને તોરમાં આવી જઈને એમણેય સાફ-સાફ સંભળાવી દીધું કે, તમારી જોહુકમી તમને જ મુબારક ! જો તમે અમને બાંધી જ લેવા માંગતા હો, તો લખી રાખો કે, તો તો મારી દીકરીનાં લગ્ન હવે લીંબડી સિવાય બીજે નહિ જ થાય. આટલું કહીને ધાંધલપુરવાળા શેઠ વિદાય થઈ ગયા. સૂતા સાપને પોતે છંછેડીને આવ્યા હતા. હવે તો વટને ખાતર પણ દીકરીનો સંબંધ લીંબડી સાથે જ બાંધવો પડે એમ હોવાથી એઓ વિચારે ચડ્યા કે, શેઠ-કુટુંબવાળા સાથે સંબંધ બગડે, એની જરાય પરવા કર્યા વિના મારી પુત્રીનું માંગું સ્વીકારે, એવો બહાદુર બેટો તો એકમાત્ર ઘેલાશાહનો જ છે. જો ઘેલા શાહનો દીકરો માનભા મારી દીકરીનું માંગું સ્વીકારે, તો જ મારી આબરૂ ટકે. અને આ માટે તો મારે વઢવાણના ઠાકોરને જ સમજાવવા પડે. કારણ કે વઢવાણના ઠાકોર સાથે ઘેલાશાહના સંબંધો સારામાં સારા છે. એમનું વચન કોઈ પણ હિસાબે ઘેલાશાહ ઉથાપે નહિ. મનમાં ચાલેલી આવી ગડમથલના અંતે ધાંધલપુરવાળા શેઠ તરત જ વઢવાણ પહોંચી ગયા. લીંબડીમાં થયેલ બધી જ વાતચીત ઠાકોર સમક્ષ ખુલ્લા દિલે કર્યા બાદ અંતે વઢવાણ ઠાકોરના પગ પકડતાં એ શેઠે એટલું જ કહ્યું કે, આમ મારી આબરૂને અણનમ રાખવી, એ હવે તો આપના હાથની જ વાત ગણાય. આપ જો મારી પુત્રીનું માંગું સ્વીકારી લેવા ઘેલાશાહને સમજાવી શકો અને આ માટે હા પડાવી શકો, તો જ મારી આબરૂ જળવાઈ શકે.

શેઠને પૂરેપૂરો વિશ્વાસ આપીને વિદાય કર્યા બાદ એક દિ' વઢવાણના ઠાકોરે ઘેલાશાહને યાદ કર્યા. હરખાતે હૈયે હાજર થઈ ગયેલા ઘેલા

શાહે પૂછ્યું : મને યાદ કર્યા બદલ આનંદ. કોઈ કામ માટે મને યાદ કર્યો હોય, તો ફરમાવો શી આજ્ઞા છે !

કાર્ય ભળાવવા માટે જ ઠાકોરે ઘેલાશાહને યાદ કર્યા હતા, પણ એ કાર્ય કંઈ નાનું સૂનું નહોતું. એથી ઘેલાશાહને વચનબદ્ધ બનાવ્યા વિના કાર્ય કઈ રીતે ભળાવી શકાય ? ઠાકોરે કહ્યું : ઘેલાશાહ પહેલાં વચન આપો કે, કાર્ય થશે જ. તો પછી વિશ્વાસપૂર્વક કાર્ય ભળાવી શકાય. ઠાકોર સમક્ષ વચન-બદ્ધ બનતાં ઘેલાશાહે કહ્યું કે, મને એવો પાકો વિશ્વાસ છે કે, લીંબડી-દરબારની સેવા ખંડિત ન જ થાય, એવું જ આપનું કાર્ય હશે. આપ જે કાર્ય ફરમાવશો, એને જાનના જોખમે અને જીવનના ભોગે પાર પાડવા હું વચનબદ્ધ બનું છું. ઘેલાશાહને એવી તો કલ્પના જ ક્યાંથી આવે કે, ધાંધલપુરના શેઠ પોતાની દીકરી લીંબડી પરણાવવાની ટેક જાળવવા વઢવાણ આવીને બધી બાજી રચી ગયા હશે અને એ બાજીના એક પ્યાદા તરીકેનો ખેલ પોતાને ભજવવો પડશે.

ઠાકોરે તરત જ કાર્ય ભળાવતાં જણાવ્યું કે, મને વચન આપો કે, ધાંધલપુરના શેઠની દીકરીનું માગું દીકરા માનભા માટે આવશે, તો એનો સહર્ષ સ્વીકાર થઈ જ જશે. બસ, આ સિવાય બીજું કઈ મને ન ખપે. આજે પહેલી વાર કે છેલ્લી વાર આ માંગણી મૂકી રહ્યો છું. એ પાછી નહિ જ ઠેલાય, એવો મને આકંઠ વિશ્વાસ છે.

ઠાકોરની આ વાત સાંભળતાં જ ઘેલાશાહ વિચારમગ્ન બની ગયા. કારણ કે આ વાતનો સ્વીકાર કરવો, એનો અર્થ જ એ થતો હતો કે, લીંબડીના શેઠ-કુટુંબની અપ્રીતિ વહોરી લેવી અને આ અપ્રીતિના છાંટા લીંબડીના ઠાકોર હરિસિંહજી સાથેના સ્નેહ-સંબંધો પર પણ ઊડ્યા વિના ન જ રહે. આવી સંભાવના અવશ્યંભાવિ હોવા છતાં વચનબદ્ધ બની ચૂક્યા હોવાથી ઘેલાશાહે વઢવાણની વિદાય સ્વીકારતા પૂર્વે એટલું જ કહ્યું કે, કોઈ પણ ભોગે આપનું વચન હું પાળીશ જ. માટે નિશ્ચિંત બની જવા આપને વિનંતિ.

આ પછી ઘટના-ક્રમના ચક્રોએ બહુ જ ઝડપભેર ચક્રાવા લીધા. ધાંધલપુરના શેઠે પોતાની દીકરી માટે મૂકેલું માંગું ઘેલાશાહે પુત્ર માનભા માટે સ્વીકારી લીધું. એથી તરત જ લીંબડીના શેઠ-કુટુંબે ઘેલા શાહને પુનર્વિચાર કરવા આમંત્ર્યા. ઘેલાશાહ લીંબડીના એ શેઠની ઉપરવટ જવા માંગતા ન હતા, એમ ધાંધલપુરના શેઠના સ્વીકારેલા માંગાને ફોક કરવા પણ માંગતા ન હતા. એથી વચલો માર્ગ કાઢતાં એમણે કહ્યું : શેઠ ! તો એમ વિચારીએ કે, જાન લીંબડીથી ન જોડતાં બરવાળાથી જોડીએ. બાકી હું વચનબદ્ધ બની ચૂક્યો છું. એથી આ લગ્ન તો ફોક ન જ કરી શકું. વઢવાણના ઠાકોર સાથે પણ હું વચનબદ્ધ બની ચૂક્યો છું. મારી આ મજબૂરીનો વિચાર કરીનેય આ વચલો માર્ગ કબૂલ રાખો, તો આપણો સંબંધ બગડતાં અટકી જાય.

ઘેલાશાહની કાકલૂદી ભરી આ વાત પર થોડો પણ વિચાર કરવાની તૈયારી જ્યારે શેઠ-કુટુંબે ન જ દર્શાવી, ત્યારે ગમે તેવા ભાવિને સ્વીકારી લેવાની તૈયારી સાથે વચનબદ્ધતાની વફાદારી જાળવી જાણવા ઘેલા શાહે ખુમારીપૂર્વક ત્યાં ને ત્યાં જ સંભળાવી દીધું કે, શેઠ ! તો લખી રાખો કે, જાન હવે લીંબડીથી જ ચડશે. ધાંધલપુરના શેઠની દીકરીને માનભા સાથે પરણાવીને કેવા વટપૂર્વક હું માનભાની જાન લીંબડી તેડી લાવું છું, એ પણ હવે તમે જોઈ લેજો.

વાતમાંથી વાદ, એમાંથી વટ અને વટમાંથી વેર-વિરોધની આગ પેદા કરનારો એ લગ્નપ્રસંગ તો વટ કે સાથ પાર પડી ગયો. પણ એની સાથે જ એ ભયાનક-ભાવિનાં એવાં બીજ ધરતીમાં ધરબાયા કે, કલ્પી ન શકાય, એટલા ટૂંકા ગાળામાં જ પોતાનો વિપાક દર્શાવવા ઘેલા શાહનું ધનોત-પનોત કાઢી નાખીને એ બીજ ઘેઘૂર બાવળિયો બની જનાર હતું.

હાર્યા જુગારીની જેમ બમણું રમવા માટેની સોગઠી મારવા રૂપે શેઠ-કુટુંબે લીંબડીના ઠાકોર સમક્ષ એક વાત મૂકી : ઘેલાશાહે તો મારું

નહિ, આપનું, લીંબડીનું પણ નાક કાપ્યું ગણાય. બધાની ઉપરવટ થઈને એ ધાંધલપુરની લાડીને લઈ આવીને જ જંપ્યો. હવે આપણેય એમનું નાક વાઢવું જ જોઈએ. મેં છ લાખ જેવી રકમ લીંબડી રાજ્યને ધીરી છે. એ તમામ રકમ માફ કરી દેવાની મારી તૈયારી છે. પણ એક શરતે કે, આપ કોઈ પણ ત્રાગું કે તરકટ રચીને એક વાર ઘેલાશાહને જેલ ભેગો કરો. આ સાંભળીને હરિસિંહજી હચમચી ઊઠ્યા. પણ છ લાખ માફ કરવાની લાલચને વશ થઈને લોભના માર્યા એઓએ એક કાવતરું રચ્યું. એ મુજબ ઘેલાશાહને રાજ્ય તરફથી લીંબડી આવવાનું આમંત્રણ પાઠવવામાં આવ્યું. આમંત્રણનો અવિલંબે સ્વીકાર કરીને તેઓ લીંબડીના રાજ દરબારમાં પ્રવેશ્યા. હરિસિંહજીનું સિંહાસન ખાલી જોઈને એમણે પૂછપરછ કરવા માંડી. ત્યાં જ આરબોએ એમને કેદ કરી લીધા. થોડી વારમાં જ બધી પરિસ્થિતિ પામી જઈને એમણે વિનંતી કરી કે, જેમની સેવામાં જિંદગી પૂરી થવા આવી, એ ઠાકોરનાં મને એક વાર દર્શન કરવાની તો તક આપો.

ઠાકોર તો ઉપરના માળે જઈને છુપાઈ ગયા હતા. ઘેલાશાહના મોં સામે મોં મેળવીને ઊભા રહેવાની હિંમત જ એમનામાં રહી ન હતી. એમને એવો ભય સતાવી રહ્યો હતો કે, ઘેલાશાહના સિંહ જેવા રુઆબની સામે સસલા સમા પોતે ટકી જ નહિ શકે. આવા ભયથી ઉપરના માળેથી નીચે ઊતરવાની એમની તૈયારી ન હતી.

બરાબર આ ટાણે જ એક ચારણ કવિ રાજસભામાં પ્રવેશ્યો, મારવાડમાંથી આવેલો એ કવિ આખાબોલો હતો. બધી વિગત જાણવા મળતાં એના રોમેરોમે આગ પેદા થઈ. એણે એક હાકોટો પાડીને ઠાકોર હરિસિંહજીને નીચે ઊતરવાનો સાદ દીધો. ઠાકોર થોડાં પગથિયા નીચે ઊતરીને અટકી ગયા. ચારણે સિંહસાદે ઠપકો આપતાં ગીતમાં ગાયું કે, હે બાપા હરિસંગ ! તેં ઘેલાશાહના પગે નહિ, એક સિંહના પગે સાંકળ નાખી છે, હવે કેટલાંય શિયાળિયાં/સસલાં લીંબડીને ખેદાન-

મેદાન કરવા દોડ્યા ન આવે તો મને કહેજે. ચોક્કસ તારા વિનાશ કાળે જ તને આવી વિપરીત બુદ્ધિ સુઝાડી છે. હજી પણ કંઈ બગડી ગયું નથી, તું સિંહને છૂટો મૂકી દે. નહિ તો શિયાળ અને સસલાં તને ઘેરી લેશે.

ચારણના આ બોલને ઠાકોર સાંભળી ન શક્યા. એમનું કાળજું કપાઈ ગયું. એમણે ચારણ-કવિને હાથ જોડીને કહ્યું : મને ક્ષમા આપો. આગ જેવી આવી આગાહી મારાથી સંભળાતી નથી. ઘેલાશાહને હું કેદમુક્ત કરવા તૈયાર છું. પણ તમે પ્રસન્ન થાવ અને જમવા પધારો. કવિના દુઃખનો અને કોપનો પાર ન હતો. ઘેલાશાહ પરની આવી આપત્તિ જોઈને એમની આંતરડી કકળી ઊઠી હતી. એમણે કહ્યું : ભલે જમવા ટાણું થઈ ગયું, પણ અહીંનાં અન્ન-જળ મારે હરામ છે. આમ કહીને એ કવિ-ચારણ ચાલતા થયા.

હરિસિંહે કેદમુક્ત કરવાનું વચન તો આપ્યું હતું. પણ પાછું સ્વમાન આડે આવ્યું. એમણે જાહેર કર્યું કે, ૩ લાખ રૂપિયાનો દંડ ભરપાઈ કરે, તો ઘેલાશાહને કેદમુક્ત કરવાની મારી તૈયારી છે. સિંહ કદી કેદમાં પુરાયેલો રહે ખરો ? ઘેલાશાહ પાસે ૩ લાખ રોકડા તો ક્યાંથી હોય ? એમણે ૬૦ હજારના દાગીના, પોતાના નામે હતું એ પીપરિયું ગામ બીજા ૬૦ હજારના બદલે, અને પોતાના દીકરા : આટલું લીંબડીના નામે લખી આપીને વઢવાણના ઠાકોર-મિત્ર પાસેથી થોડી રકમ ઉછીની લઈને તે આપ્યા બાદ બાકીની રકમ ઊભી કરવા એમણે ભાવનગર ભણી કદમ ઉઠાવ્યાં. ઘેલાશાહે ભાવનગરના ધણીને બધી વાત કરી, તો એમણે ભાવનગરના કારભારી બની જવાની લાલચ દર્શાવી, પણ ઘેલાશાહ એને જરીક પણ વશ ન થયા. એમની માંગણી તો એક એ જ રહી કે આપી શકો તો મને ઉધાર રકમ આપો.

ઘેલાશાહનું ભાવનગર ભણીનું ગમન સાંભળીને લીંબડી ઠાકોરને ફાળ પડી કે, એ વાણિયો ભાવનગર ભેળો ભળી જશે, તો લીંબડીનું

ધનોત-પનોત કાઢી નાખશે, લીંબડીને ભાવનગરનો એટલો બધો ડર લાગ્યો કે, હરિસિંહજીએ ઘેલાશાહને તરત જ બોલાવી લઈને દંડ માફ કરી દીધો. દંડ રૂપે મળેલી રકમ પણ એમણે તરત પરત કરી દીધી. પણ પીપરિયું ગામ તો પાછું ન જ આપ્યું.

આ રીતે નિર્દોષ સાબિત થઈને અને વફાદારીના વાવટાને અણનમ રાખીને ઠીકઠીક સંતોષ સાથે લીંબડીની વિદાય લઈ ઘેલાશાહે બરવાળા તરફ પ્રયાણ કર્યું. પણ ભાવિના લેખ કંઈ વિચિત્ર જ હતા. વચમાં રંગપુર પાસેના ગામમાં એમણે રાતવાસો કર્યો. બેંજાર નામના એ ગામડામાં રહેતા ધીરુબાને એમણે ધરમનાં બહેન તરીકે માનેલા. ઈતિહાસ કહે છે કે, ધરમની આ બહેને જ છેલ્લે છેલ્લે દગો દઈને ભોજનમાં ઝેર ભેળવી દીધું. એ ઝેરનો ભોગ બનીને એ ગામડામાં જ મૃત્યુ પામેલા ઘેલાશાહનું એટલું સદ્ભાગ્ય કે, એમના શબનો અગ્નિસંસ્કાર માનભેર બરવાળાની એ ધરતી પર થવા પામ્યો.

આ બધો ઈતિહાસ બરવાળાની ઓળખાણ માટે જોડાતાં-બોલાતાં ઘેલાશા આ શબ્દના શ્રવણે વીરતા અને વફાદારી જ્યાં અણનમ વાવટાની જેમ લહેરાઈ રહેલી જણાય, એવી આ ઘટના જાણ્યા બાદ તાજો ન થાય, તો જ નવાઈ ગણાય.

## અનોખી અડગતા

## ૧૨

અંગ્રેજી સત્તા આંધીની જેમ ફેલાવવા ઝાંવા નાંખી રહી હતી, એ દિવસોની આ એક ઘટના એ વાતની પૂરી પ્રતીતિ કરાવી જવા સમર્થ છે કે, અસલી રાજતેજનો ઝગમગાટ કેવો દિવ્ય અને ભવ્ય હતો ! અંગ્રેજોની પાસે સત્તાનું જે તેજ હતું, એ અસલી નહોતું કે એમાં કોઈ સ્વાભાવિક ઝગમગાટ નહોતો. છતાં એવી જાતના દેખાવ અને દેખાડાપૂર્વકનો આભાસ ઊભો કરવામાં એઓ પોતાને સફળ માની રહ્યા હતા કે, જાણે સાચું રાજતેજ અંગ્રેજસત્તા સિવાય બીજે હોઈ શકે જ નહિ !

ઈ.સ.૧૮૮૧ આસપાસનાં વર્ષોમાં ઐતિહાસિક શહેર વઢવાણમાં ઠાકોર દાજીરાજજીનો સત્તાસૂર્ય પ્રકાશતો હતો. એઓ સ્વાભિમાની અને ખમીરવંતા રાજવી હતા. આમ છતાં અંગ્રેજ શાસનની અમુક આમન્યા તો જાળવ્યા વિના ચાલે એમ જ નહોતું. કારણ કે અંગ્રેજોની હાકધાક એવી જમાવટ સાધી રહી હતી કે, એઓ પરદેશી હોવા છતાં જ્યારે રાજ્યની મુલાકાત લેવા આવે, ત્યારે રાજવી હોવા છતાં એમના સ્વાગતમાં હાજરી આપવી, અમુક ઔચિત્ય જાળવવું વગેરે નિર્ધારિત મર્યાદાઓનું પાલન કરવું, દાજીરાજજી માટે પણ ફરજિયાત બનતું. આમ છતાં પણ તેઓ રાજ્ય અને રાજવી તરીકેનું ગૌરવ ખંડિત ન થાય, એ રીતે જ મર્યાદા-પાલન માટે મક્કમ રહેતા. જો જરાક પણ

ગૌરવ ખંડિત થાય એવું લાગતું, તો તેઓ અંગ્રેજ સત્તાને પણ સાચેસાચું સંભળાવી દેવામાં જરાય અચકાતા નહિ.

વઢવાણ રાજ્યની મુલાકાત માટે એક અંગ્રેજ અમલદારનું આગમન નક્કી થયું. કયા દિવસે, કયા સમયે, કયા રસ્તે અંગ્રેજ અમલદારનું આગમન થશે, એ દર્શાવતો પત્ર પણ આવી ગયો. એથી દાજીરાજજી તો સમયસર જે રસ્તેથી અમલદારનો રસાલો વઢવાણમાં પ્રવેશવાનો હતો, એ ધોળીપોળના નાકે ખડા થઈ ગયા. અને અંગ્રેજ અમલદારના આગમનની રાહ જોવા માંડ્યા. નક્કી કરેલો સમય વીતવા આવવા છતાં અમલદારના આગમનની એંધાણી ન જણાઈ, ત્યારે ઠાકોરે પૂછપરછ કરવા માંડી, ત્યાં તો સામેથી જ અંગ્રેજ અમલદાર વતી એવા સમાચાર લઈને એક સંદેશવાહક આવ્યો કે, અમલદારસાહેબ તો વઢવાણમાં પ્રવેશી ગયા છે અને ઠાકોર દાજીરાજજીની રાહ જોઈ રહ્યા છે.

આ સંદેશો સાંભળીને દાજીરાજજીએ કહ્યું : આવું બને જ નહિ ને ! હું અહીં ક્યારનો ઊભો છું. આ રસ્તેથી તેઓ આગળ વધ્યા હોય, તો મને ખબર પડ્યા વિના રહે જ નહિ. નિર્ધારિત કાર્યક્રમ મુજબ તેઓ ધોળીપોળના દરવાજેથી જ પ્રવેશવાના હતા, તો શું તેઓ બીજા કોઈ દરવાજેથી પ્રવેશી ગયા ?

સંદેશો લાવનારે સત્તાવાર જણાવ્યું કે, હા. તેઓ ખાંડીપોળ દરવાજેથી પ્રવેશી ગયા છે અને આપની રાહ જોઈ રહ્યા છે ! આ સમાચાર આપને પહોંચાડવા જ હું અહીં આવ્યો છું.

દાજીરાજજીએ સાશ્ચર્ય પૂછ્યું : પણ આ રીતે દરવાજો બદલવાનું કંઈ કારણ ? પત્રમાં જણાવ્યા મુજબ સ્વાગતની બધી તૈયારી સાથે હું ધોળીપોળના આ દરવાજે આવીને ક્યારની રાહ જોઈ રહ્યો છું.

સંદેશવાહકે સાવ સાહજિક રીતે જવાબ વાળ્યો : કારણ તો બીજું કંઈ નહિ ! કારણ ગણો તો અમલદારસાહેબની મરજી ! એમને થયું કે, ધોળીપોળ દરવાજેથી પૂર્વે અનેક વાર પ્રવેશ કર્યો છે. એથી આ

વખતે ખાંડીપોળના દરવાજેથી પ્રવેશ કરીએ.

દ્વાર-પલટાનું આ કારણ સાંભળતાં જ દાજીરાજજીનું રાજતેજ પ્રકાશી ઊઠ્યું. એમણે અમલદારની શેહશરમ રાખ્યા વિના કહી દીધું કે, આ રીતે રસ્તો બદલી દેવો, એ તો વઢવાણ રાજ્યનું અપમાન ગણાય. એક અંગ્રેજ અમલદાર આ રીતે લખેલું ભૂંસી નાખે અને શહેરમાં પ્રવેશી જાય એને કઈ રીતે ચલાવી લેવાય ?

રાજતેજથી દઝાડી જતો આ જવાબ સાંભળીને સંદેશવાહક સન્ન થઈ ગયો. એ જવાબ આપે કે વિનંતી કરે, એ પૂર્વે તો દાજીરાજજીએ મનોમન એક વિચિત્ર નિર્ણય લઈ લેતાં મક્કમતાપૂર્વક જણાવ્યું કે, આ રીતે મારા રાજ્યનું જે અપમાન કરે, એ અમલદાર હોય તોય એવા સાહેબને મળવાની મારી તૈયારી નથી. અમે એમને પૂરા સન્માન સાથે પ્રવેશ કરાવવા માંગતા હતા. અને મળવાની ઘણી ઘણી આશાઓ પણ સેવી હતી. પણ શું થાય, જ્યાં અમલદાર થઈને સાહેબે જ આવું અપમાન કર્યું, ત્યાં હવે તો કઈ રીતે મારાથી મળવા આવી શકાય ?

આટલું ચોખ્ખેચોખ્ખું સંભળાવી દઈને દાજીરાજજી પોતાના મહેલ તરફ જવા ચાલી નીકળ્યા. વાતાવરણમાં ગંભીરતા અને ગમગીનીભર્યો સન્નાટો છવાઈ ગયો. સંદેશવાહકને જ નહિ, વઢવાણની પ્રજાને પણ એમ થઈ ગયું કે, ઠાકોર બળવાનની સામે બળવાનું બીજ વાવી રહ્યા છે. આનું પરિણામ સારું આવવાની સંભાવના ન જ રાખી શકાય.

અંગ્રેજ અમલદારને મળ્યા વિના જ દાજીરાજજી રાજમહેલમાં પહોંચી ગયા, આ સમાચાર સનસનાટી બનીને પૂરા વઢવાણમાં ફેલાઈ ગયા. સંદેશવાહક દ્વારા આ સમાચારની સત્તાવાર જાણકારી મળ્યા બાદ અંગ્રેજ અમલદારનો ક્રોધ પણ ભભૂકી ઊઠ્યો : ઠાકોર જેવી મામૂલી સત્તા ધરાવતી વ્યક્તિ આવું હડહડતું અપમાન કરે, એને કોઈ પણ રીતે સાંખી ન લેવાય. અંગ્રેજ સત્તાની સામે કરેલા આવા અપમાનનો બદલો લીધા વિના મને ચેન નહિ જ વળે.

આવો કોઈ પ્રસંગ બને, તો એની ફરિયાદ રાજકોટની કોઠીમાં સત્તાનાં સૂત્રો સંભાળતા પોલિટિકલ એજન્ટ સમક્ષ એ વખતે કરવામાં આવતી. વઢવાણથી રાજકોટ કંઈ બહુ દૂર નહોતું. એથી અંગ્રેજ અમલદારે એક ફરિયાદ-પત્ર રાજકોટ પાઠવવાનું નક્કી કર્યું. અપમાનની આગને એ પત્રમાં ઠાલવવામાં આવી. રજને ગજ સ્વરૂપે રજૂ કરતી ફરિયાદના કારણે આગ અને અંગારા સમો દાહક એ પત્ર રાજકોટ અવિલંબે પહોંચાડવામાં આવ્યો. એ પત્ર વાંચતાં વાંચતાં એક વાર તો પોલિટિકલ એજન્ટ પણ ગુસ્સાથી લાલચોળ બની ગયા : અરે ! આ તો અંગ્રેજ શાસનનું અપમાન ગણાય ! આવા અપમાન બદલ દાજીરાજજીને સખત શિક્ષા મળવી જ જોઈએ.

ક્રોધથી ધૂંધવાઈ ઊઠેલા પોલિટિકલને ઠંડા પાડવા કોઈ સાથીદારે શાણી-સાચી સલાહ આપી કે, આ પત્ર ઉપર જ બધો મદાર ન બાંધી શકાય. દાજીરાજજી પાસેથી પણ આ ફરિયાદના સંદર્ભમાં ખુલાસો માંગવો જોઈએ. પછી જ આગળનું પગલું વિચારી શકાય.

પોલિટિકલ એજન્ટના ગળે આ સલાહ ઊતરી જતાં એમણે તાકીદે પત્ર પાઠવીને દાજીરાજજીને ખુલાસો પાઠવવા અનુરોધ કર્યો. દાજીરાજજીની કલ્પના બહાર કશું નહોતું. એમને ખાતરી જ હતી કે, મેં જે જવાબ વાળ્યો છે, એના પ્રત્યાઘાત તો પડવાના જ ! પણ ખોટું કંઈ જ કર્યું નહોતું, એથી પોતે નિશ્ચિંત હતા. પોલિટિકલ એજન્ટનો કોઈ પત્ર આવે, એની રાહ જોઈને જ દાજીરાજજી બેઠા હતા. ત્યાં આવો પત્ર મળતાં એમની ખુમારી ઓર વધી ગઈ. મૌખિક રીતે થયેલી વાતને લેખિત રૂપે રજૂ કરવાનો કસોટીભર્યો તકાદો ઉપસ્થિત થવા છતાં જરાય વિચલિત બન્યા વિના એમણે જવાબમાં જણાવ્યું કે,

'સરકારી ધારાધોરણ મુજબ આવી મુલાકાત વખતે ઠરાવેલ રસ્તે જ અમલદારે આવવું જોઈએ. આમાં જરાય જાણ કર્યા વિના રસ્તાની ફેરબદલી ન જ કરી શકાય, આ નિયમ પ્રસ્તુત પ્રસંગમાં જળવાયો

નથી, એ જગજાહેર છે. હું અને મારા રાજ્યના હોદ્દેદારો ઠરાવ્યા મુજબ ધોળીપોળના રસ્તે સ્વાગત માટે સજ્જ હતા, અને વાટ જ જોઈ રહ્યા હતા. પણ અમલદાર એકાએક રસ્તો બદલીને શહેરમાં પ્રવેશી ગયા, એઓ પ્રાંત અધિકારીનો હોદ્દો ધરાવતા હોવા છતાં બંધારણના ધારાધોરણ વિરુદ્ધ કેમ વર્ત્યા, એ સમજી શકાય એમ નથી. માટે જ મેં એમની માંગણી હોવા છતાં મુલાકાત આપી નથી અને આપવા પણ માંગતો નથી. આટલા ખુલાસાથી આપને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી જશે, એવો વિશ્વાસ છે.'

દાજીરાજજીમાં જેવી અડગતા મુલાકાતની માંગણી ટાળતી વખતે હતી, એથી કેઈ ગણી વધુ અડગતાપૂર્વક એમણે ખુલાસા રૂપે જવાબમાં એકેક અક્ષર અંકિત કર્યો. એમનો આ ખુલાસાપત્ર રાજકોટ પહોંચતાં જ પોલિટિકલ એજન્ટ તો ઠરી જ ગયા. કારણ કે આ પત્ર મુજબ તો કાયદાના ભંગ બદલ ઉપરથી ખુદ અમલદાર જ અપરાધી ઠરતો હતો. વઢવાણ જેવા રાજ્યની સામાન્ય સત્તા ધરાવતા રાજવીની આવી અણનમ અડગતા જોઈને પોલિટિકલ એજન્ટ આભો જ બની ગયો. ફરિયાદ પત્ર પાઠવનાર અમલદારને જ એમણે કડક શબ્દોમાં અનુશાસન અને કાયદાને વળગી રહેવાની શિખામણ આપી, ત્યારે જ અમલદારની આંખ ખૂલી જવા પામી.

આજે જ્યારે ખુશામત દ્વારા ખુરશી મેળવવાની અને એને ટકાવી રાખવાની હવામાં લગભગ સૌ કોઈ સપડાયા છે અને સાચું સુણાવવાની હિંમતની કિંમત આંકનારા પણ જ્યારે જવલ્લે જ જોવા મળે છે, ત્યારે શેહ-શરમ રાખ્યા વિના અંગ્રેજ સત્તાને પણ સાચું સુણાવી જનારા વઢવાણના રાજવી ઠાકોર દાજીરાજજીની આ ઘટનામાંથી સત્યની કાજે શેહશરમમાં જરાય ન તણાવાની પ્રેરણા પામવા જેવી નથી શું ?

# અખાના ચાબખાનું પ્રેરક બળ

## ૧૩

ચિત્તની ચામડી પર સોળ ઊઠી આવે, એવા શબ્દોની સોટીના ચાબખા ફટકારનારા કવિ તરીકેની કીર્તિ જેને વરી હતી, એવા 'અખા'નું નામ તો કયા ગુર્જરભાષીએ નહિ સાંભળ્યું હોય ? એ જ પ્રશ્ન છે, પરંતુ સંસારી મટીને સંન્યાસી જેવું જીવન જીવવાની પ્રેરણા એ કવિને જે જે કડવા અનુભવો પરથી મળી હતી, એની આછી-પાતળી પણ જાણકારી કેટલાને હશે ? એ અનુત્તરિત જ રહે એવો સવાલ છે. શબ્દોનો સોટી તરીકે ઉપયોગ કરીને અખાએ ઊંઘતી જમાતને જગાડવા એવા એવા ચાબખા માર્યા છે કે, જેથી સોળ ઊઠી આવે, આમ છતાં હસતે હૈયે અખાના એ ચાબખા સહી લેવાનું અને સાંભળવાનું આકર્ષણ આજેય અકબંધ જળવાઈ રહ્યાનું જોઈ શકાય છે. એ કવિની લાંબી-ટૂંકી જિંદગીનો ટૂંક ટૂંકમાં સાર કંઈક નીચે મુજબ તારવી શકાય.

આખા-બોલાની ખ્યાતિ ધરાવતા અખાનો અસ્તિત્વકાળ વિક્રમની સત્તરમી સદી ગણાય. વિ.સં. ૧૬૭૦માં અમદાવાદ પાસેના જેતલપુરમાં જન્મેલો અખો સોની તરીકે સુપ્રસિદ્ધ હતો. બાળપણમાં માતાના મૃત્યુનો આઘાત વેઠ્યા બાદ વીસ વર્ષની વયે અખાએ પિતાની છત્રછાયા પણ ગુમાવી હતી. નાની વયે લગ્નગ્રંથિથી જોડાયા પછી અખાને ટૂંક સમયમાં જ પત્નીનો વિયોગ વેઠવાનો વારો આવ્યો. બીજી વારના લગ્ન પછી પણ સુખી સંસારનું કવિનું સ્વપ્ન વેરણછેરણ થઈ ગયું, બીજી વારની

પત્નીના ભાગ્યમાં પણ નાની વયે મૃત્યુ લખાયું હતું.

સોની તરીકે અખો ખૂબ જ ચતુર અને કાર્યદક્ષ હતો, એથી ધંધામાં આગળ વધતાં વધતાં અખાના શિરે અમદાવાદમાં આવેલી ટંકશાળના ઉપરી તરીકેની જવાબદારી અભિષિક્ત થવા પામી. બીજી તરફ સોનાના દાગીના ઘડવાનું કાર્ય તો બરાબર ચાલતું જ હતું. એથી આજીવિકાનો તો કોઈ સવાલ જ ન હતો.

અખો પરિવારનું પુણ્ય લઈને આવ્યો નહોતો. એથી માતા-પિતા, પત્ની અને ભાઈ-બહેનની ખોટ થોડેઘણે અંશે પૂર્ણ કરવા એણે પડોશમાં રહેતી 'જમના'ને ધર્મની બહેન તરીકે સ્વીકારેલી. અખો જમનાને સગી બહેન કરતાં પણ વધુ સત્કારતો, જ્યારે જમનાને અખામાં સગા ભાઈનું દર્શન થતું. એથી જીવનભરની બચત રૂપે એકઠી કરેલી ત્રણસો-ચારસોની મૂડી થાપણ રૂપે સાચવવા પૂરા વિશ્વાસપૂર્વક અખાને સોંપી દઈને એ નિરાંત અનુભવી રહી હતી.

ટંકશાળના ઉપરી તરીકેની અખાને સોંપાયેલી જવાબદારી સોની-સમાજમાં ઈર્ષ્યા જગવે, એ સહજ હોવાથી સોનીઓએ એવી એવી વાતો-અફવાઓ ફેલાવવા માંડી કે, જેથી અખાની અણદાગ આબરૂ કલંકિત થયા વિના ન રહે. અફવાઓનું એ બજાર એટલું બધું ચગ્યું કે, ટંકશાળમાં વપરાતા સોના-ચાંદીમાં ભેળસેળ કરવાના આક્ષેપના આધારે અખાને જેલભેગા થવાનો અવસર આવી લાગ્યો. એ અફવા-આક્ષેપ સાચે જ નિરાધાર હતાં, એથી ભેળસેળનો ગુનો સાબિત ન થઈ શકવાના કારણે અખાને જોકે થોડા સમય બાદ માનભેર જેલમુક્તિ મળી, પણ આવા કાવાદાવા અને માયા-પ્રપંચ જોઈને એનું મન ઊંડી મથામણ અનુભવવા માંડ્યું. સંસારમાં કર્મના કારણે આવેલાં બીજાં બીજાં દુ:ખો તો ક્ષંતવ્યકોટિનાં હતાં, પણ કોઈ જ જાતની ભૂલ-ત્રુટિ વિના જ અણદાગ આબરૂના લીરેલીરા ઉડાવી દેવાનો ઈર્ષ્યા-પ્રેરિત જે પ્રયાસ સોની સમાજ તરફથી થયો હતો, એને સહી લેવો અખા માટે અશક્ય હતો. એથી

નિર્દોષ છુટકારો થયા બાદ પણ અખો અંતરથી તો દુ:ખી દુ:ખી જ હતો. એમાં વળી એક એવો પ્રસંગ બની ગયો કે, જેથી અખાનું મન સંસારથી એકદમ વિરક્ત બની જવા પામ્યું.

અખાએ જેને ધર્મની બહેન માની હતી, એ જમનાને એક વાર એવો વિચાર આવ્યો કે, થાપણ રૂપે સાચવવા આપેલી મૂડીને જો કંઠી-દાગીના રૂપે ફેરવી નાંખવામાં આવે, તો એ મૂડી સુરક્ષિત થઈ જાય, તદુપરાંત એનો ભોગવટો પણ થઈ શકે. આ વિચારને અમલી બનાવતાં વાર લાગે એમ ન હતી, વળી એમાં લાંબી વિચારણાને પણ કોઈ અવકાશ ન હતો. કારણ કે ભાઈ-અખો જ કંઠી બનાવવાનું કામ પૂરેપૂરા વિશ્વાસપૂર્વક કરી આપે એમ હતો. એથી જમનાએ એક દહાડો અખાને જ કંઠી બનાવવાનું કાર્ય સોંપી દઈને નિશ્ચિંતતા અનુભવી.

અખો સાચે જ જમનાને ધર્મની બહેન માનતો હતો. એથી એણે મનોમન નક્કી કર્યું કે, ભલે ઘરના સો-બસો રૂપિયા ઉમેરવા પડે, પણ કંઠી તો એકદમ સારામાં સારી બનાવવી ! બહેન તરફ ભક્તિ વ્યક્ત કરવાનો આવો અવસર ફરી ક્યાં આવવાનો હતો ? આમ વિચારીને અખાએ દિલ દઈને કંઠી ઘડવાનું કામ શરૂ કર્યું. બહેનની જેટલી મૂડી થાપણ રૂપે સુરક્ષિત હતી, એ મૂડીમાં ઘરના સો-બસો રૂપિયા ઉમેરીને પણ અખાએ એવી આકર્ષક અને નક્કર કંઠીનું ઘડતર કર્યું કે, એ કંઠીના કામણથી ખુદ અખો પણ જલદી મુક્ત ન થઈ શકે. કળા ઉપરાંત બહેન ઉપરની પ્રીતિભક્તિ પણ એ કંઠીના ઘડતરમાં મુક્તમને ઠલવાઈ હતી. એથી માંડ માંડ કંઠીની મોહિનીમાંથી મુક્ત થઈને અખાએ એ કંઠીને બહેન જમનાના હાથમાં મૂકતાં કહ્યું કે,

'બહેન જમના ! લે, આ તારી મૂડી ! કંઠીમાં પલટાઈ ગઈ હોવાથી તારી આ મૂડી વધુ સુરક્ષિત પણ બની ગઈ અને છતાં તું આનો ભોગવટો હવે મુક્તમને કરી શકશે ?'

અખાએ જેના ઘડતરમાં કળા ઠલવી હતી, દિલ ઠાલવ્યું હતું, એટલું જ નહિ, ઘરના રૂપિયા પણ ઠાલવ્યા હતા, એ કંઠીને હાથમાં લઈને જમના ખુશખુશાલ બની ગઈ. એને થયું કે, ખરેખર આવા ભાઈરૂપે મને અખાનો ભેટો થયો, એ મારું અહોભાગ્ય ગણાય.

માનવીનું મન તો વિચિત્રતાના મેળા સમું ગણાય, એમાં વળી સોની અને દરજી તો થોડું પણ ચોર્યા વિના જ ન રહે, આવી કહેવત યાદ આવી જતાં જમનાને થયું કે, ચારસોની મારી મૂડી ઉપરાંત આ કંઠીના ઘડતરમાં જરૂર થોડા વધુ પૈસા જ લાગ્યા હશે, એમ જણાય છે. છતાં બીજા કોઈ સોની પાસે આની પરીક્ષા તો મારે કરાવી જ લેવી જોઈએ. જેથી એવી પાકી ખાતરી થવા પામે કે, મેં યોગ્ય વ્યક્તિ પર વિશ્વાસ મૂક્યો છે.

જમનાએ સારા ગણાતા એક સોની પાસે જઈને એ કંઠીનો ભાવ જાણવાનો પ્રયત્ન કર્યો અને સુવર્ણની સચ્ચાઈ અંગે પૂછપરછ કરી, ત્યારે સોની દ્વારા જાણવા મળ્યું કે, આ સો ટચનું સોનું છે. વળી આ કંઠીના ઘડરતમાં ૪૦૦ કરતાં વધુ રૂપિયા તો થયા જ હશે ? સોનાની સચ્ચાઈ પરખવા સોની માટે કંઠી પર થોડો કાપો મૂકવો અનિવાર્ય હતો, એથી કંઠી પર કાપો મૂકતા તો મુકાઈ ગયો, પણ એ કાપો પાછો સરખો કરવાની કળા સોની પાસે ન હતી. એથી સોનીએ જમનાબહેનને કહ્યું કે, આ કાપાના કારણે જ સોનાની સચ્ચાઈ સાબિત થઈ શકી છે, એ પણ એટલું જ સાચું છે. આ કાપાને મિટાવી દઈને કંઠીને પાછી એવી ને એવી જ કમનીય બનાવવા તો તમારે એ સોની પાસે જ જવું પડશે, જે સોનીએ આ કંઠીનું ઘડતર કર્યું હોય !

સોનીની આ વાત સાંભળીને જમનાને અખા પર અનેરો અહોભાવ અને વધુ વિશ્વાસ જાગી ઊઠ્યો. એ તો સાવ સરળ-સહજ ભાવે અખા સમક્ષ પહોંચી ગઈ. એણે સત્યને જરાય છુપાવ્યા વિના બધી જ વાત ખુલ્લી કરી દીધા પછી કહ્યું કે, ભાઈ ! મને તમારી પર થોડો અવિશ્વાસ

જાગ્યો, એ મારી ભારે ભૂલ ગણાય, એનો ભોગ બનીને આ કંઠીએ જે સુંદરતા ગુમાવી છે, એની હવે પુનઃપ્રતિષ્ઠા તો તમારે જ કરી આપવાની કૃપા કરવી પડશે.

અખાએ જમનાની બધી વાત સાંભળી અને કંઠીનો એ કાપો દૂર કરીને કંઠીને પાછી એવી ને એવી જ કમનીય-સુંદર બનાવી દીધી, પણ એના દિલમાં વિશ્વાસઘાતી-સંસાર તરફ અને જેને સગી બહેન કરતાંય સવાયો સ્નેહ આપવામાં જરાય કચાશ રાખી ન હતી, એવી ધર્મની બહેન જમના તરફ પણ એવો ભારોભાર અભાવ પેદા થઈ ગયો કે, શું મારી પર આવો કારમો અવિશ્વાસ ! મેં મારા ઘરના પૈસા ઉમેરીને કંઠી બનાવી આપવાની ભગિની-ઘેલછાને જે જમના ઉપર ઠલવાઈ જવા દીધી, એ જ બહેનને મારા પર આવો આંધળો અવિશ્વાસ ?

ભક્તોના ભજનમાં અને સંતોના સત્સંગમાં સાંભળેલી સ્વાર્થી સ્નેહ-સગપણની વાતો અખાની આંખ અને અંતર સમક્ષ તાદૃશ બનીને તરવરી ઊઠી. વિશ્વ એને વિશ્વાસઘાતી લાગવા માંડ્યું. સંસારમાં એને સ્વાર્થની સગાઈનાં જ દર્શન થવા માંડ્યાં. દુનિયા એને દગલબાજ અને દાવ-પ્રપંચમાં જ રાચનારી-માચનારી ભાસવા માંડી. એથી એણે સ્વાર્થના કેન્દ્રબિંદુ સમા સુવર્ણ પર ઘાટ-ઘડામણ કરીને કળા-કારીગરી ઠલવવાના પ્રયાસોની માંડવાળ કરી દઈને આત્માના અલંકારોનું ઘડતર કરવાનું નક્કી કર્યું. એને એમ થઈ આવ્યું કે, સોનાના ઘડતર ખાતર આટલું જીવન ગદ્ધામજૂરી કરીને એળે ગુમાવ્યું, એમાંથી થોડી પણ મહેનત આત્માને અલંકૃત કરવા માટે કરી હોત, તો બેડો પાર પામી ગયા વિના ન રહેત.

સંતો દ્વારા સાંભળેલી વાણી દ્વારા અંતરમાં વૈરાગ્યનું જે બીજ વવાઈ ચૂક્યું હતું. એ આ રીતની અનુભૂતિના અમૃતથી સિંચાઈને એકાએક જ ફૂલી અને ફાલી ઊઠશે, એની અખાને ખુદને પણ કલ્પના ન હતી. પછી દુનિયાને તો આવી કલ્પના ક્યાંથી હોઈ જ શકે ?

જાગવા માટેનું આવું પ્રબળ નિમિત્ત મળતાં જ અખો જાગી ઊઠ્યો. અને એનું જાગરણ ધીરે ધીરે 'અખાના ચાબખા' રૂપે એટલું બધું વિખ્યાત અને લોકપ્રિય નીવડ્યું કે, એના શબ્દોમાં સન... સન... કરતાં છૂટતાં બાણ જેવી વેધકતા હોવા છતાં એને હસતે હૈયે આવકારતાં, માખણ જેવું મુલાયમ મન ધરાવતા આજના સુંવાળા સંસારને કવિની કડવી કવિતાઓ તરફ જરાય અભાવ કે દુર્ભાવ જાગ્યો નહિ અને આજેય જાગતો નથી.

શરીર પર સોટી ફટકારનારા જુલમગારો ઘણા થઈ ગયા, એક વખત એમનાં નામ ગાજતાં હતાં, આજે એમને કોઈ યાદ પણ કરતું નથી. ચિત્ત અને ચેતનને ચાબુક મારાનારા અને હૈયાને હંટર ફટકારનારા અખા જેવા કવિ ઓછા જોવા મળે છે, આજેય લોકોના માટે અખાના ચાબખા જીવંત છે, કારણ કે પ્રેરકબળ હતું : ત્યાગ અને વૈરાગ્ય !

## દરિયાવ-દિલ દરબાર

## ૧૪

લોભ એવી અગ્નિજ્વાળા છે કે, લાભનું ઘી હોમાતાં એના ભડકા વધ્યા વિના ન જ રહે. લાભથી લોભની વૃદ્ધિ અને એથી લાભ-લાલસાની વૃદ્ધિ, આ એક એવું વિષચક્ર છે કે, સંતોષના પાણીનો જોરદાર મારો ચલાવ્યા વિના એનો અંત જ ન આવે. આ સત્ય જગા પટેલ બરાબર જાણતા હતા, પણ જ્યારે શિયાળાની ઋતુમાં ખેતરનાં ખળાં બાજરાના મબલક પાકથી ઊભરાઈ ઊઠ્યાં, ત્યારે સત્યને જાણે વીસરી જઈને, એઓ એવા વિચારે ચડ્યા કે, આ બધો જ બાજરો ઘરભેગો કરી શકાય, એવો શું કોઈ ઉપાય મળે ખરો ?

એ વખતે એવો નિયમ હતો કે, જેના ખેતરમાં જેટલું ધાન્ય પાક્યું હોય, એના અમુક ટકા 'રાજભાગ' તરીકે દરબારમાં આપવા પડતા. આ નિયમ આજ સુધી બધાની જેમ જગા પટેલ પણ બરાબર પાળતા આવ્યા હતા. પણ આ વર્ષે વરસાદ-પાણી સારાં થયાં હોવાથી ખળામાં જ્યાં બાજરાના ખડકાયેલા મોટા ઢગલા પર નજર ગઈ, ત્યાં જ જગા પટેલના હૈયામાં લોભની જ્વાળા ભડભડ કરતી ભભૂકી ઊઠી અને એ બધો જ બાજરો ઘરભેગો કરી દેવાનો દુર્વિચાર એમને બેચેન બનાવી ગયો. થોડાઘણા વિચારના અંતે એમને થયું કે, બધો બાજરો તો કોઈ પણ ઉપાયે ઘરભેગો ન થઈ શકે. પરંતુ હા એટલું શક્ય છે કે, રાતના અંધારામાં લાભ લઈને બાજરાનું એકાદ ગાડું હું ઘરભેગું કરી દઉં, તો

એટલો 'રાજભાગ' તો ઓછો ચૂકવવો પડે.

જગા પટેલનો જ્યાં વસવાટ હતો, એ વડોદ ગામમાં ત્યારે દરબાર તરીકે ગજાભાઈ ગોહિલનાં નામકામ ગાજતાં હતાં. એઓ દરિયાવ-દિલ ધરાવતા હતા, એઓના હૈયે ભારોભાર પ્રજા-પ્રેમ ભરેલો હતો, એથી બધા ખેડૂતો સહર્ષ 'રાજભાગ' ભરતા હતા, એટલું જ નહિ, જ્યારે જે વર્ષે પાક ઓછો ઊતરતો, જ્યારે 'રાજભાગ' ઓછો ભરાતો, એનું ખેડૂતોનાં હૈયે દુઃખ રહેતું. એથી વર્ષ જ્યારે સારૂં આવતું, ત્યારે 'રાજભાગ' કરતાંય થોડો વધુ પાક દરબારને સ્વેચ્છાથી ચૂકવતા ખેડૂતો પ્રસન્ન બની ઊઠતા. આજ સુધી જગા પટેલે પણ આવી જ રીતે અનેક વાર રાજભાગ સહર્ષ ચૂકવ્યો હતો, પણ એ દહાડે લોભે એમને લલચાવ્યા અને ચોરી જેવા પાપનો આશરો લઈને પણ એમણે રાતે બાજરાનું ગાડું ભરવા માંડ્યું.

જગા પટેલ ગાડું ભરતા જ ગયા, ભરતા જ ગયા. એમની નજર તો એક એ જ લાભ ઉપર કેન્દ્રિત હતી કે, રાજભાગ કઈ રીતે ઓછો ચૂકવવો પડે ! ગજા ઉપરાંત ગાડું ભરીને જગા પટેલે અંધારાનો લાભ લઈને ગામ ભણી ગાડું હાંકી મૂક્યું. એક તો અંધારું હતું, રસ્તો ઊબડખાબડ હતો અને ગાડામાં બાજરાનો બોજ ગજા ઉપરાંત લાદવામાં આવ્યો હતો. એથી માંડમાંડ રસ્તો કાપતું ગાડું જ્યાં સાંકડો રસ્તો આવ્યો, ત્યાં જ ખાડામાં એ રીતે ફસાઈ ગયું કે, એનું પૈડું જ ફરતું બંધ થઈ ગયું.

જગા પટેલની સાથે એમના ભાઈ મદદગાર હતા, પણ માત્ર બેની જ મદદથી એ પૈડું ઊંચકાય અને ફરતું થાય, એ શક્ય જ નહોતું. ગાડામાં ખડકેલી બાજરાની ગૂણોનો ભાર ઓછો કરીને પછી ગાડાનું પૈડું ઊંચું કર્યા બાદ ધક્કો મારવામાં આવે, તો જ ગાડું આગળ વધી શકે, એવી ખાતરી થતાં પટેલ એકદમ મૂંઝાઈ ગયા. પોતે ગાડું લઈને ખળાથી ઘણા આગળ આવી ગયા હતા અને ઘર તો હજી ઠીકઠીક દૂર

હતું. વળી ગાડાને ધક્કો મારતાં મારતાં એટલો બધો સમય વીતી ગયો હતો કે, હવે સવાર પડવામાં ઝાઝી વાર ન હતી.

'ન ઘરના ન ઘાટના' જેવી સ્થિતિ અનુભવતાં જગા પટેલ સૂડી વચ્ચેની સોપારી જેવી ભીંસ અનુભવી રહ્યા. એમને થયું કે, અત્યારે જો ત્રીજો કોઈ મદદગાર મારી વહારે ધાય, તો જ આ ગાડું હેમખેમ ઘરભેગું થઈ શકે. નહિ તો મારી ફજેતીનો ફાળકો થયા વિના નહિ રહે અને હું ચોર તરીકે કલંકિત બન્યા વિના પણ નહિ જ રહું. જગા પટેલ આવી મૂંઝવણમાં મનોમન ભગવાનને મદદે આવવા પ્રાર્થના કરી રહ્યા. એટલામાં જ કળશિયો લઈને જંગલ તરફ જતી એક કદાવર કાયા પર પટેલની નજર પડી.

ડૂબતો માણસ તો તરવા માટે તરણુંય ઝાલે, તો પટેલ મદદ માટે સાદ પાડે, એ સહજ હતું. કદાવર કાયા ધરાવતી એ વ્યક્તિને પટેલે વિનંતી કરી કે, થોડો ઉપકાર કરીને મદદ કરશો, તો હું ઋણી રહીશ. આ ગાડાને ધક્કો મારીને બહાર કાઢવામાં તમે જો જરાક સાથ આપો તો જ આ ગાડું બહાર નીકળી શકે અને તો જ હું આ ગાડાને ઘરે પહોંચાડી શકું.

કદાવર કાયા ધરાવતી એ વ્યક્તિ બીજી કોઈ જ નહોતી. એ તો હતા ખુદ ગજાભાઈ ગોહિલ દરબાર ! ખેડૂતની કાકલૂદીભરી વિનંતી સાંભળીને બધો તાગ પામી જતાં એમને જરાય વાર ન લાગી. એઓ સમજી ગયા કે, આ ખેડૂત લોભનો માર્યો ગજા ઉપરાંત અનાજ ભરીને રાતોરાત એટલા માટે જ આ ગાડું ઘરભેગું કરી દેવા માંગતો લાગે છે કે, જેથી એટલો રાજભાગ ઓછો ચૂકવવો પડે !

આ ચોરીને ધારે તો ગોહિલ દરબાર ત્યારે પકડી શકે એમ હતા, અને કાપો તો ય લોહી ન નીકળે, એવી પરિસ્થિતિમાં પટેલને સપડાવી શકે એમ હતા. છતાં પ્રજા પરનું વાત્સલ્ય અને હૈયાનું ગાંભીર્ય એમને એમ કરવા જતાં રોકતું હતું. એથી પોતાની જાતને પ્રગટ કર્યા વિના

જ એમણે ખાડામાં ફસાઈ ગયેલા ગાડાને બહાર કાઢવામાં જગા પટેલને મદદ કરવા સાવ સાહજિકતાથી હાથ લંબાવ્યો. એના પ્રભાવે થોડી જ વારમાં ગાડું બહાર નીકળી ગયું. મદદ માટે આભાર માનતા પટેલને એ ખ્યાલ જ ન રહ્યો કે, જેની ચોરી કરવા પોતે તૈયાર થયો હતો, એ જ વ્યક્તિ પોતાને ચોરી જેવા કાર્યમાં મદદગાર બની હતી.

'રાજભાગ' ઓછો ચૂક્તે કરવાના ઈરાદાનું પાપ પીપળે ચઢીને પોકારવાનું જ હતું, પરંતુ ખુદ દરબારની મદદ અણીના અવસરે મળી જતાં, એ પાપ પીપળેથી પટકાઈને પાછું પાતાળમાં પેસી ગયું. આમાં પટેલની મેલી મુરાદ જેટલી વખોડવા જેવી હતી, એટલી જ દરબારની પ્રજા-વત્સલતા વખાણવાલાયક હતી. એ વખતે તો પટેલ એમ જ માનતા હતા કે, રાજભાગ છુપાવવાનું પાપ મારા સિવાય કોઈ જ જાણતું નથી. 'મા જાણે બાપ અને આપ જાણે પાપ'ની વાત પર વિશ્વાસ રાખીને વર્ષો વિતાવનારા પટેલની સમક્ષ એક દહાડો અચાનક પાતાળ ભેદીને પ્રગટ થયેલું એ પાપ પાછું પીપળે ચડીને પટેલના કાન આગળ ગણગણાટ કરી રહ્યું. આ પ્રસંગ નીચે મુજબ બનવા પામ્યો.

એ દહાડે જગા પટેલ અને રાજ્યના અધિકારીઓ વચ્ચે ચડભડ અને ચકમક ઝરી ગઈ. વાત સામાન્ય હતી. વડોદ દરબારના આંગણે થોડા અતિથિઓનું આગમન થયું હતું. અતિથિઓની સંખ્યા જરા વધુ હોવાથી આસપાસ રહેતા સમૃદ્ધ પટેલ પરિવારોનાં ઘરોમાંથી ગાદલાં-ગોદડાં જેવી થોડીક સામગ્રી એકઠી કરીને અતિથિઓની યોગ્ય સરભરા કરવાનો નિર્ણય લેવા રાજ્યાધિકારીઓને મજબૂર બનવું પડ્યું. એ મુજબ કેટલાક રાજ્યાધિકારીઓ જગા પટેલના ઘરે આવ્યા અને અતિથિઓની આગતા-સ્વાગતા કાજે જરૂરી ગાદલાં-ગોદડાં જેવી સામગ્રીની એમણે માંગણી મૂકી. ઘણી વાર આવી માંગણી આવતી રહેતી હોવાથી જગા પટેલે જરા કચવાતે કાળજે થોડીક સામગ્રી કાઢી આપી.

જગા પટેલે કચવાતા મને કાઢી આપેલી એ સામગ્રી જોઈને રાજ્યના અધિકારીઓએ વિનંતી કરી : પટેલ ! એવી સામગ્રી આપવી જોઈએ કે, જેથી રાજ્ય તરફથી થતી અતિથિઓની સરભરા એકી અવાજે વખણાઈ જાય. માટે જરાક સારાં ગાદલાં-ગોદડાં કાઢી આપો, તો સારું.

રાજ્યાધિકારીઓની વિનયપૂર્વકની આ વિનંતી-માંગણી એકદમ વાજબી હતી, પણ જગા પટેલે આ વિનંતીનો વિપરીત અર્થ કર્યો. એમણે કહ્યું : નવાંનક્કોર ગાદલાં-ગોદડાં કાઢી આપીએ તોય તમને એ ઓછું જ લાગે, એવા તે કેવા મોટા અતિથિઓ પધાર્યા છે ?

જગા પટેલના આ વ્યંગબાણ સહી લેવા જેવા ન હતા, એથી રાજ્યાધિકારીઓએ કહ્યું : પટેલ ! આપણા આંગણે પધારનાર હરકોઈ અતિથિને આપણે મોટો જ માનીએ, તો જ રાજ્યને શોભે એવી સરભરા કરી શકીએ. માટે અમે તો બધા જ અતિથિઓને મોટા માનીએ છીએ. અતિથિઓને મોટા કે નાના ગણવાનો તમારો માપદંડ જરૂર જુદો જ હોવો જોઈએ, એથી જ તમારે આવો પ્રશ્ન પૂછવો પડ્યો હશે, એમ લાગે છે.

પટેલ જરા ઉગ્ર બની ગયા. એમણે જરાક ગુસ્સા સાથે કહ્યું : અવારનવાર તમે ઘોડે ચડીને ગાદલાં-ગોદડાં લેવા આવો છો, ત્યારે અમે આવી સામગ્રી તરત જ કાઢી આપીએ છીએ અને ઉપરથી પાછું તમે આવું સંભળાવો છો ? ખેતરમાં પાકેલા ધાન્યના રાજભાગની જેમ આ રીતે અતિથિઓ માટે સામગ્રી આપવા અમે કંઈ બંધાયેલા નથી કે, તમે આવું સંભળાવો, ફરજિયાત નહિ, જે ચીજ મરજિયાત હોય, એના માટે આવું દબાણ હોઈ શકે ખરું ?

પટેલની આ વાત સાંભળીને રાજ્યાધિકારીઓએ પણ મગજ પરનો કાબૂ જરાક ગુમાવીને કહ્યું : મરજિયાત કે ફરજિયાત જે ગણો એ, પરંતુ

જેના રાજ્યમાં રહેતા હોઈએ, એની ખાતર આટલું કરવાની પ્રજાની ફરજ છે. આ ફરજ પણ તમે ચૂકવા માંગતા હો, તો તમે જાણો. બાકી રાજ્યનું સારું દેખાડવા પ્રજા આટલો ભોગ નહિ આપે તો પછી કોણ આપશે?

જગા પટેલે એકદમ ઉગ્ર બનીને જવાબ વાળ્યો : જ્યાંના રાજ્યાધિકારીઓ આવી જોહુકમી ચલાવવા માંગતા હોય, એના રાજ્યમાં તો એ જ ચોંટ્યો રહે કે, જેને સ્વમાન થોડું પણ વહાલું ન હોય ! એક તો અમારી પાસેથી સામગ્રી લઈને અતિથિઓની સરભરા સાચવવાના અને ઉપરથી અમારા કાળજાને જ પાછાં કટુવેણથી વીંધવાનાં ? આ ક્યાંનો ન્યાય ?

રજમાંથી ગજ અને વાતમાંથી વતેસર થઈ જતાં જગા પટેલે એ જ વખતે એવો નિર્ણય લઈ લીધો કે, આવા તુમાખી રાજ્યાધિકારીઓ જ્યાં વસતા હોય, એના રાજ્યમાં હવે તો રહેવાય જ કઈ રીતે ? બને એટલી વહેલી તકે રાજ્ય છોડવાની ગાંઠ વાળીને જગા પટેલ આ માટેની તૈયારી કરવા મંડી પડ્યા. રાજ્ય છોડવાનો એમનો નિર્ણય સાંભળીને ઘણા ઘણા એમને એવું સમજાવવા માટે આવવા લાગ્યા કે, આ રીતે રાજ્ય છોડીને જવામાં તમારું શું સારું લાગવાનું ? માટે શાંતિ-સ્વસ્થતાથી ફેર વિચાર કરો અને અવિચારી પગલું ન જ ભરો.

અનેકની આવી સમજાવટ નિષ્ફળ ગઈ. થોડા જ દિવસો બાદ કેટલાંક ગાડાંઓમાં બધી ઘરવખરી ભરીને જગા પટેલ જાણે સ્વમાનભેર પ્રયાણ કરી રહ્યા હોય, એવા દેખાવપૂર્વક સગાં-વહાલાંઓનાં મોટાં ટોળા સાથે નગર વચ્ચેથી પસાર થતાં થતાં જ્યાં દરબારગઢ નજીક આવ્યા, ત્યાં જ ખુદ ગજાભાઈ દરબાર સામેથી દોડી આવ્યા. એમણે જગા પટેલને ગામ ન છોડવા ઠીક-ઠીક વીનવ્યા. જે રાજ્યાધિકારીઓ સાથે ચડભડ અને બોલાચાલી થઈ હતી, એમને ત્યાં જ હાજર કરીને દરબારે એમને ઠપકોય આપ્યો, એમના વતી દરબારે જાતે પણ પટેલની

માફી માગી. પરંતુ પટેલ તો જાણે હઠે જ ચડ્યા હતા, એમણે તો પોતાનું એ જ ગાણું દોહરાવવાનું ચાલુ રાખ્યું કે, આવા રાજ્યમાં સ્વમાનપ્રિય માણસ એક દિવસ પણ રહી જ કેમ શકે ?

પટેલનો આવો હઠાગ્રહ જોઈને દરબારને એ દિવસો, એ રાત અને ખાડામાંથી ગાડું કાઢવામાં મદદ કર્યાની એ ઘટના યાદ આવી ગઈ. જ્યારે વધુ રાજ્યભાગ ચૂકવવો ન પડે, એ માટે ચોરીનો આશ્રય લઈને રાતોરાત જ અનાજનું ગાડું ગજા ઉપરાંત ભરીને લઈ જતા પટેલ અધવચ્ચે જ ફસડાઈ પડ્યા હતા, ત્યારે ગાડાને બહાર કાઢવામાં દરબારે પોતે મદદ કરી હતી. ચોરીના એ બનાવને દરબારે વર્ષોથી આજ સુધી ગંભીરતાપૂર્વક પેટમાં જ છુપાવી રાખીને પટેલની આબરૂ જાળવી જાણી હતી અને આ ચોરીની કોઈને ગંધ પણ આવવા દીધી ન હતી. પટેલ ગામ છોડીને બીજે જાય, એ દરબારને માટે પણ ઈષ્ટ નહોતું. આમાં એઓ રાજ્યના ગૌરવને પણ કલંકિત થતું જોતા હતા. દરબારને થયું કે, ચોરીની આ વાત કાનમાં કહું અને પટેલ સાનમાં સમજી જાય તો, તો સારું, નહિ તો પછી જેવા ભાવિભાવ !

પટેલને નિર્ણય ફેરવવા મજબૂર બનવું પડે, એ માટેનો છેલ્લો દાવ અજમાવતાં દરબારે કહ્યું : પટેલ ! તમારા મનના માલિક તો તમે જ છો. હું તો તમને માત્ર વિનંતી કરી શકું, હું કંઈ તમને વડોદનો ત્યાગ ન કરવાનો હુકમ તો ન જ કરી શકું. પણ હું એટલું તો જરૂર કહી શકું કે, જો વડોદનો ત્યાગ કરીને જઈ જ રહ્યા છો, તો સ્થિર થવા માટે એવું જ કોઈ ગામ ગોતજો કે, જ્યાંના દરબાર ખાડામાં ખૂંપી ગયેલા ગજા ઉપરાંત ભરવામાં આવેલા અનાજનાં ગાડાંને બહાર કાઢવામાં મદદગાર બની શકે, એવા પરગજુ અને ગંભીરપેટા હોય !

આટલું કહીને દરબારે મુકામમાં જતા રહેવાની તૈયારી કરી, એમનો આ છેલ્લો દાવ એકદમ સફળ નીવડવા પામ્યો. સાનપૂર્વક કહેવાયેલા દરબારના આટલા શબ્દોના શ્રવણથી એમની ગંભીરતા અને પ્રજા-

વત્સલતાનું જે ચિત્ર પટેલના અંતર સમક્ષ ખડું થઈ ગયું, એથી પટેલની આંખ આંસુથી છલબલી ઊઠી. એમને થયું કે, શું એ રાતે મેં જેમની ચોરી કરી હતી, એ દરબાર ખુદ જ મને મદદ કરનારા હતા ! મારી આબરૂને અણદાગ રાખનાર સાગર જેવા ગંભીર આવા દરબાર મને બીજે ક્યાં મળવાના હતા ! આવા દરિયાવદિલ દરબારની વિનંતી પર મારે વિચાર કરીને નિર્ણય બદલવો જ જોઈએ. આવા ગંભીરપેટા દરબાર ધોળે દહાડે દીવો લઈને શોધવા જઈએ તોય મને બીજે ક્યાં મળવાના હતા ! આ દરબારનું દિલ સાચવવા માટે પણ મારે હવે વડોદનો ત્યાગ ન જ કરવો જોઈએ.

જગા પટેલ પોતાના હૈયાને હાથમાં રાખી ન શક્યા, ભાવાવેશની ભરતીમાં તણાઈને પટેલે સીધા જ દરબારના પગ પકડી લીધા. એમની આંખમાંથી અનરાધાર આંસુ વહેવા લાગ્યાં. એમણે ગદ્‌ગદ કંઠે કહ્યું : દરબાર ! સ્વપ્નેય સમજી ન શકાય, એવી આપના જેવી ગંભીરતા અને પ્રજાવત્સલતા મને બીજે ક્યાં મળવાની હતી ! એ રાતના મારા અપરાધની હું ક્ષમા ચાહું છું. વર્ષો સુધી મારી ચોરીને ગુપ્ત રાખનાર આપનું ઋણ હું કયે ભવે ચૂકવી શકીશ ? ક્ષંતવ્ય ન ગણી શકાય, એવો મારો અપરાધ હોવા છતાં હું અત્યારે એને ક્ષંતવ્ય ગણવાની વિનંતી ધિઠ્ઠાઈપૂર્વક કરી રહ્યો છું, આ બદલ પણ હું ક્ષમા ચાહું છું અને આવતા ભવમાં આપના જેવા ધિંગા ધણી જ શિરચ્છત્ર તરીકે મળે, એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

દરબાર અને પટેલની આંખેથી મુશળધાર આંસુ વરસી રહ્યાં. એ આંસુ-ધાર પાછળનું રહસ્ય બે સિવાય કોઈ જ જાણતું ન હતું અને એની જાણકારી બીજા કોઈને મળે, એ દરબારને ઈષ્ટ ન હોવાથી એ રહસ્ય વર્ષો સુધી વડોદ માટે રહસ્ય જ રહ્યું.

## કલ્યાણકારી કમાણી

## ૧૫

સંધ્યાની ફેલાયેલી લાલી ઓગળી રહી હતી અને અંધારાં ધીમે ધીમે અવનીના આંગણે ઊતરી રહ્યાં હતાં. આમતેમ અને આડાઅવળા રસ્તે ચાલીને કોઈક ગામ તરફ જવા ઇચ્છતા બહારવટિયાઓની નજર નજીક દેખાતા એક ગામ પર પડી. બહારવટિયાઓ મોટી મોટી આશા લઈને ધાડ પાડવા નીકળ્યા હતા. રસ્તો ચૂકી ગયેલા તેઓની નજર જ્યાં ગામ પર પડી, ત્યાં જ એમણે પોતાની રીતે પૂછપરછ કરી, તો ગામનું જે નામ સાંભળવા મળ્યું, તે સાંભળીને તેઓ ખુશખુશાલ થતા બોલી ઊઠ્યા : અરે, આ તો અંધારે હાથ નાંખતાં રત્ન-રાશિ મળી ગઈ ગણાય !

હર્ષાવેશમાં આવી જઈને બહારવટિયાઓએ એકી અવાજે પોતાના નાયકને વધામણી આપતાં કહ્યું કે, જોગીદાસ ખુમાણ ! આજે આપણે કોઈ મુહૂર્ત જોઈને નીકળ્યા હોઈશું, એથી ભૂલા પડવા છતાં પણ એવા ગામનો આપણને ભેટો થવા પામ્યો કે, જે ગામમાં ખજાનો ખુલ્લો પડ્યો હોય અને એ આપણને આમંત્રી રહ્યો હોય. આ ગામનું નામ બોડકી છે. બહારવટિયાઓના નાયક જોગીદાસ ખુમાણે આશ્ચર્ય સાથે પૂછ્યું : બોડકી ? આ ગામનું નામ શું બોડકી છે ?

બહારવટિયાઓએ જવાબ વાળતાં કહ્યું કે, ખુમાણ ! નામથી આ

ગામ ભલે રૂડુંરૂપાળું ન ભાસતું હોય, પણ આ ગામમાં ખજાનો ખુલ્લો પડ્યો છે. ખરેખર આપણું ભાગ્ય જ આપણને રસ્તો ભુલાવીનેય અહીં ખેંચી લાવ્યું લાગે છે. સોનારૂપાની ખાણ જેવું આ ગામડું છે.

સોનારૂપાની ખાણ વળી આ ગામડા-ગામમાં ક્યાંથી ? જોગીદાસ ખુમાણના આ સવાલનો જવાબ વાળતાં બહારવટિયાઓએ કહ્યું :

'ખુમાણ ! ભાવનગરના ધણી વજેસિંગની દીકરીનું આ ગામ છે. વજેસિંગ બાપુએ દીકરીને કરિયાવર આપવામાં પાછું વળીને જોયું નથી. થોડા સમય પહેલાં જ હજી લગ્નનો પ્રસંગ ઊજવાયો છે. એ દીકરીને અહીં પરણાવવામાં આવી છે. એથી એનું ઘર સોનાની ખાણ જેવું જ ગણાય ને ? આ ખાણમાંથી જેટલું લેવાય, એટલું લેવાની આવી તક ફરી ક્યારે મળવાની હતી ! માટે આજે તો આપણા ભાગ્ય ખૂલી ગયાં ગણાય.'

આ સાંભળીને કંઈક યાદ આવ્યું હોય, એવી અદાથી જોગીદાસ ખુમાણે સાગરીતોને પૂછ્યું કે, આપણા ધણી વજેસિંગજીની દીકરીને જ્યાં પરણાવવામાં આવી છે, એ બોડકી ગામ શું આ જ છે ?

ખૂબ જ ગંભીરતાપૂર્વક પુછાયેલા આ પ્રશ્નનો જવાબ સાવ જ સાહજિક રીતે વાળતાં બહારવટિયાઓએ કહ્યું : ખુમાણ ! એ જ બોડકી ગામ આ છે, જે ગામમાં વજેસિંગ બાપુની દીકરી પરણાવવામાં આવી છે. એટલે જ તો અમને આજે ભાગ્યદ્વાર ખૂલી ગયેલાં જણાય છે. બાપુએ કરિયાવરનાં ગાડાં ભરતાં પાછું વળીને જોયું નથી. આકડે મધ જેવો આ ખજાનો આપણને એકદમ સહેલાઈથી હસ્તગત થઈ જશે. અમને લાગે છે કે, હવે દિવસો સુધી ધાડ પાડવાની જરૂર જ નહિ રહે. એમ લાગે છે કે, અમૃત-શુભ-લાભ આ બધાં જ ચોઘડિયાંઓ ભેગાં થઈને આપણને આ ગામમાં અનાયાસે ખેંચી લાવ્યાં હોવાં જોઈએ. નહિ તો આમ અંધારે રત્નરાશિ હાથમાં કઈ રીતે આવે ?

બહારવટિયાઓનો આ જવાબ સાંભળીને જોગીદાસ ખુમાણ એકદમ ગંભીર બની ગયા. એકદમ અણચિંતવ્યો, અણધાર્યો અને વિચિત્ર કહી શકાય, એવો નિર્ણય લેતાં એમણે પોતાના સાગરીતોને જણાવ્યું કે, તો તો આ ગામની ધૂળની ચપટીની ચોરી પણ મારે માટે હરામ ગણાય. વજેસિંગજી બાપુ તો આપણા માટે પિતાના સ્થાને ગણાય. એમની દીકરીના આ ગામનો મલાજો આપણે જાળવવો જ જોઈએ. આપણે બાપ તરીકે શિરોધાર્ય ગણીને જેમની આમન્યા પાળીએ, એમની જ દીકરીના ઘરને તો ઠીક, એ દીકરીના ગામ પર પણ કુનજર કરાય ખરી ? માટે ખજાનો ભલે ખુલ્લો રહ્યો અને મધ ભલે આકડે રહ્યું, પણ જોગીદાસ ખુમાણ તરીકે પણ મારે આ ગામમાંથી ચપટી ધૂળ પણ ચોર્યા વિના જ પાછા ફરી જવું જોઈએ. હું બહારવટિયો પછી છું, પહેલાં તો હું સંસ્કૃતિનો સપૂત છું. સોરઠ જેવી ધન્ય ધરતી પર મળેલા જન્મને હું કલંકિત કરવા માંગતો નથી.

જોગીદાસ ખુમાણની આ વાત સાંભળીને બધા જ બહારવટિયાઓને એમ લાગ્યું કે, આ તો બાજી ઊંધી વળી ગઈ. ખુમાણનો લોભાગ્નિ ભડભડ કરતો ભડકી ઊઠે, એ માટે આપણે જે વાતો કરી, એ તો ઉપરથી ખુમાણના અંતરમાં તણખાની જેમ ઝગી રહેલા લોભને પણ સાવ જ ઠારી દેનારી નીવડી. હાથમાં આવેલો ગરાસ લૂંટાઈ જતો હોય, એને બચાવી લેવા માટે ઝાંવા નાંખવા મથતા હોય, એમ બહારવટિયાઓએ ખુમાણને વિનંતી કરવા માંડી : ખુમાણ ! વજેસિંગજીની દીકરીની આમન્યા જાળવવાની વાત તો બરાબર ! પણ આ કંઈ રાણીબાની દીકરી થોડી જ છે ! આ તો એક રખાતની દીકરી છે. રખાતની દીકરીની વળી આમન્યા શાની જાળવવાની ?

'રખાતની દીકરી' તરીકેની નબળી કડી ઉપરાંત બીજી એક લોખંડી-કડીની રજૂઆત કરતાં બહારવટિયાઓએ વધારામાં કહ્યું કે, આપ જેને બાપુ અને ધણી તરીકે બિરદાવી રહ્યા છો, એ ભાવનગર-રાજ્ય તો

આપને ખૂંખાર શત્રુ ગણે છે અને આપને પકડી લાવનાર માટે એણે મોટું ઈનામ પણ જાહેર કર્યું છે. આ મુદ્દો બહુ મહત્ત્વનો ન હોવા છતાં પણ ભૂલવા જેવો તો નથી જ.

વળતી જ પળે જોગીદાસ ખુમાણની નસમાં વહેતું લોહી બોલી ઊઠ્યું કે, ગાંડાઓ ! રખાતની દીકરી હોવા છતાં લોહી તો આપણા ધણી વજેસિંગજીનું જ ને ? માટે ફરી વાર આવી અજુગતી વાત કરશો નહિ અને આવું અઘટિત વિચારશો પણ નહિ, હું હુકમ કરું છું કે, આ ગામમાંથી ચપટી ધૂળ જેટલી પણ ચોરી કર્યા વિના આપણે હમણાં જ ચાલ્યા જવાનું છે. બાપુની આમન્યા જ મારે મન મોટી મૂડી છે. આ મૂડીને ગુમાવ્યા બાદ લાખો-કરોડોનો ખજાનો પણ મળતો હોય, તો મારે મન એ ધૂળ બરાબર છે. મારી દૃષ્ટિએ આજે આ ગામમાંથી ખાલી હાથે જવા છતાં આપણે મર્યાદાની મોટી મૂડીનો ખજાનો હસ્તગત કરીને જઈ રહ્યા છીએ, આનો આનંદ આપણે જીવનભર માણી શકીશું. રાજ્યને રંજાડનારને શિક્ષા કરવી એ રાજધર્મ છે. માટે મને પકડવા માટે ઈનામ જાહેર કરીને બાપુએ કશું જ ખોટું કર્યું નથી. આ દૃષ્ટિએ બાપુ ભલે મને શત્રુ ગણે, પણ મારે તો આમન્યા જાળવવી જ જોઈએ. એથી કંઈ આમન્યા-ભંગ કરવાની મને છૂટ મળી જતી નથી.

હવે તો કોઈની એ તાકાત ન હતી કે, જોગીદાસ ખુમાણના હુકમની ઉપરવટ જઈને કાણી કોડીનેય હાથ લગાડી શકે. વળતી જ પળે જોગીદાસ પોતાના સાગરીતો સાથે બોડકી ગામનો ત્યાગ કરીને ચાલતા થયા. બહારવટિયાઓની વાત સાચી હતી, કારણ કે આ બોડકી ગામ વજેસિંગજીની રખાતની દીકરીનું ગામ હતું. પોતાની રખાતની દીકરીને ધ્રાંગધ્રા તરફના એક ભાયાત સાથે પરણાવીને બોડકી ગામ કાપડા તરીકે વજેસિંગે દાનમાં આપ્યું હતું. આ રીતે બોડકી રખાતની દીકરીનું જ ગામ થતું હતું, પણ જોગીદાસ ખુમાણની વાત પણ એટલી જ સાચી હતી કે, રખાતની એ દીકરી અંતે બાપુના લોહીથી રંગાયેલી/પોષાયેલી હોવાથી

રાણીબાની દીકરીની જેમ જ એની આમન્યા જળવાવી જ જોઈએ.

બોડકી ગામનો ત્યાગ કરીને જોગીદાસ ખુમાણ જ્યાં બહાર આવ્યા, ત્યાં જ એમના મનમાં એક એવો વિચાર આવ્યો કે, બાપુ વજેસિંગની દીકરીના ગામમાં હું આવ્યો, અને એ દીકરીને કંઈ જ આપ્યા વિના હું જતો રહું, એ મને શોભે ખરું ? પોતાનાં ખિસ્સાં તો ખાલીખમ હતાં, એથી એમણે સાગરીતોને ગામ બહાર જંગલમાં ઊભા રાખીને પૂછ્યું કે, કોઈની પાસે થોડીઘણી રકમ હાથવગી છે ખરી ?

બહારવટિયાઓના મનમાં હજી પણ લૂંટ ન થઈ શક્યાનો વસવસો ટળવળી જ રહ્યો હતો. ખુમાણનો આ પ્રશ્ન સાંભળતાં જ એ વસવસો ખુલ્લો થવા ઝાંવા નાંખી રહ્યો. બહારવટિયાઓએ કહ્યું : ખુમાણ ! આકડે મધ હાથવગું બન્યું હતું. પણ આપે દીકરીનું સગપણ આગળ કર્યું, એથી હાથમાં આવેલી તક સરી ગઈ. જો આ તક સાધી લીધી હોત, તો તો આજે અત્યારે થોડી રકમ માટે કોઈનું મોં જોવાનો વખત ન આવત. તો આપણો સૌનો ખજાનો સોનામહોરોથી છલકાતો હોત. પણ આ તક તો આપણે હાથે કરીને ગુમાવી દીધી. અત્યારે તો અમારાં બધાનાં ખિસ્સા સાવ ખાલીખમ છે.

જોગીદાસ ખુમાણને તો કોઈ વસવસો પીડતો નહોતો. એઓ તો અંતરના ખજાનાને ઊભરાતો અનુભવી રહ્યા હતા. એમણે કહ્યું : વસવસો કરવાનો આ વખત નથી. આ તો અંતરનો ખજાનો ઊભરાઈ ઊઠ્યાનો આનંદ અનુભવવાનો અણમોલ અવસર ગણાય, બાપુ વજેસિંગની દીકરીની આમન્યાની જાળવણી કરવા દ્વારા આપણે જે કમાયા છીએ, એનું મૂલ્ય લાખો-કરોડોમાં અંકાય, એવું મામૂલી નથી. માટે આપણે આજે કંઈક ખોઈને નહિ, પણ ઘણું ઘણું કમાઈને જઈ રહ્યા છીએ. બાપુની દીકરીની આટલી આમન્યા જળવાઈ એનો મારે મન અખૂટ આનંદ છે. પણ આટલી આમન્યા જ પૂરતી નથી, દીકરીના ગામમાં

આવીએ અને દીકરીના હાથમાં કશું જ આપ્યા વિના ચાલ્યા જઈએ, તો દીકરીને એવું દુઃખ થાય કે, વજેસિંગજીને પિતા તરીકે સ્વીકારનારા ખુમાણ આ દીકરીના ગામમાં આવ્યા અને શું દીકરીને મળ્યા વિના જ ચાલ્યા ગયા ! દીકરીના ગામને ન લૂંટવાની આમન્યા જળવાઈ એનો આનંદ છે, પણ દીકરીના હાથમાં કશુંક ભેટ ન ધરી શકાયાનું દુઃખ હોવાથી જ આટલું પૂછવું પડે છે કે, કોઈના ખિસ્સામાં કંઈ છે ખરું !

ખુમાણની ખમીરીભરી આ વાત સાંભળીને બહારવટિયાઓ પણ પ્રસન્ન પ્રસન્ન બની ઊઠ્યા, છતાં ખિસ્સાં ખાલી હોવાથી થોડી પણ રોકડ રકમ ખુમાણના હાથમાં સમર્પિત કરવા સૌ અસમર્થ હતા. છતાં સૌએ ખુમાણને કહ્યું કે, આપની વાત સાવ સાચી છે. ખરેખર આપણને ઘણી ઘણી કમાણી આ ગામે કરાવી આપી છે. આ કમાણી એવી કલ્યાણકારી છે કે, જે જીવનભર કામ લાગ્યા જ કરે, છતાં ખૂટે નહિ, વધ્યા જ કરે.

મનોમન કોઈ સંકલ્પ કરી લઈને જોગીદાસ ખુમાણ પોતાના માર્ગે આગળ વધી ગયા. બે-ત્રણ દિવસ બાદ એ સંકલ્પની સિદ્ધિરૂપે બોડકી ગામનો કોઈ સંગાથ ગોતી કાઢીને એના હાથમાં થોડીક સોનામહોરો સાથે એક સંદેશ-પત્ર એ જોગીદાસ ખુમાણે વજેસિંગની એ દીકરી પર પાઠવ્યો, જેમાં લખ્યું હતું કે, થોડા દિવસ પૂર્વે બોડકી ગામે આવવાનું બન્યું હતું. જેને ધણી તરીકે શિરોધાર્ય કરીએ છીએ, એ વજેસિંગજીની દીકરીના હાથમાં કંઈક ધરવું જોઈએ, પણ ત્યારે સંજોગો સાનુકૂળ નહોતા, એથી હવે આજે આ સાથે ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે થોડુંક પાઠવી રહ્યો છું. જેનો સ્વીકાર કરવા વિનંતી. આજ પછીની આવતીકાલ એવી ભવ્ય ઊગે કે, તમારું સાક્ષાત્ દર્શન કરવાની તક મળે.

લિ. જોગીદાસ ખુમાણ.

સોનામહોરોની સાથે આ પત્ર જ્યારે બોડકીગામમાં પહોંચ્યો,

ત્યારે રખાતની દીકરી હોવા છતાં વજેસિંગજીના લોહીના સગપણે જ અદ્ભુત ચમત્કાર સરજ્યો, એના વિચારમાં ખોવાઈ ગયેલી એ દીકરી ઉપરાંત આખા ગામની સમક્ષ જોગીદાસ ખુમાણનું એવું ભવ્ય-ચિત્ર ઊપસી આવ્યું કે, જેમાં બહારવટિયાના રૂપે નહિ, પણ બહાદુર-બિરાદરના સ્વરૂપમાં જોગીદાસ ખુમાણનાં દર્શન થતાં હતાં. આ ઘટનાની જાણ થતાં ભાવનગર રાજ્ય પણ કોઈ નવા જ સ્વરૂપમાં જોગીદાસ ખુમાણનું દર્શન કરી રહ્યું !




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

पंचाचारपवित्ते विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ।
परउवयारिक्कपरे निच्चं जाएह सूरिवरे ॥

પંચાચારથી પવિત્ર વિશુદ્ધ, સિદ્ધાંતની દેશનાથી યુક્ત પરોપકારમાં તત્પર એવા સૂરિભગવંતોનું નિત્ય ધ્યાન કરવું જોઈએ.

– સિરિસિરિવાલકહા



ગગન જેવા વિરાટ

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત